


હરગૌરીઃ શિલ્પઃ શકુન્તલા દીવાન

૨૩૧

કુમાર

આદ્યતંત્રી · રવિશંકર રાવળ

આવતી કાલનાં નાગરિકોનું પત્ર

વર્ષ ૨૦મું · અંક ૩જો માર્ચ ૧૯૪૩

સંપાદક · બચુભાઈ રાવત

કુમાર
માર્ચ ૧૯૪૩
અંક ૨૩૧
અનુક્રમ

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

મુદ્રક·બચુભાઈ રાવત. પ્રકાશક · રવિશંકર મહાશંકર રાવળ, કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય, ૧૪૫૪ રાયપુર અમદાવાદ. વાર્ષિક રૂા. ૬, બ્રહ્મદેશના રૂા. ૬।।, પરદેશના ૧૨ શિ., છૂટક દસ આના. મુંબાઇમાં : કુમાર ઑફિસ, ૧૩૬-૧૪૨ મેડોઝ સ્ટ્રીટ; આર. આર. શેઠની કં. અથવા રાવળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ; વડોદરામાં : નૂતન ફોટો સ્ટુડિયો, રાવપુરા





કેશગુંફન (ડ્રાઇપૉઇન્ટ) ચિત્રકાર · યજ્ઞેશ્વર શુક્લ

ગરબા-નૃત્ય ચિત્રકાર · હીરાલાલ પટેલ

મુંબાઈના 'ગુજરાત કલા મંડળ'ના આ વર્ષના વસંત-પ્રદર્શનમાં રજૂ થએલી બે કૃતિઓ.



ચરગ (બાજ) ચિત્રકાર • સોમાલાલ શાહ (ના૦ ધર્મકુમારસિંહજી સાહેબ–ભાવનગર–ના સૌજન્યથી)

હરણ ઉપર પણ ઊતરતો હોવાથી એને 'હારણી ચરગ' પણ કહે છે. સિન્ધમાં સ્થળે સ્થળે નજરે પડતો આ બાજ આપણે ત્યાં માત્ર શિયાળાની મોસમમાં કાઠિયાવાડમાં ક્યાંકક્યાંક જોવામાં આવે છે. એની પૂંછડીમાંના લંબગોળ ચાંદલાથી એ ઝટ ઓળખાય છે.

ઇંધન દે!

• મિશ્ર •

છે દુઃખનો સાગર જો તરી જવો
લોભાવતા કાં સુખના તરાપા?
આશાતણી આજ પ્રફુલ્લ પાંદડી
નૈરાશ્યથી પિંગલ થાય કાલે;
શેં ઝૂરવું ચાતકઝૂરણોમાં?
દયામણી આતુરતા અસહ્ય એ.

કો દુઃખના ધોમમહીં ધખ્યા પછી
ભીનું બને જીવન આ જયોન્મુખી;
એ તાપ ને ઝર્મરમાં ભમીભમી
આ પંથ શો પંકિલ કાપવાનો?

પરાસ્ત આ કલાંત મનોદશાને
દે આખરી ઇંધન એક એવું
કે ગૂંગળાઈ, લખ પાશ તોડી
વીંઝી રહે મારગ આપમેળે.

વેણીભાઈ જ. પુરોહિત

અવળા કીમિયાગરોને

• પૃથ્વી •

પરિગ્રહ કરો સુખે!
જીવનમંજૂષા કુંદને જડો, રતન દીવડે
હૃદયદીપ ઝાંખો કરી;
અને વિવશ આત્મનાં વિરલ દિવ્ય માણિક્યનાં
શુચિ કિરણ છાંદી દ્યો સરસ ઢાંકણે સ્વાર્થના.
પરિગ્રહ કરો સુખે!
જન વિરાટને ઝૂંપડે ભરી દુઃખદ યાતના
અટલ દૈન્ય ઝંઝાનિલો,
મઢો નિજ અટારીઓ કનકની કમાનો રચી!
ઝુલી શું શકશો તમે મરુભૂમિ વસાવી અહીં?
પરિગ્રહ કરો સુખે
સકલ જ્ઞાન-સામર્થ્યનો! બનાવી જનમાત્રને
મનતણા મહા પંગુઓ;
અને પ્રથમ દોડી લ્યો શરત સદ્ય પાંડિત્યની;
ભલે પૂંઠ પડી અફાટ વણઝાર અજ્ઞાનની!
પરિગ્રહ કરો સુખે
સકલ વિશ્વસત્તા તણો, છકાવી નિજ બાહુને!
પ્રલયના મહામુખમાં ભરો રજરજે પદો
વહી જ ભાર ઐશ્વર્યનો
ધકેલી મનુકુલને યુગ-પ્રણાશની ખીણમાં.
પરિગ્રહ કરો સુખે!
જીવનના મહા રત્નના બનાવી દઈ કોલસા,
મનુજશ્રેયને બાળવા!

રતિલાલ છાયા

શું રે ગાઉં ને શું ન ગાઉં

હાં રે આજ શું રે ગાઉં ને શું ન ગાઉં
વેણે વેણે અટકાઉં આજ૦

આકાશી નૂર ને
સાગર ના સૂર જે,
નૂરે એ સૂરે તણાઉં........આજ૦

જોઉં ધરતીની કાય,
તેજે-તિમિરે સુહાય;
એના રૂપે મોહી જાઉં......આજ૦

આવે સહુ ઋતુ જાય,
ગીતો એ કૈંક ગાય,
કોનાં રાખું ને કોનાં ગાઉં.....આજ૦

માનવતા શોક-સુખે
મનડું આ મારૂં ઝૂકે,
આંસુ ઢળે-હસી જાઉં......આજ૦

પ્રહ્લાદ પારેખ

શેરીદીવો શુદ્ધ આપે પ્રકાશ,
કાળા કાચે તો ય તે ઝંખવાય;
તેવો આત્મા પ્રોજ્જ્વલંત પ્રકાશે
અહંતાથી આવર્યો ઝંખવાય.

તનસુખ ભટ્ટ

સામયિક ચિંતન

આપણે શું ગુમાવ્યું છે?*

આ સવાલનો જવાબ પ્રત્યેક ભારતવાસી જુદીજુદી મતિથી વિચારશે. કોઇને લાગશે કે આપણે રાજકીય સ્વાધીનતા ગુમાવી છે, કોઇને લાગશે કે આપણે આર્થિક સ્વાતંત્ર્ય ગુમાવ્યું છે, કોઇને થશે કે આપણે પરદેશના સંબંધો ગુમાવ્યા છે. પરંતુ ભાગ્યે જ કોઇને એમ જણાશે કે આપણે ભારતીય તત્ત્વો જ સમૂળગાં ગુમાવ્યાં છે. છતાં એ વાત ખરી છે કે, આપણે જીવનના પ્રત્યેક અંગમાં, પ્રત્યેક સ્વરૂપમાં, પારકી દોરવણી અને પારકા અભિપ્રાયોની છાયામાં જ જીવી રહ્યા છીએ અને એ સ્થિતિનો પ્રતિકાર કરવાની લેશ પણ વૃત્તિ ગુમાવી બેઠા છીએ.

રાજકીય સ્વાધીનતા તો દૂર રહી, પણ આપણાં પોતાનાં બાળકોને, ખીસાનાં નાણાં આપતાં યે ભારતની સંસ્કૃતિનું દર્શન કરાવી શકીએ તેમ નથી. એમની નિશાળો, એમનાં પુસ્તકો, એમના મેળાવડા, રમતો અને છેવટ આનંદોની યોજના અને ઉપક્રમ બધાં જ એવાં છે કે તેને ઉત્તમ સંગીત, સ્થાપત્ય કે પ્રાચીન સાહિત્યનો પરિચય કરવાની તક યા તાલીમ ન જ મળી શકે; કારણકે મૂગે મોઢે આ સ્થિતિ નભાવી લેનારા વિદ્વાનો, અધ્યાપકો અને માતાપિતાઓથી વસતિપત્રકભરપૂર બની ગયું છે. આવતી પેઢીને સંસ્કાર આપવાની અને જ્ઞાન પ્રસારવાની ગમે તેટલી ફાંકી ધગશ અને પ્રયત્નો યુનિવર્સિટીના હશે, છતાં એકલાં પુસ્તકો પાછળજ મચ્યા રહેવાને પરિણામે આપણે મનુષ્યસર્જિત શ્રેષ્ઠ સંસ્કાર, પ્રેરક દૃશ્યો તથા કળાઓ દ્વારા મળતા પ્રકાશ અને આનંદ ગુમાવી બેઠા છીએ.

કેળવણીનો વ્યાપક અર્થ સંસ્કાર અને સૌંદર્યબુદ્ધિની જાગૃતિ, એમ જેઓ સ્વીકારતા હશે તેઓ શિલ્પ, ચિત્રકળા, મહાલયો અને કુશળ હાથે રચાએલી, વિવિધ સુચન કરતી ચિત્રભાતો કે ચિહ્નોને નહિ અવગણી શકે. માનવજાતિની મહાપ્રેરણાદાયી કૃતિઓમાંથી અર્થોઅર્થ તો રૂપ, રંગ કે રેખાઓનાં મંડળોમાં અને આકૃતિઓના મહાભંડારમાં કવિતા સમી લહેરાતી પડી છે. તેનો અભ્યાસ, આદર કે ચિંતન આપણી તરુણ પ્રજાના જીવનમાંથી સમૂળગાં દૂર રાખી, વર્ષો સુધી વાંચેલા જ્ઞાનની ગોખણપટ્ટી ઉપર જ સંસ્કારછાપ આપનાર સમાજે શું કશું યે ગુમાવ્યું નથી?

બારમા સૈકામાં પંડિતવર્ય હેમચંદ્રાચાર્યે પાટણના રાજાધિરાજ પાસે રહી મહાન રૂપસુંદર મહાલયો, ઉપાશ્રયો અને મંદિરો કરાવ્યાં હતાં આજે ક્યા વિદ્વાને, પ્રિન્સિપલે કે પ્રધાને પોતાના દેશમાં અમર બને એવું નિર્માણ કરાવ્યું? મહાલયના દર્શનમાં ભાવનાઓનું દર્શન વ્યક્ત થાય છે. આપણી આજની કઇ કૉલેજનું મહાલય એકાદ ભાવસ્વરૂપનું માન લઇ જાય એમ છે?

ગુજરાતને શ્રીમંતો અને શ્રીમંતાઇની કદી ખોટ નથી પડી. પણ પાટણના મંત્રીશ્વરોએ આબુ-દેલવાડામાં જે સંસ્કારસમૃદ્ધિના નમૂનાનો વારસો આપ્યો છે, તેવું આજની શ્રીમંતાઈ નહિ કરી શકે તો, કાળની ધૂળ તો જગતના સમ્રાટોને પણ છાવરી દઈ શકે છે. શ્રીમંતાઈ કેમ અમર થાય એ શીખવનાર સંતજનો કે આચાર્યો આજે નથી, એટલે જ આજની શ્રીમંતાઈ કેવળ ભાડૂતી ઠાઠ અને નકલી સાજ ઉપર જીવનના ભોગ ભોગવવામાં જ લીન બની છે. એ સાજ અને ભોગમાં નથી પોતાની ઊર્મિ, નથી પસંદગી કે નથી ભોગવવાની કળા. સ્ટીમરો લાંગરે, અને જે કૈં નવું તૂત લેતી આવે તેને આ શ્રીમંતાઇ આવકારે; એ જ તેનું ગૌરવ.

હિંદુસ્તાનના માનવીઓને આંગળે આંગળે સર્જના હતી, કામ કરી બતાવવાની શક્તિ હતી. મુગલ સમયનાં ભરતકામ, રાજપુત યુગનાં વસ્ત્રોની કેળા, પાઘડીઓ, બેઠકો, જડતરકામો, લોટા, પ્યાલા તેમજ વિવિધ પાત્રોમાં દેખાતી લાવણ્યમયી રેખાઓ અને રંગાટની કવિતાભરી ચૂંદડીઓ તથા સાડીઓ એ બધાંને આજે મ્યુઝિયમના નમૂના માત્ર બનાવવાનું પાપ કોને શિરે જાય છે?

પ્રાતઃકાળે દશાનમરાણનાં સ્તોત્ર કે માનવૈતાલિકો ઘરઘરથી ગાજતાં, અને માણસ મનને સ્વસ્થ કરી, તનની સ્વચ્છતા તથા વસ્ત્રની સફાઈ કરવામાં પરિશ્રમને તંદુરસ્તીનું સાધન માનતો; તેને સ્થાને આજે તે કેમ સૂર્યોદય પછી ઊઠતાં ઘુસ્કાં, ચુંજેલી આંખો અને ઘોઘરા સાદે જગતમાં વ્યાકુળતા અને વિરોધ નેતો જ ઊભો છે? એના જીવનનો

> **નસીબ તો અશ્વ જ લાકડાનો,**
> **સ્વયં હલી કે ચલી યે શકે ના;**
> **હલાવ તારા પગ તું સવાર થૈ;**
> **તને લઈ વેગથી દોડશે, હા!**
>
> રમણલાલ સોની

તાલ બેઠો નથી, એને મનની કે સ્વરની સુરાવટ મેળવતાં આવડી નથી; તે કુટુંબ કે સમાજમાં શી રીતે આદર અને આનંદનો અવતાર બની શકે?

એનું જીવન-શિક્ષણ જ એવું છે. સ્વરના આંદોલનો કે અનુકંપનો તેના પાઠ્ય પુસ્તકમાં કે શાળામાં નથી. મનોરમ ચિત્રાવલિથી પ્રત્યક્ષ થતી માનવકથાઓ કે દૃશ્યો તેને જોવાને મળ્યાં નથી. ઘર આગળ કે શાળાના આંગણે તેને સુરચિત શોભાયમાન દ્વારદેશો કે શિલ્પસ્વરૂપોથી વંચિત રાખ્યો છે. અક્ષરોના ચિરપરિચયથી દૂર નજર ફેંકવાની શક્તિ તેણે ગુમાવી છે અને કુદરતની પળેપળ બદલાતી નવીનતાઓ તે અવલોકી શકયો નથી. આજના માનવીનું જ્ઞાન તેના કબાટમાં ભરેલાં પુસ્તકોમાં છે. તેણે તો એનો કુંચીઝુંડો સાચવી, ખોરાક, કપડાં અને આરામ પૂરતું ભાડું લઇ સંતોષ માન્યો છે.

તેણે શું ગુમાવ્યું?

તેનો કોઇ ભારતીય પૂર્વજ અંગત નિત્યકર્મથી પરવારી કોઇ સુંદર દેવમંદિર કે આશ્રમ તરફ આંટો મારી આવે છે. તેને રોજના પરિચિત જનોનો રસ્તામાં ભેટો થાય છે. સામસામા વિનયવ્યવહારથી તે સમાજનો પરિચય દૃઢ કરે છે. તેની આંખ નરનારીઓનાં વિવિધ સ્વરૂપો અને હલનચલનનું માધુર્ય પામે છે. કાન ચારે પાસનાં ગીતો કે વાદ્યોથી તૃપ્તિ અનુભવે છે. ઝરૂખા અને તોરણો, ભીંતચિત્રો અને અભિચિત્રો નીરખતો એ નિત્ય જીવનમાં ઉલ્લાસ અનુભવે છે. એમ આસપાસની સૃષ્ટિથી ઉલ્લાસિત પ્રેરિત, ધીર પ્રકૃતિવાળો એ નાગરિક પોતાના ધંધાનું કામ કરવા સાથે જન્મસંસ્કારનાં જેવાં કે દયા, દાન ને પરોપકારનાં કામ પણ કરતો જ જાય છે. કુટુંબ અને વ્યવહારથી વિમુખ બનતો નથી. પોતાનાં સુખદુઃખના લહાવા પણ તે ઊર્મિના રંગથી ભોગવે છે. તેનું અંતર આસપાસના

* મુંબાઇના શ્રી મહાવીર જૈન વિદ્યાલયના રજતમહોત્સવ ગ્રંથ માટે મૂળ લખેલો લેખ.

સમાજસંબંધો અને વ્યવહારમાં બંધાયેલું જીવન એવી રહે છે. ચડતીપડતી, સ્પર્ધાઓ, આપત્તિઓ કે ઉત્સવો તેને મન જીવનસાગરની લહેરો લાગે છે. દુનિયાપાર કીર્તિ કરકરવાનો લોભ તેને હોય તે કરતાં દુનિયાપાર વહેવાર બાંધવાનો તે વધુ ઇંતેજાર જણાય છે. તેની મહત્ત્વાકાંક્ષા શાંત, સ્વસ્થ મૃત્યુ મેળવવાની હોય છે.

મનુષ્યની પ્રકૃતિ ઉપર આવી અસર કરનારાં એ કાળનાં વ્યવહારો કે બળોનો વિચાર કરીશું તો લાગશે કે જીવનને એક લયમાં ઉતારવા માટે, તાલબદ્ધ ગતિ આપવા માટે, શ્રુતિ સ્મૃતિ અને દર્શન દ્વારા સૌંદર્યબુદ્ધિ જગાડનારાં તત્ત્વોનો આદર એ કાળે સમાજના પ્રત્યેક કાર્ય અને પ્રવૃત્તિમાં વ્યાપક હતો. એ આપણે સ્વીકારીએ તો આપણે આજે શું ગુમાવ્યું છે તે સમજતાં વાર નહિ લાગે. આપણે દૃષ્ટિનો, શ્રુતિનો અને વાણીનો સૌંદર્યપ્રદેશ ગુમાવ્યો છે. રૂપસાગરની લીલાઓ, સ્વરજગતનાં ધ્વનિકંપનો અને અનેકવિધ કલાઓ વગર આ પાણી શિક્ષા જીવનને શું આપી શકશે? જીવનનો અર્થ ક્યાંથી પ્રકટશે?

ર. મ. રા.

આ અંકનું મુખચિત્ર ને એના કલાકાર

● કલાકાર ભાઈ સોમાલાલ શાહનો ખરો પરિચય હજુ ગુજરાત પામી શક્યું નથી. એક સાચા કલાભક્તની પેઠે તેમણે ક્ષણિક પ્રચારકાર્યની કીર્તિની લેશમાત્ર પરવા ન કરતાં પોતાના એકાંતમાં રંગ અને રેખાની શુદ્ધ ઉપાસના દ્વારા જે સિદ્ધિ મેળવી છે, તેના ખરા નમૂના તો તેમણે ભાવનગરના ના૦ મહારાજા માટે કરેલાં પક્ષીસમુદાયનાં ચિત્રો છે. આ અંકનું મુખચિત્ર તેમાંનો એક નમૂનો છે. પક્ષીનું સૌંદર્ય ને કુદરત સાથેનો તેનો સંબંધ સમજવા તેમણે શ્રી પદ્મભાઇ જેવા પક્ષીવિશારદનો નિકટ સમાગમ સાધીને, સૂક્ષ્મ અવલોકનપૂર્વક, પક્ષીઓનાં અંગવૈશિષ્ટ્ય, રંગવૈવિધ્ય અને તેમના પૃષ્ઠભાગની કુદરત જે ચીવટ અને અચૂક ઝીણવટથી આલેખ્યાં છે તે જ્યારે નિસર્ગપ્રેમીઓ ને જગતનાં કલાકાર મંડળો જોશે ત્યારે શ્રી સોમાભાઈનું સાચું મૂલ્યાંકન થશે અને તેને જગતવ્યાપી કીર્તિ વરશે. ભાવનગરના સુજ્ઞ કલાપ્રેમી નરેશ અને તેમના રાજવી બંધુઓએ આ રીતે એક કલાકારને અપનાવી ભાવનગર રાજ્યની પક્ષીસમૃદ્ધિને ચિત્રસૃષ્ટિમાં અમર કરી છે અને કલા તેમજ પ્રકૃતિવિજ્ઞાનને અમૂલ્ય ફાળો આપ્યો છે. —ર.



સ્વ. જયકૃષ્ણ નાગરદાસ વર્મા

● રણજીતરામ યુગના ગુજરાતની અસ્મિતાના પૂર્ણ ઉપાસક, અને ગુજરાતના સ્ત્રીજીવનના ઉત્કર્ષ તથા સામાજિક ઉત્ક્રાન્તિ માટે સતત ચિંતન કરનાર સદ્‌ગત શ્રી જયકૃષ્ણભાઇ એક સારા બૅરિસ્ટર હતા, સન્મિત્ર હતા અને છેલ્લાં વર્ષોમાં લુણાવાડા સ્ટેટના દીવાનપદે હતા. એ પદની જવાબદારીઓ ને ચિંતાઓએ એમના આરોગ્ય પર અસર કરી હોય એ સંભવિત છે. હમણાં થોડા રોજ પર એમનું અવસાન થયું. 'ગુણસુંદરી' માસિકને પોતાને જોખમે ચલાવી, ચાલુ રાખીને લોકપ્રિય બનાવવાના પ્રયત્નનો યશ એમનો છે. એમનું આયુષ્ય લંબાયું હોત તો ગુજરાતને તેમનાં જ્ઞાન ને પદવીનો વિશેષ લાભ મળત. એમના આત્માને શાંતિ હો. —ર.

દી.બ. કૃષ્ણલાલ મો. ઝવેરીને એમના જીવનની પોણી શતાબ્દી નિમિત્તે અભિનંદન

● તરુણ વયે વાચનનો શોખ પાકવાને અંતે ગુજરાતી સાહિત્ય અને તેના ઈતિહાસ વિષે જાણવાની જિજ્ઞાસા જાગૃત થઈ, તે બે વસ્તુઓએ સંતોષેલી: શરૂઆતમાં, એક સાહિત્યસંગ્રહની સ્વ. રણજીતરામે લખેલી મનાની પ્રસ્તાવનાએ; અને પછી, ખરી તો, 'માઈલસ્ટોન્સ ઇન ગુજરાતી લિટરેચરે.' ત્યારથી એના લેખક દી. બ. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીનું નામ મનમાં આદર સાથે અંકાએલું.

તે પછી થોડા કાળે જૂનાં પુસ્તકો વેચનારને ત્યાંથી એમનું લખેલું 'દયારામ અને હાફેઝ' હાથ લાગ્યું. એણે એમના ફારસીના ઊંડા અભ્યાસ અને તુલનાત્મક વિવેચનશક્તિની વિશેષ જાણ કરાવી. પછી તો જતે દહાડે 'કૃષ્ણચરિત્ર', 'મીરાંતે આહગદી' વગેરે પણ હાથમાં આવી ગયાં; અને છેક



દી. બ. ઝવેરી

લાઠી સાહિત્ય સંમેલન પ્રસંગે સ્કેચ: ર. મ. રા.

હમણાં પાટણમાં મળેલા "હૈમસારસ્વતસત્ર" પ્રસંગે એમના વત્સલ સૌજન્યની મીઠી છાયાનો લાભ પણ મળ્યો.

K. M. J. ની સહીથી આજ ૩૫-૩૭ વર્ષથી 'મૉડર્ન રિવ્યૂ' દ્વારા બીનગુજરાતી જગતને ગુજરાતી પુસ્તકોની સ્વસ્થ શૈલીની પરિચયરેખા આપનાર એ પીઢ ને ગૌરવશીલ વિદ્વજ્જનને પોણોસો વર્ષ પૂરાં થયાનો ઉત્સવ મુંબાઈએ હમણાં ઊજવ્યો. (ઈ. ૧૮૬૮ના ડિસેમ્બરની ૩૦ મીએ, સંવત ૧૯૨૫ના પોષ વદ ૧ના રોજ એમનો જન્મ) આ પ્રસંગે એમના શુભારોગ્ય અને ચિરાયુ માટે 'કુમાર'નું હાર્દિક અભિનંદન છે.

ગુજરાતી સાહિત્યની ઇતિહાસરેખા આંકતા 'માઈલ સ્ટોન્સ ઈન ગુજરાતી લિટરેચર'નાં એમનાં એ બે વિખ્યાત અંગ્રેજી પુસ્તકો ઉપરાંત ત્રીસેક જેટલાં પુસ્તકોનો ગુજરાતી સાહિત્યમાં એમણે ફાળો નોંધ્યો છે. ગુજરાતી સાહિત્ય પરિષદના એ પ્રખર હિમાયતી છે ને લાઠીમાં ભરાએલી ૧૦મી ગુજરાતી સાહિત્ય પરિષદનું પ્રમુખપદ એમને અર્પાએલું. મુંબાઈના વરિષ્ઠ ન્યાયાલયના ન્યાયાધીશ તરીકે એ ભદ્ર ગુજરાતીએ લાંબા કાળ સુધી આપેલી સેવાઓએ તો ત્યાંની જનતામાં આદર અને પ્રેમ પ્રાપ્ત કર્યા છે; અને આજે પણ સાહિત્ય અને સંસ્કારની તેમજ જાહેર હિતની અનેકવિધ સંસ્થાઓનાં સુકાન એમને હાથ સોંપાય છે. મુંબાઇ યુનિવર્સિટીના ફેલો હોવા ઉપરાંત એની અભ્યાસક્રમ સમિતિ જેવી અનેક કારવાઇઓના તેઓ અગ્રણી છે આજે જીવનની પોણી શતાબ્દીએ પણ એમનાં આરોગ્ય અને મન પૂર્ણપણે પ્રસન્ન અને સ્વસ્થ છે એ ઇશ્વરી કૃપા માટે ધન્યવાદ સહ અમારી પ્રાર્થના છે કે તેઓ પોતાના સમાગમનો લાભ ગુજરાતને આપવા દીર્ઘાયુ થાઓ. —બ.

શક્તિ · પ્રગતિ · સમૃદ્ધિ

હિંદના આર્થિક નવનિર્માણનો એ મંત્ર આપનાર મંત્રદ્રષ્ટા



ઔદ્યોગિક અર્થશાસ્ત્રી અને પ્રતિભાવાન ઇજનેર

સર મોક્ષગુંડમ્ વિશ્વેશ્વરય્યા

સુકલકડી છતાં રૂઆબદાર દેહયષ્ટિ, વિશાળ ભાલપ્રદેશ, ઊંડી છતાં ચમકદાર આંખો અને સાદા છતાં સફાઈબંધ પોશાકમાં સજ્જ થએલા, કોઈ પાતળિયા, અને ૮૨ વર્ષની વયે પણ એકાદ તરુણ સમો તરવરાટ દાખવતા વૃદ્ધને. ફાઇલો અને નોટો, પુસ્તકો અને અહેવાલોના ગંજ વચ્ચે દટાએલા રહીને ચિંતનમગ્ન બની ગએલા જોવાનું સદ્‌ભાગ્ય ક્યારેક પણ તમને મળે તો માનજો કે હિંદની એક મહાન વિભૂતિનો તમે સાક્ષાત્કાર કરી રહ્યા છો.

એ સુકલકડી દેહમાં વસતા જેના ભેજાની અમેરિકાએ માગણી મૂકી છે તે સર મોક્ષગુંડમ્ વિશ્વેશ્વરય્યા હિંદની માત્ર ઈજનેરીની જ નહિ પણ અર્થશાસ્ત્રથી માંડીને રાજકારણ સુધીનાં ક્ષેત્રોની એક વ્યાપક અને ભવ્યોજ્જ્વલ પ્રતિભા છે. પ્રજાની દરિદ્રતાના નિવારણનું વ્રત લઈ બેઠેલી એવી વિભુતિઓ કોઈપણ દેશમાં વિરલ હોય છે, તો પછી દરિદ્રોના જ આ દેશમાં તો તેને વિરલતમ ગણી શકાય.

મ્હૈસુર રાજ્યમાં આવેલા ચિકબલ્લપુર નામના ગામડામાં ઇ. ૧૮૬૧ના સપ્ટેમ્બરની ૧૫મી તારીખે સામાન્ય સ્થિતિના એક કુટુંબમાં એમનો જન્મ થએલો. અનેક મુશ્કેલીઓથી ભરેલું કુટુંબનું આર્થિક જીવન ક્યારેક તો નિરાશાને પણ સ્પર્શી જતું. પરંતુ વિશ્વેશ્વરય્યાનો સ્વભાવ પ્રથમથી જ દૃઢાગ્રહી રહેલો, અને એમનો સઘળો વિકાસ એમના એ દૃઢ આગ્રહ અને ખંતને આભારી છે. માતાનો સ્વભાવ ખૂબ ધર્મિષ્ઠ હતો અને એમની એ નિષ્ઠા તથા વાત્સલ્યે વિશ્વેશ્વરય્યાને ઓછું સાંત્વન નહોતું આપ્યું; છતાં એમનું બુદ્ધિવાદી માનસ કદી એવી ધર્મશ્રદ્ધા અપનાવી નથી શક્યું. પ્રાર્થનાઓ તથા અન્ય ધાર્મિક ક્રિયાકાંડો પ્રત્યે નાનપણથી જ એમને જે અભાવ હતો તે આજે યે રહ્યો છે, અને ધર્મ વિષેની એમની શ્રદ્ધા સંપૂર્ણ નિષેધાત્મક (negative) રહી છે. છતાં માતાની ધર્મશ્રદ્ધા ખુદ એમના નામમાં જ અંતર્હિત રહેલી છે. કુટુંબની કાશીની યાત્રા પછી એ જન્મેલા, એટલે માતાએ ગંગાકાંઠાના પોતાના ઈષ્ટદેવ વિશ્વેશ્વર પરથી જ તેમનું એ નામ રાખેલું છે.

પ્રારંભિક શિક્ષણ કોલર મુકામે પૂરું કર્યા પછી બૅંગલોરની સેન્ટ્રલ કૉલેજમાં એ પ્રવેશ્યા. ત્યાંથી ૧૮૮૧માં બી.એ. થઈને ફરી તે ઈજનેર થવા પૂનાની એન્જીનીઅરિંગ કૉલેજમાં જોડાયા ને સફળ એલ.સી.ઈ. ઉમેદવારોમાં સૌ પહેલા આવ્યા.

એમની જ્વલંત કારકીર્દિને લઈને તરતમાં જ એમને મુંબાઈના જાહેર બાંધકામખાતામાં મદદનીશ ઈજનેરની જગ્યા મળી ગઈ, જ્યાં નહેરકામ તથા પાણીના પુરવઠાની બાબતમાં પોતાની પ્રતિભા એમણે પુરવાર કરી આપી. આગળ જતાં પૂનાના લેઈક ફાઇફના દરવાજાનું પેટન્ટ એમણે મેળવ્યું અને ખંત, શાંતિ તથા સબૂરીપૂર્વક પોતાનું કામ કરતા રહીને ૪૩ની વયે વરિષ્ઠ ઇજનેરના દરજ્જા સુધી એ પહોંચ્યા. સર જૉન મૂર મૅકેન્ઝીએ ઈ. ૧૯૦૮માં એમને પી. ડબ્લ્યુ. ડી. ખાતામાંના હિંદી અને યુરોપિયન અધિકારીઓમાં સર્વશ્રેષ્ઠ ગણાવેલા, એ એમની કાર્યદક્ષતાનો જેવોતેવો પુરાવો ન ગણાય. પોતાની સફળતાનો મર્મ એમણે પોતે જ વ્યક્ત કરેલો છે કે 'સફળતાનો આધાર તમારી શક્તિ, સ્ફૂર્તિ અને કાર્યદક્ષતા પર રહ્યો છે.'

મુંબાઇમાંથી ૪૭ વર્ષની વયે નિવૃત્ત થતાં જ નિઝામ સરકારે એમને પોતાને ત્યાં ખાસ સલાહકાર ઇજનેર નીમી લીધા. એમની કીર્તિસુવાસથી મ્હૈસુર રાજ્ય પણ હવે પોતાના એ સુપુત્રની નિર્માણ-બુદ્ધિનો લાભ લેવા અધીરું બની ઊઠ્યું હતું. ઈ. ૧૯૦૯માં રાજ્યે એમને માનપૂર્વક પોતાને ત્યાં ખેંચી લીધા. ત્યાં એમની સર્વતોમુખી પ્રતિભા એટલી ઝળકી ઊઠી કે રાજ્યે દીવાનપદની પોતાની જૂની પ્રણાલિકા તોડીને રાજ્યના મુખ્ય ઈજનેર શ્રી વિશ્વેશ્વરય્યાને ઈ. ૧૯૧૨માં દીવાનપદે મૂકી દીધા.

આ ઈજનેર દીવાને એક કુશળ રાજનીતિજ્ઞ તરીકે પણ પોતાની જાતને પુરવાર કરી, અને એક માત્ર એમના જ પ્રયાસે કરીને મ્હૈસુર રાજ્ય અંધારી ક્ષિતિજમાં એક ઝળહળતા તારક સમું હિંદના ઔદ્યોગિક ગગને ચમકવા માંડ્યું. મ્હૈસુરના પાટનગર બૅંગલોરને ઉદ્યાનો ને ફુવારાઓ વડે એકાદ ગંધર્વનગરી સમું એમણે બનાવી દીધું. કાવેરી પરનો કૃષ્ણરાજસાગર બંધ એ તે વખતના હિંદનો સૌથી મોટો જલાગાર હતો. એના નિર્માણમાંથી પછી ત્યાં જલવિદ્યુત્-શક્તિ સર્જવાનો વિચાર વિશ્વેશ્વરય્યાને સ્ફૂર્યો, જેને પરિણામે પ્રાપ્ત થતી વીજળીનો લાભ પોતાના બધા ઉદ્યોગોમાં આજે મ્હૈસુર રાજ્ય લઇ રહ્યું છે.

રાજ્યની એવી કટોકટીભરી પળે એમણે દીવાનપદ સંભાળેલું કે બીજી કોઇ પણ વ્યક્તિ એ કટોકટીમાંથી રાજ્યનું આર્થિક પરિત્રાણ ન સાધી શકત. એ ભયંકર આર્થિક તંગી ઉપર પાછો ગયા મહાયુદ્ધનો કાળે પડતો બોજો પણ રાજ્યની તીજોરી પર સવાર થઈ બેઠો હતો. પરંતુ ગમે તેવી આપત્તિ સામે કટિબદ્ધ જ રહેવાની આદતને લઇને વિશ્વેશ્વરય્યા જરા યે હિંમત ન હાર્યા. રાજ્યને તારવું હોય તો તેને સુદૃઢ ઔદ્યોગિક પાયા પર મૂકી દેવું જોઇએ, એ એમણે જોઇ લીધું અને એ નિર્ણયમાં કૃતનિશ્ચય બન્યા. રાજ્યની કેળવણી, ખેતી અને ઔદ્યોગિક પ્રગતિ અર્થે એમણે મ્હૈસુર આર્થિક પરિષદ પણ યોજી અને એમના આ બધા પરિશ્રમને પરિણામે ભદ્રાવતી આયર્ન ઍન્ડ સ્ટીલ વર્કસનું વિખ્યાત જંગી કારખાનું, સાબૂનું કારખાનું, કન્નબાડી પુસ્તો, મ્હૈસુર બૅંક, ઈજનેરી કૉલેજ અને મ્હૈસુર યુનિવર્સિટી ફાલી ઊઠયાં. ગ્રામસુધાર યોજના તથા જિલ્લાવિકાસ યોજના પણ એમણે ઘડી કાઢીને અમલમાં મૂકી, જેમાંની જિલ્લાવિકાસ યોજના હિંદના કોઈ પણ ભાગમાં પહેલી જ હતી.

અને છ વરસની જહેમતભરી કામગીરીને અંતે એમણે, આર્થિક સ્થિતિએ તંગ રહેલા મ્હૈસુર રાજ્યને સમૃદ્ધ બનાવી મૂકયું એટલું જ નહિ, પણ પોતાની ઇજનેરી પ્રતિભા વડે સુંદરતર પણ બનાવી મૂકયું. ઇ. ૧૯૧૩માં લૉર્ડ હાર્ડિંજ સાથે સંધિ કરીને સ્વાયત્ત દેશી રાજ્ય તરીકેની પ્રતિષ્ઠા મ્હૈસુર રાજ્યને અપાવનાર એ જ હતા. મ્હૈસુરને ગર્વભૂત કોઇ બે ચીજો રહી હોય તો એક બૅંગલોરમાંનું 'ઇન્ડિયન ઈન્સ્ટીટયુટ ઑવ સાયન્સ' અને બીજા સર વિશ્વેશ્વરય્યા. ઇ. ૧૯૧૯માં એમના નિવૃત્ત થવા સમયે મ્હૈસુર ગેઝેટે એમની એકનિષ્ઠા ને ખંતની પ્રશંસા કરીને રાજ્યે એમના દ્વારા જ સમૃદ્ધ ને પ્રગતિશીલ ભાવિ સાંપડયું હોવાનો એકરાર કરેલો છે. એ એકરાર જ એમની મોટી બક્ષિશ છે; કારણ કે મ્હૈસુર રાજ્યના ઈજનેરોની સંસદ સમક્ષ તેમણે કહેલું તે મુજબ, કાર્યની તક જ એમને હમેશાં જોઇએ છે, એથી વધુ કોઇ બક્ષિશ નહિ.

મ્હૈસુર રાજ્યની નોકરીમાંથી નિવૃત્ત થયા પછીનું એક વર્ષ એમણે દુનિયાની મુસાફરી પાછળ ગાળ્યું અને પોતાની જન્મજાત પ્રતિભાને વિશેષ અવલોકનથી વિકસાવી. ત્યારથી બ્રિટિશ હિંદની જુદીજુદી પ્રાંતિક સરકારો કે જુદાંજુદાં દેશી રાજ્યો એમની સેવા માગતાં જ રહ્યાં છે. ઈ. ૧૯૨૫માં હિંદી આર્થિક તપાસ સમિતિના એ પ્રમુખ નીમાએલા; ઈ. ૧૯૨૯માં સક્કર બૅરેજનું નિરીક્ષણ કરવા સરકારે નીમેલા બે ઈજનેરોમાં 'સીનિયર મેમ્બર' તરીકે એ રહેલા; ઈ. ૧૯૨૪માં મુંબાઈ મ્યુનિસિપલ કૉર્પોરેશનના રીટ્રેન્ચમેન્ટ એડવાઈઝર (કાપકુપ સલાહકાર) નિમાએલા. ઈ. ૧૯૨૬માં કરાંચી મ્યુનિસિપાલિટીએ પણ એમને સલાહ માટે આમંત્રેલા; ઇ. ૧૯૩૮માં મુંબાઈની નહેરતપાસ સમિતિના એ ચેરમેન રહેલા. બૅંગલોરની ઇન્ડિયન ઇન્સ્ટીટ્યુટ ઑવ સાયન્સ સાથે તો લાંબો સમય થયાં તે જોડાએલા છે અને હાલ તેની કોર્ટના પ્રમુખ છે.

મ્હૈસુર રાજ્યથી નિવૃત્ત થયા પછી પણ ભદ્રાવતીના કારખાનાના નિયમન માટે રાજ્યે બોર્ડ આવ મૅનેજમેન્ટના પ્રમુખ તરીકેની જવાબદારી ચાર વર્ષ રહીને તેમના પર જ નાખેલી, જે એમણે સાડ છ વર્ષ સુધી સંભાળી. ફરી પાછા અર્વિન કૅનાલ વકર્સ માટે રાજ્યે એમને બોલાવેલા, અને ટેકરીઓમાં થઇને જમીન નીચેનો પોણા બે માઈલ લાંબો બુગદો એમણે બાંધી આપ્યો, જેવો બુગદો દક્ષિણ હિંદમાં પહેલો જ હતો: ઈ. ૧૯૨૩માં લખનૌ મુકામે મળેલી હિંદી વિજ્ઞાન પરિષદના પ્રમુખ તરીકે, ઇ.૧૯૨૪માં મુંબાઇમાં મળેલી હિંદી આર્થિક પરિષદના પ્રમુખ તરીકે અને ઇ. ૧૯૨૯માં ત્રિવેન્દ્રમ મુકામે મળેલી દક્ષિણ હિંદ રાજસ્થાની પરિષદના પ્રમુખ તરીકે પણ તેમની જ વરણી થએલી. હમણાં થોડા સમય પર વડોદરામાં મળેલી અખિલ હિંદ કારખાનાદાર પરિષદના પ્રમુખસ્થાને પણ એજ વરાયા છે.

મુંબાઇની આજની ઔદ્યોગિક ને પ્રાયોગિક કેળવણી એમનાં જ સૂચનોને આભારી છે. પૂનાના ફાઇફ સરોવરનાં જે ટાંકાં દ્વારા બૂતા નહેરને પાણી પૂરું પાડવામાં આવે છે તેનાં સ્વયંસંચાલિત દ્વારો (Automatic Gates)ના કલ્પક, નિર્માતા અને પેટન્ટનાધારક પણ એ જ છે. ઈજનેરી વિષયના અજ્ઞાતોને એમના એ પેટન્ટની મહત્તાનો ખ્યાલ કદાચ નહિ આવે, પણ એટલું જ કહેવું બસ થશે કે પનામાની નહેરમાં એવાં જ દ્વારોનો ઉપયોગ પાછળથી થયો છે. નહેરખાતામાં 'બ્લૉક સિસ્ટમ' પણ એમણે જ આ દેશમાં દાખલ કરી.

જિંદગીના આઠ દાયકા વીતાવી ચૂકેલા એ આદમીનાં સલાહસૂચનો મેળવવા આજે પણ હિંદની અનેક મ્યુનિસિપાલિટીઓ, ઔદ્યોગિક મંડળો અને પ્રાંતિક સરકારો સુદ્ધાં શા માટે ઇંતેજાર રહે છે તેનો મર્મ એમની ઉપર્યુક્ત કામગીરી પરથી સમજી શકશે. એ કામગીરી જેને આભારી છે એવું મેઘધનુ સમું વિવિધરંગી એમનું ભેજું એમના અવસાન પછી પુષ્કળ નાણાંના બદલામાં મેળવવા એક અમેરિકન કંપની શા માટે તૈયાર થઈ છે તેનો પણ ખ્યાલ એ પરથી મળી રહેશે. એમની પ્રતિભાને અનુરૂપ એવાં માનસંમાનો પણ એમના પર ઓછાં નથી વર્ષ્યાં ઈ. ૧૯૧૧માં સી. આઇ. ઇ. તથા ૧૯૧૫માં કે. સી. આઈ. ઈ. ના સરકારે આપેલા ખિતાબો તથા ૧૯૨૩માં કલકત્તાની, ૧૯૩૧માં મુંબાઈની ને ૧૯૩૭માં બનારસની યુનિવર્સિટીઓએ આપેલી ડૉક્ટરેટની માનદ ઉપાધિઓ એમાં મુખ્ય છે.

ઈ.૧૯૩૪માં એમનો જગપ્રસિદ્ધ મહાગ્રંથ 'Planned Economy for India' બહાર પડ્યો. કોઈ એક જ પુસ્તકે તેના લેખકને લોકમાન્ય બનાવી દીધાના દાખલાઓમાં સર વિશ્વેશ્વરય્યાનો એ ગ્રંથ અગ્રગણ્ય ઉદાહરણ છે. આજના હિંદના મહાન પ્રશ્નોને જે કુશળતાપૂર્વક એમણે હસ્તગત કર્યા છે એ એમની વિશિષ્ટતા તેમાં જણાઈ આવે છે. ઔદ્યોગિક અર્થશાસ્ત્રી તરીકે હિંદમાંથી આજે ય કોઈ એમની ભાગ્યે બરોબરી કરી શકે તેમ છે, ને ઇજનેરીમાં તો એમણે મેળવેલી પ્રશંસાનો કોઇ હરીફ હજુ જાગ્યો જ નથી. હિંદની પુનઃરચના માટે સૌપહેલો આશ્રય એમના એ પુસ્તકનો તથા ત્યાર બાદ લખાએલા 'Reconstructing India'નો જ લેવો પડે તેમ છે.

એ સિવાય પણ હિંદના શિક્ષણવિષયક અને આર્થિક વિકાસ પર, ઈજનેરી યોજના અને કાર્ય પર, ટૂંકામાં હિંદી પ્રજાના ભૌતિક અને નૈતિક વિકાસ પર એમનાં પ્રકાશનો બહાર પડતાં રહ્યાં છે. યુરોપ, અમેરિકા અને જાપાનની એમની સફરે હિંદની અનહદ વેડફાતી જનશક્તિનો પ્રત્યક્ષ ખ્યાલ એમને આપ્યો છે અને એ વ્યય અટકાવવાના માત્ર બે જ માર્ગો હોવાનું એમને જણાયું છે: (૧) સામુદાયિક શિક્ષણ, અને (૨) શીઘ્ર ઉદ્યોગીકરણ. 'શું કરવા યોગ્ય છે એનું જ્ઞાન, તે એ કાર્ય માટેનું પ્રથમ પગથિયું છે.' એ એમના શબ્દમાં હિંદને વિશ્વાસ હોય તો શું કરવા યોગ્ય છે એ એમણે સ્પષ્ટપણે ભાખી આપ્યું છે કે: 'ઉદ્યોગીકરણ યા તો વિનાશ.'

ઈ. ૧૯૩૮ના ઑગસ્ટની ૭મીએ અખિલ હિંદ ખાદી અને સ્વદેશી પ્રદર્શનમાં એમણે જણાવેલું.'કાર્યથી જ સંપત્તિ જન્મે છે. કાર્ય, કાર્યની શક્તિ, કાર્યનું બાહુલ્ય, કાર્યમાં જોડેલી બુદ્ધિ અને યોજકતા જ કોઈ પણ પ્રદેશનાં ઉત્પાદન અને ઉપયોગિતામાં વૃદ્ધિ કરીને તેમ સ કરી શકે છે... સ્વાસ્થ્ય ને જીવનના સંતોષ અર્થે કાર્ય એ એક માનસિક

આવશ્યકતા છે. કાર્ય વિના માણસ નિર્બળ અને રોગી બની જાય.'

પુનાની પરશુરામ ભાઉ કૉલેજના વિદ્યાર્થીઓને એમણે આપેલી શિખામણ પણ એકેએક હિંદી વિદ્યાર્થીએ હૈયે કોતરી રાખવા જેવી છે: 'હમેશાં પ્રગતિશીલ વિચારો અને કાર્યો કરતા રહો. તમારું દિલ, તમારું ચિત્ત અને તમારા હાથ કાર્યમાં પરોવી દો. કાર્યમાં જ સુખ છે, સાફલ્ય છે. કાર્ય મૂર્ખને હોશિયાર ને હોશિયારને પ્રતિભાવાન બનાવે છે.'

જોકે હિંદની આજની પરાધીનતા એ જગમાન્ય પ્રતિભાને પણ એક અનિષ્ટ મર્યાદારૂપ બની રહી છે. વિનીતો સમા નિરાશાવાદી એ નથી, અને રાષ્ટ્રીય નિયોજનામાં મહાસભાને પણ સક્રિય સાથ એમણે આપ્યો છે; છતાં સ્વતંત્ર હિંદને એ જેટલો લાભ આપી શકત એ લાભથી આજનું પરાધીન હિંદ વંચિત રહ્યું છે. દેશને એથી જેટલું દર્દ થાય છે એથી વધુ કદાચ એમને પોતાને થતું હોય એમ એમના આ શબ્દો પરથી જણાય છે: 'હિંદ જ્યાં સુધી રાજકીય નજરે સ્વતંત્ર નથી, હિંદી પ્રજાએ દેશનું શાસન જ્યાં સુધી સ્વહસ્તક મેળવ્યું નથી, ત્યાં સુધી આપણી ઇચ્છા મુજબનું અને દેશને સાનુકૂળ એવી યોજનાપૂર્વકનું ઉદ્યોગીકરણ અસંભવિત છે.'

છતાં પહેલે કહ્યું તેમ એ નિરાશાવાદી નથી. એમને દૃઢ વિશ્વાસ રહેલો છે કે 'નિષ્ફળતાઓએ આપણા પ્રયાસ કુંઠિત બનાવી દીધા છે, પણ અંતિમ વિજય આપણો જ છે.'

એક વ્યક્તિ તરીકે, શિસ્ત અને સંયમબદ્ધ જીવન જીવતા સર વિશ્વેશ્વરય્યા એક અજબ વ્યક્તિ છે. સાદાઈના આત્મા સમું એમનું જીવન હોવા છતાં જીવનધોરણ ઊંચામાં ઊંચું લાવવાની એમની સદાની મથામણ રહી છે. સ્વભાવે એ ખૂબ એકાંતપ્રિય છે. યંત્રોની ધમાલમાં એ માને છે અને હિંદને મોટરોથી ગાજતું ને વિમાનોથી ગુંજતું બનાવી દેવાની એમને ઉમેદ છે. છતાં પોતે તો સંપૂર્ણ શાંતિના ચાહક છે. શિસ્તને આત્યંતિક હદે અપનાવી લીધા છતાં આ ઐકાંતિક, શાંત અને ચિંતનપ્રિય સ્વભાવને લઇને એમના હૈયાની કુમાશ હજુ જેવી ને તેવી તાજી રહી શકી છે.

તક મળે તો એક જ દાયકામાં હિંદમાં બનેલાં મોટરો ને વિમાનો બજારમાં મૂકવાની આજે આટલી વયે પણ જે હામ તેઓ ભીડે છે તે માટે એકાદ તરુણ સમાં તેમનાં ચાપલ્યોત્સાહ જ જવાબદાર છે. એમની યોજકબુદ્ધિએ ગાંધીજીને પણ ઓછું આશ્ચર્ય નથી ઉપજાવ્યું. એમનો વિચારભાર એમના ચહેરા પર પ્રતીત થયા વિના નથી રહેતો, છતાં માનસિક સ્વસ્થતા એમણે સંપૂર્ણપણે જાળવી રાખેલ છે. એનું કારણ, શારીરિક સ્વાસ્થ્ય પાછળ પણ એટલે જ અંશે રહેલી એમની કાળજી છે. રેલવેના સમયપત્રક જેટલું જ એમનું જીવન નિયમિત છે અને એવી જ નિયમિતતાની અપેક્ષા તેઓ બીજા પાસે રાખે છે. મુંબાઈના એ સુપરિન્ટેન્ડેન્ટ ઇજનેર હતા ત્યારે એક એક્ઝીક્યુટિવ ઇજનેર એમને મળવા આવેલા. નિયત સમયથી માત્ર થોડી જ મિનીટ એ મોડા પડેલા, પણ સર વિશ્વેશ્વરય્યાએ તેમને મુલાકાત આપવાની ચોકખી ના પાડી દીધી. પેલા ઇજનેરની કોઈ દલીલ એમને પીગળાવી શકી નહોતી.

હિંદના એ મહાન નિયોજકે જિંદગીમાં આજ સુધી નાદુરસ્ત તબિયત એટલે શું એ જાણ્યું નથી. પોતે સંપૂર્ણ વનસ્પત્યાહારી અને કોઈ પણ પ્રકારના વ્યસનથી મુક્ત છે. એમનું એકેએક કાર્ય, એમની એકેએક ટેવ સુદ્ધાં નિયોજિત જ હોય છે. સવારના વહેલા ચાર વાગ્યે ઊઠીને કામ પર લાગી જાય છે તે ઠેઠ સાંજ સુધી. સાંજે એ ફરવા નીકળે છે, પણ એમની સાથે ફરવા જનારાઓ કહે છે તેમ, 'સર વિશ્વેશ્વરય્યાને ચાલતાં તો આવડતું જ નથી, ફક્ત દોડી જાણે છે!'

જેટલો કાર્ય દ્વારા એટલો જ પ્રત્યક્ષ જીવન દ્વારા હિંદના નવપ્રાણને એ ઉદ્બોધિત કરી રહ્યા છે. હિંદના આર્થિક નવનિર્માણના એ મંત્રદ્રષ્ટાનો મંત્ર છે: 'શક્તિ, પ્રગતિ, સમૃદ્ધિ.

અશોક હર્ષ

ફોટોગ્રાફી

હરીફાઈનું પરિણામ

પહેલું ઈનામ: મોકૂફ; બીજું ઇનામ: 'શ્રમજીવી'-શુકદેવ ભચેચ (અમદાવાદ); ત્રીજું ઈનામ: 'ઊડતી ગોળી'-રજનીકાન્ત પટેલ (આણંદ); નોંધપાત્ર: (૧) 'વનરાજીમાં વટેમાર્ગુઓ'-દિલહર ભચેચ, અમદાવાદ; (૨) 'પલ્લવ-કંટક'-વિનોદ કોઠારી, જામનગર; (૩) 'ગ્રામ્યજીવન'-શુકદેવ ભચેચ, અમદાવાદ.

આ વખતનાં ચિત્રો ખાસ વખાણને પાત્ર નથી. વળી પૂરતી સંખ્યાનો પણ અભાવ છે. એટલે બીજું અને ત્રીજું ઈનામ જીતનારનાં ચિત્રોની પસંદગી ગતિ ઝડપવાના એક ગુણ ઉપર જ કરવામાં આવી છે. 'શ્રમજીવી'ના વિષયને ભાઇ શુકદેવ ભચેચ ધારત તો પૂરતો ઇન્સાફ આપી તેમાંથી ઉત્તમ ચિત્ર સર્જી શકત. બીજાં ચિત્રોને મુકાબલે આ ચિત્રની પ્રિન્ટિંગ ટેકનીક શ્રેષ્ઠ છે પણ કૅમેરા, ઍંગલ અને ફોકસિંગ ખામીભરેલાં છે. પાત્રના શરીરના વળાંકની રેખા બૅકગ્રાઉન્ડમાંનાં ઝાડમાં મળી જાય છે, તેના લીધે દૂરની વસ્તુ નજીક જણાય છે અને તેના વાંસા પર ઝાડ વળગ્યું હોય તેમ આંખને ખૂંચે છે. ચિત્રોમાં આવતી ઊભી થાંભલા જેવી વસ્તુઓ ત્રાંસી આવે એ તો ચિત્ર લેનારની મોટી ખામી બતાવે છે, જે આમાં પણ છે. 'લો ઍન્ગલ'થી જો આ ચિત્ર લેવાયું હોત તો આકાશની બૅકગ્રાઉન્ડ ચિત્રને સારો ઉઠાવ આપત. ભાઇ રજનીકાન્ત પટેલનાં 'ઊડતી ગોળી'ના ચિત્રમાં ગોળી ઉડાડવાની ક્રિયા ઠીક ઝડપાઇ છે. ધાબ વાળી બૅકગ્રાઉન્ડની ખામી સિવાય ફોકસિંગ અને તેજછાયા સારાં છે, પણ પ્રિન્ટની ટેકનીક ખામીભરેલી હોવાથી પૂરતો ઉઠાવ જણાતો નથી. વળી ચિત્રની કાપણી પણ બરાબર નથી. નીચેથી પોણા બે ઇંચ, જમણી બાજુથી અરધો ઇંચ અને ડાબી બાજુથી બે દોરા કાપી નાખવાથી ચિત્ર સુધરશે.

'વનરાજીમાં વટેમાર્ગુઓ'ના દિલહર ભચેચના ચિત્રની 'ફોરગ્રાઉન્ડ'માં પડછાયાનો ઉપયોગ સારો કર્યો છે, પણ વટેમાર્ગુઓ ચિત્ર લેવાવા માટે સભાન થઇને કૅમેરા તરફ જુએ છે એ ખામી છે. વળાંકના રસ્તાનો દૂરનો દેખાવ આવે એવો ખૂણો પકડી એ ચિત્ર લેવાયું હોત તો વધારે સારું બનત. 'પલ્લવ-કંટક'ના કાવ્યમય વિષયમાં કાંટાવાળા ઝાડની રેખા જેટલું સૌંદર્ય પલ્લવની બાજુ લાવી શકાયું નથી. 'ગ્રામ્ય જીવન'નો આકર્ષક વિષય ઝાંખા, ખામીભરેલા પ્રિન્ટને લીધે માર્યો ગયો છે. પોતપોતાના કાર્યમાં મશગૂલ વિવિધ પાત્રોની રચના સાથે જોનારની આંખને ઠેરવવા માટે ચિત્રમાં એક કેન્દ્ર જોઇએ તે નથી. દરેક પાત્રનું મોં છાયામાં છે અને રેખા ખુલ્લી જણાતી નથી. આવાં ચિત્રો પાછળ વારંવારના પ્રયત્નો કરી તેને અનુકૂળ પાત્રો તથા તેજછાયાની પસંદગી વડે સારાં બનાવી શકાય.

બી. બી. ફનીબંદા

નરભક્ષી સિમ્બા!



આ વાર્તામાં આવતા બંને સિંહના અવશેષો શિકાગો મ્યૂઝિયમમાં મઢીને ગોઠવેલા છે, તેના ફોટોગ્રાફ ઉપરથી ઉતારેલું આલેખન.

લેફ્ટેનન્ટ કર્નલ જે. એચ. પૅટર્સનના અંગ્રેજી પુસ્તક 'ધ મૅન-ઈટર્સ ઑવ ત્સાવો' ઉપરથી રૂપાંતર કરનાર

હરિનારાયણ આચાર્ય

[The Man-Eaters of Tsavo: ગોરા કાળા ઘઉંવર્ણા દોઢસો ઉપરાંત માણસોને ફાડી ખાનાર, ત્સાવોના બે મનુષ્યભક્ષી સિંહોને લગતી લે. કર્નલ પૅટર્સનની આ પરાક્રમકથા, જગતના સાહસ-સાહિત્યમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. દુનિયાના અનેક સમર્થ તદ્વિદોએ એનાં નિર્ભેળ ગુણગાન કર્યાં છે. પૅટર્સન, રેલવેનો રસ્તો બાંધવા માટે ઇંગ્લંડથી આફ્રિકા ગએલો. એક સામાન્ય ઈજનેર હતો. એ કામગીરી દરમ્યાન અચાનક એને અત્યંત બુદ્ધિશાળી, ચાલાક, ભયંકર માણસખાઉ વિકરાળ સિંહોનો સામનો કરવો પડયો અને હજારો અસહાય મજૂરોના પ્રાણસંરક્ષણની જવાબદારી અણધારી એને માથે આવી પડી. એ પ્રસંગે એણે એકલે હાથે જે પુરુષાર્થ કર્યો, સિંહોનો વધ કરી નિર્દોષ માનવોનો અકારણ હત્યાકાંડ થતો અટકાવ્યો, એ આખી કથા અત્યંત રોમાંચક છે. રજ પણ અતિશયોક્તિ, આત્મશ્લાઘા કે ગર્વની માત્રા સિવાય એ બધા બનાવો, આપણા રોજના જીવનની સામાન્ય વાતો પેઠે, પૅટર્સને વર્ણવ્યા છે, એટલે જ એ વધુ હૃદયંગમ બની શક્યા છે. શરૂનાં પ્રકરણોમાં, આફ્રિકામાં આવીને કામે ચડી ગયા પછી થોડા જ દિવસમાં સિંહ દેખાયાની અને બેત્રણ મજૂરો અજબરીતે અકસ્માત ગુમ થઇ જવાની વાતો પૅટર્સનને કાને આવી તેનું વર્ણન છે. શરૂઆતમાં તો તેના માનવામાં તે વાત ન આવી, પણ ત્રણેક અઠવાડિયામાં તો એના જ શીખ જમાદાર અંજનસિંહનો કમકમાટીભર્યો ભક્ષ્ય સિંહોએ કર્યો, અને પૅટર્સને તેને જેર કરવા કમ્મર કસી. પણ અનેક પ્રકારની મથામણો પ્રયત્નો અને સાવચેતીઓ છતાં ન સિંહ હાથ લાગ્યા. ન તેમનો ઉત્પાત શમ્યો;—ઉલટો વધતો જ ગયો. હવે આગળ વાંચો.]

૩. દવાખાના પર હુમલો

આ તમામ વખત દરમ્યાન મારો પોતાનો તંબૂ ફરતી વાડના કોઇ પણ જાતના સંરક્ષણ વિના ઉઘાડા મેદાન વચ્ચે ઊભો કરેલો હતો. એક વખત દાક્તર રોઝ રાત ગાળવા મારે ત્યાં આવ્યો હતો ત્યારે બહાર તંબૂનાં દોરડાંમાં કોઈના અથડાવા—ઠોકરાવાનો અવાજ સાંભળી અમે અરધી રાતે જાગી ઊઠયા. ફાનસ લઇને બહાર જોવા જતાં કોઈ નજરે પડયું નહિ, પણ બીજે દિવસે સૂરજના પ્રકાશમાં ત્યાં આગળ સિંહનાં પગલાં ચોખ્ખાં જોવામાં આવ્યાં, ત્યારે મને ભાન આવ્યું કે એ પ્રસંગે અમારામાંનો એકાદ જણ સિંહના મોંનો કોળિયો થતાં સહેજમાં બચી ગયો છે. આ અનુભવથી ચેતીને મેં મારો મુકામ તરતજ ત્યાંથી ઉપાડી લેવાની ગોઠવણ કરી અને મારો ઘરવાખરો ઉઠાવી, એ પ્રદેશના આરોગ્યસંરક્ષણની જવાબદારી લેવા ત્સાવોમાં તાજા જ આવેલા દાક્તર બ્રૉકની સાથે રહેવા હું ગયો. તાડનાં પાંદડાં અને ડાળાં-ડાંખળાંથી બનાવેલા એક ઝૂંપડામાં અમે બંને રહેતા હતા. એ ઝૂંપડું યુગાન્ડા ભણી જતા ધોરી માર્ગને પડખે, નદીથી પૂર્વ તરફ બાંધેલું હતું અને એના ફરતી ૭૦ વાર જેટલા વ્યાસની કાંટાની જાડી ઊંચી ને મજબૂત કોટ જેવી વાડ 'બોમા' બનાવી લીધી હતી. અમારા અંગત ખિદમતગારો પણ આ



'મારો પોતાનો તંબૂ ઉઘાડા મેદાન વચ્ચે હતો.'
ડાબી બાજુ: લેખક (કર્નલ પૅટર્સન); જમણી બાજુ: મિ. સી. રૉસન

જ વાડામાં જ રહેતા હતા. વાડામાં દરરોજ મોટું તાપણું આખી રાત સળગતું રાખવામાં આવતું હતું. હું અને બ્લૉક દરરોજ સંધ્યાકાળે ઠંડક મેળવવાના હેતુથી ઝૂંપડાની ઓશરીમાં બેસતા, પણ ત્યાં બેસીને લખવાવાંચવાનો પ્રયત્ન કરવો એ અમારા જ્ઞાનતંતુઓને કસવા જેવું હતું; કારણ કઈ ઘડીએ વાડ ઠેકીને સિંહ અંદર આવશે અને અમને ભાન આવે ત્યાર પહેલાં અમારા ઉપર કૂદી પડશે, એની અમને રજ પણ ખાતરી ન હતી. એટલે હાથ પહોંચે એટલે છેટે અમારી બંદૂકો અમે મૂકી રાખતા ને તાપણાના અજવાળાની પેલે પાર ઘોર અંધકારમાં આતુરતાથી વારંવાર ચિંતાભરી નજર નાખતા રહેતા. એકાદ બે પ્રસંગે તો અમને સવારમાં ખબર પડેલી કે સિંહ તો રાતના વાડની અડોઅડ આવી ગયા હતા, પણ સદ્ભાગ્યે વાડ ભેદીને અંદર આવવામાં સફળ થયા ન હતા.

એ જ અરસામાં કામદારોની છાવણીઓ ફરતી પણ કાંટાની વાડો કરી લેવામાં આવી હતી, છતાં સિંહ તો વાડ ભેદીને કે કૂદીને એમાંની કોઇ ને કોઇ છાવણીમાં પેસી જવામાં સફળ થતા. અને થોડાથોડી રાતના આંતરે દરેક પ્રસંગે એક માણસ ઉપાડી લઇ જતા. આજે આ, તો કાલે પેલો, એમ કોઇ ને કોઇ ગુમ થઈ ગયાના દુઃખદ સમાચાર રોજ મારી પાસે આવતા હતા; પરંતુ વિશાળ વિસ્તારમાં પથરાએલી બેત્રણ હજાર મજૂરોની એ છાવણી ત્સાવોમાં રહી ત્યાં લગી તો આ મજૂરો, એમના સાથીઓનાં કંપારીજનક મરણની ઝાઝી દરકાર કરતા દેખાયા નહિ. હું ધારું છું તેમ, એ વખતે પ્રત્યેક મનુષ્ય મનમાં નિશ્ચિત હતો કે નરભક્ષીઓને આટલાં બધાં માણસોમાંથી શિકાર કરવાનો હોવાથી, એને પોતાને ભોગ થઈ પડવાના ખૂબ ઓછા સંજોગો હતા. પણ રેલ આગળ વધવાની સાથે છાવણી પણ ત્યાંથી ખસેડી આગળ લઇ જવામાં આવી, ત્યારે પરિસ્થિતિ એકદમ બદલાઈ ગઇ. એ પછી તો કાયમી રસ્તો પૂરો કરવા પૂરતાં જ બસો–ચારસો માણસ મારી પાસે રહ્યાં, અને બાકી રહેલાં આ માણસો બધાં યે ભેગાં રહેતાં હોવાથી સ્વાભાવિકરીતે જ સિંહનું ધ્યાન અમારા ભણી વધુ ખેંચાવા લાગ્યું ને તેની અસર પણ ભારે થવા લાગી. પરિણામે એકધારો ત્રાસ અને ભય ઊભરાવા લાગ્યો અને માણસોને છાવણીમાં રાખવાને લલચાવવામાં મારે મારી તમામ શક્તિ અને સમજાવટનો ઉપયોગ કરવો પડ્યો. આમાં હું સફળ થયો એક જ રસ્તે: જ્યાં લગી એ છાવણી ફરતી અસાધારણ ઊંચી અને જાડી વાડ (બોમા) બંધાઇ રહી ત્યાં લગી રેલ બાંધવાનું તમામ કામ સદંતર બંધ કરી દઇને. આ વાડામાં આખી રાત તાપણાં સળગતાં રાખવામાં આવતાં હતાં. એ ઉપરાંત, નજીકના સગવડભર્યા ઝાડમાં લટકાવેલા ખાલી ડબ્બા થોડી થોડી વારે ખખડાવવાની ચોકીદારને ફરજ પાડવામાં આવી હતી, જે કામ એ એના તંબૂમાં સલામત બેઠોબેઠો જ લાંબી દોરી ખેંચીને કરી શકતો હતો. આ રીતે ઉત્પન્ન થતો કઠોર ને ભયંકર અવાજ, સિંહને બીવડાવી ભગાડી દેવાની આશાથી આખી રાત ચાલુ રાખવામાં આવતો હતો; પણ આવી બધીયે સાવચેતીઓ લેવા છતાં સિંહના આડો તો કોઈ હાથ દઈ શક્યું નહિ અને એક પછી એક માણસો અલોપ થતાં જ રહ્યાં!

રેલવેનાં આરંભનાં બાંધકામ કરનાર કામદારવર્ગ આગળ વધતો ગયો ત્યારે એમના દવાખાનાની છાવણી પાછળ મૂકતો ગયો. આ દવાખાનું બીજી છાવણીઓથી અલગ અને મારા રહેઠાણથી પોણોક ગાઉ છેટે આવેલું હતું. ઝાળાંઝાંખરાં વિનાની ચોખ્ખી જમીન પર ફરતી મજબૂત વાડવાળું હોવાથી દરેક રીતે પૂરું સંરક્ષિત દેખાતું હતું; છતાં અનુભવે સમજાયું કે કોઈપણ જાતની વાડ આ પિશાચોને દઇ વિસાતમાં ન હતી. કારણ, થોડા જ દિવસ થયા ત્યાં તો એક સિંહ બોમામાંની એક નબળી જગ્યા શોધી કાઢી વાડ ભાંગીને અંદર પેસવા શક્તિમાન થયો. આ પ્રસંગે દવાખાનામાં રહેતો આસિસ્ટન્ટ ડાક્તર અજબ રીતે બચી ગયો. બહાર ખખડાટ થતાં એણે બીતાં બીતાં બારણું ઉઘાડ્યું તો ત્યાં સામે જ પોતાના તરફ નજર માંડી ઊભેલા કદાવર સિંહને જોતાં જ એ છળી ઊઠ્યો. સિંહે તરત એના ઉપર તરાપ મારી, એટલે ડાક્તરને એટલો તો ગભરાટ છૂટ્યો કે એ બેબ કળો બની પાછે પગે કૂદ્યો, અને એના સારા નશીબે, દવાનો સામાન ભરેલી એક મોટી પેટી એની ચગડાગણમાં આવી ઊથલી પડી. પેટી પણ ભાંગેલી શીશીઓના એવા ભારે ખખડાટથી ઊથલી પડી કે સિંહ ગભરાઈ ગયો અને ડાક્તરને પડતો મૂકીને તરત ત્યાંથી નાસીને છેટેના બીજા તંબૂ ભણી પલાયન કરી ગયો. કમભાગ્યે આ સ્થળે એને વિશેષ સફળતા મળી. ત્યાં આવેલા એક તંબૂમાં આઠ દરદીઓ સૂઈ રહ્યા હતા, તેના ઉપર તેણે તરાપ મારી. એના કૂદકાથી બે જણ ખૂબ ઘાયલ થયા, જ્યારે બીજા એકને પકડીને સિંહ વાડ સોંસરો ખેંચી લઇ ગયો. બીજે દિવસે હું અને ડાક્તર ત્યાં ગયા ત્યારે સિંહની તરાપ વખતે ફાટેલા તંબૂના ટુકડા હેઠળ ઢંકાએલા પેલા બે ઘાયલ દરદીઓ અમારી નજરે પડ્યા. આ બનાવથી અમે દવાખાનાને મુખ્ય છાવણી પાસે ખસેડી લઈ જવાનો નિર્ણય કર્યો અને નવું સ્થળ તૈયાર કરી, એના ફરતી મજબૂત કાંટાની વાડ બાંધીને રાત પડતાં-પડતાંમાં તો તમામ દરદીને એમાં ખસેડી લેવામાં આવ્યા.

મેં સાંભળ્યું હતું કે સિંહ સ્વાભાવિકરીતે જ તાજી ખાલી કરેલી છાવણીઓમાં આવે છે; એટલે એમને મારવાની તક મેળવવાના ઉદ્દેશથી એ આખી રાત મેં દવાખાનાવાળી ખાલી છાવણીમાં બેસવાનો નિશ્ચય કર્યો. પણ મારા એ એકાકી જાગરણની અધવચ જ દવાખાનાની નવી છાવણીમાંથી ભયંકર ચિત્કાર અને બૂમરાણ સાંભળતાં મારા મનમાં ધ્રાસ્કો પડ્યો, અને મને ભાન આવ્યું કે ફરી એક વખત અમારા દુશ્મનો મારા હાથમાંથી છટકી ગયા છે. અજવાળું થતાં જ હું ઉતાવળે ત્યાં ગયો, તો ખબર પડી કે બેમાંથી એક સિંહ તાજી બાંધેલી વાડ ઠેકીને અંદર પડ્યો હતો અને દવાખાનાના ભિસ્તીને ઉપાડી ગયો હતો. જે બની ગયું તે ત્યાં બેઠેલા બીજા મજૂરોને તાપણાના અજવાળામાં કમને પણ જોવું પડ્યું હતું. તેમના કહેવા મુજબ, દરવાજા તરફ પગ અને વચલા ભાગ તરફ માથું કરીને ભિસ્તી તંબૂમાં સૂતો હતો. સિંહે આવીને પ્રયત્ન વડે તંબૂની કનાત હેઠળ માથું ઘાલ્યું અને ભિસ્તીનો પગ પકડી ખેંચી કાઢવા માંડ્યો. ભિસ્તીએ પ્રથમ તો એક ભારે પેટીને બાથ ભીડાવી અને પોતાને ઉપાડી જતો અટકાવવાનો મિથ્યા પ્રયત્ન કર્યો; કારણ એને એ ખેંચી તો લાવ્યો, પણ કનાત આડે ભરાઈ પડતાં પેટી એના હાથમાંથી છૂટી ગઇ. તંબૂની બહાર એણે કનાતના દોરડાને પકડ્યું, અને એ તૂટી ગયું ત્યાં લગી પકડી પણ રાખ્યું. પણ જેવો તંબૂથી એ અળગો ગયો કે પગ છોડી દઇને સિંહે તરાપ મારીને એનું ગળું ઝાલ્યું અને બેચાર નિર્દય ઝંઝેડીઓ મારીને ગરીબ બિચારા ભિસ્તીની મદદ માટેની દર્દભરી ચીસો સદાયની બંધ કરી નાખી. પછી તો બિલાડી જેમ ઉંદરને પકડે એમ એને મોંમાં ઘાલીને સિંહે રસ્તો શોધવાના ઇરાદાથી વાડની પડખે અહીંથી ત્યાં ને ત્યાંથી અહીં એમ અંદર દોડાદોડ કરવા માંડી. થોડી વારમાં જ એવી જગ્યા એને જડી પણ ખરી, અને ભિસ્તીને ઘસડતો વાડ સોંસરો માર્ગ કરી એ બહાર નીકળી પણ ગયો. આ રીતે બળજબરીથી વાડ ચીરી રસ્તો કરતાં, નિશાની રૂપે ભિસ્તીનાં કપડાંનાં ચીથરાં અને એના માંસના લોચા કાંટા ઉપર

લટકતા પાછળ મૂકતો ગયો હતો. હું અને બ્રૉક એનાં પગલેપગલે પાછળ ગયા તો છાવણીથી ચારસો વાર જેટલે છેટે જ એ ગરીબ બિચારા ભિસ્તીના અવશેષો અમારી નજરે પડ્યા. દરેક પ્રસંગે બનતું તેમ, આ પણ અત્યંત કમકમાટી ઉપજાવનારું દૃશ્ય હતું. કમનસીબ ભિસ્તીના શરીરમાંથી થોડું જ બાકી બચ્યું હતું: કેવળ ખોપરી, જડબાં, હાથપગનાં મોટાં હાડકાં, અને બેએક આંગળીઓવાળી હથેળીનો નાનો ટુકડો. એક આંગળીએ વીંટી હતી તે, તથા એના દાંત (મરેલા માણસના દાંત હિંદુસ્તાનમાં કોઈકોઈ જાતમાં ખૂબ મહત્ત્વની વસ્તુ ગણાય છે તેથી) મરનારની વિધવાને મોકલી આપવા નોખી લઈ, બાકીના અવશેષો ત્યાં જ ભંડારી દેવામાં આવ્યા.

૪. ભારખાનાના ડબ્બામાંનું પરાક્રમ

ફરી એક વાર દવાખાનું ખસેડવાનો નિર્ણય થયો, ને ફરીથી રાત પડતાં પહેલાં જ તમામ ફેરફારી કરી લેવામાં આવી. આ વખતે તો અત્યંત પહોળી અને ઊંચી વાડ કરવામાં આવી હતી. દરદીઓને ખસેડ્યા પછી તરત જ, ખાલી છાવણીની અડોઅડ થઈને જતી રેલ સાઇડિંગ ઉપર અનુકૂળ સ્થળે માલગાડીનો એક ડબ્બો મુકાવવાની મેં ગોઠવણ કરી અને મેં તથા બ્રૉકે એમાં બેસવાની વ્યવસ્થા કરી. ખાલી કરેલી છાવણીમાં હજુ બેએક તંબૂ ઊભા રહેવા દીધા હતા અને સિંહને આકર્ષવાનાં સાધન રૂપ થોડાં ઢોર પણ વધારામાં અંદર બાંધી રાખ્યાં હતાં. એ જ દિવસે (તા. ૨૩ મી એપ્રિલે) સિંહે ત્સાવોની નજીકના પ્રદેશમાં જ બપોરના ત્રણચાર જગ્યાએ દેખા દીધી હતી. એક જગ્યાએ સડક ઉપર કામ કરતા મજૂરને પકડવાનો પ્રયત્ન કર્યો હતો, પણ સદ્‌ભાગ્યે એ નાસીને ઝાડ ઉપર ચડી ગયો અને ત્યાંથી પસાર થતી રેલવેગાડીમાં બેઠેલા ટ્રાફિક મૅનેજરની નજરે ચડવાથી, ગાડી ઊભી રખાવીને તેણે એને બચાવી લીધો ત્યાં લગી એ ત્યાં જ બેસી રહ્યો. ત્યાર બાદ સિંહ ત્સાવો સ્ટેશનની અડોઅડ ફરતા જોવામાં આવ્યા હતા અને બેએક કલાક પછી સંધ્યાકાળે દાક્તર બ્રૉક દવાખાનામાંથી પાછો ફરતો હતો ત્યારે એની પાછળ પડેલો એક સિંહ કેટલાક મજૂરોની નજરે ચડ્યો હતો

નક્કી કરેલી યોજના અનુસાર હું અને દાક્તર વાળુથી પરવારીને અમારા તંબૂથી એકાદ માઈલ છેટે પડેલા પેલા ભારખાનાના ડબ્બાએ જવા નીકળ્યા. અમારા નિરધારેલા સ્થળે અમે જોકે નિર્વિઘ્ને પહોંચી તો ગયા જ. તો પણ આગળ બનશે એ બનાવોના હિસાબે આટલા મોડા નીકળવાનું પગલું કેવળ બેવકૂફીભરેલું તો હતું જ.

દસ વાગતાંમાં અમે સ્થિર થઈને બેઠા. ડબ્બાના દરવાજાનો હેઠળનો અરધો ભાગ બંધ કરી દીધો હતો અને ઉપરનો ભાગ અવલોકન માટે ઉઘાડો રાખ્યો હતો. સ્વાભાવિક રીતે જ અમે ખાલી છાવણી તરફ મોં રાખીને બેઠા હતા; જોકે એ ગાઢ અંધકારમાં ચાર હાથ છેટેની ચીજ પણ સ્પષ્ટ દેખાતી ન હતી. બેચાર ઘડી સુધી બધું સુમસામ રહ્યું અને એ ભયંકર શાંતિ અમને ત્રાસદાયક અને ગૂંગળાવનારી થવા લાગી. પણ ત્યાં તો અચાનક અમારી જમણી તરફ 'ફડાક' કરતીક ને એક ડાંખળી ભાંગવાનો અવાજ થયો, અને કોઈ જાનવર ફરતું હોય એમ અમને લાગ્યું. ઘડીવારમાં તો ધબાક કરતોક ધબાકો થયો અને વાડ કૂદીને કોઈ છાવણીના વાડામાં પડ્યું હોય એમ સંભળાયું. અંદરનાં ઢોર પણ ગભરાટમાં પડ્યાં હોય એમ ઊંચાંનીચાં થતાં લાગ્યાં. પણ ફરી પાછી ભયંકર શાંતિ ફેલાઈ ગઈ, એટલે મેં બ્રૉકને કહ્યું કે હું ડબ્બાની બહાર નીકળું અને ડબ્બા પાસે જ જમીન પર સૂઈ જાઉં, જેથી સિંહને શિકાર સાથે આપણી ભણી આવતો સહેલાઈથી જોઈ શકું. પણ બ્રૉકે હું બેઠો હતો ત્યાં જ બેસી રહેવાની સલાહ આપી અને એ ઘડીએ મેં એની શિખામણ માની એથી હું આજે પણ સંતોષ પામું છું; કારણ, જોકે એ વખતે એનું અમને ભાન પણ ન હતું, છતાં, આગળ જણાશે તેમ, એ જ વખતે નરભક્ષક અમારા ડબ્બાની જ આસપાસ ભમી રહ્યો હતો, અને તે પણ અમારા ઉપર તરાપ મારી શકે એટલો નજીકમાં!

છાવણીની વાડનો દરવાજો બંધ રાખવાની અમે ગોઠવણ કરી હતી, એટલે શિકાર સાથે વાડમાં છીંડું પાડીને નીકળતા સિંહનો અવાજ સાંભળવાની આશામાં અમે બેઠા હતા. ખરું પૂછો તો દરવાજો બંધ કરનારે એ કાળજીપૂર્વક બંધ કર્યો જ ન હતો, એટલે જ્યારે અમે, આટલો બધો વખત સિંહ વાડમાં શું કરતો હશે તેનો વિચાર કરતા બેઠા હતા ત્યારે, હકીકતમાં તો એ તમામ વખત સિંહ વાડની બહાર જ હતો અને અમારી આસપાસ નીરવ પગલે લાગ શોધતો ભમી રહ્યો હતો.

એવામાં કોઈક અમારી દિશામાં લપાતું છૂપાતું લુચ્ચાઈથી આવતું હોય એવો મને ભાસ થયો. જોકે મને મારી આંખોનો પૂરો વિશ્વાસ ન હતો, કારણ ખેંચી ખેંચીને અંધારામાં એકધારું જોઈ રહેવાને લીધે મારી આંખો થાકી ગઈ હતી. એટલે હોઠ ફફડાવ્યા સિવાય મેં અત્યંત હલકા અવાજે બ્રૉકને પૂછ્યું કે કંઈ દેખાય છે? અને સાથે સાથે એ ઓળા તરફ બને એટલી ચોકસાઈથી મારી બંદૂક તાકી. બ્રૉકે કશો જવાબ આપ્યો નહિ (પણ એને પોતાને પણ કંઈક ફરતું દેખાયેલું, એમ એણે પાછળથી મને કહ્યું હતું.) એવી બીકથી કે રખે હું બંદૂક ફોડી બેસવાની ઉતાવળ કરું અને નીકળે બીજું જ કંઈ. એકાદ ક્ષણની શાંતિ પછી અંધારામાંથી અચાનક એક ભારે શરીરે અમારા ઉપર કૂદકો માર્યો! 'અલ્યા, સિંહ!' કરતીક મેં બૂમ પાડી અને એકસામટી અમારી બંને બંદૂકો ફૂટી. એક ક્ષણનો પણ વિલંબ થયો હોત તો બીજી જ ક્ષણે એ બદમાશ ડબ્બામાં કૂદી પડ્યો હોત. પણ એક સામટા ધડાકાથી ડબ્બાના પોલાણમાંથી પડેલા પડઘાના બીહામણા અવાજથી ગભરાઈને અગર ભડાકાના તેજથી ઝંખવાઈને એ વિફળ બની આડો ફંટાયો હશે. અમે સાવચેત ન હોત તો જરૂર અમારામાંથી એકને એ ઉપાડી જ ગયો હોત. સવારે તપાસ કરતાં બ્રૉકની ગોળી ડબા પાસે જ સિંહના પગલાની અડોઅડ પેસી ગએલી રેતમાંથી મળી આવી. મારી ગોળીનો તો પત્તો જ લાગ્યો નહિ.

નરભક્ષકોમાંના એકની સાથેના અમારા પ્રથમ પ્રત્યક્ષ પરિચયનો આમ અંત આવ્યો.

૫. સિંહ માટે પાંજરાની તૈયારી

આ બધી હેરાનગતીઓ દરમ્યાન પણ રેલવેનું બાંધકામ અચૂક ગતિએ આગળ વધતું જતું હતું. રેલના રસ્તા વચ્ચે આવતા એક પહાડમાં નાળ કોરી કાઢવાનું કામ પૂરું થયું હતું. બેએક નાના પૂલ પણ તૈયાર કરી નાખ્યા હતા. વળી આ સ્થળે પાણીની પણ ઘણી આપદા હતી તેનો પણ ઉપાય કરી લીધો હતો. આમ, જુદાંજુદાં કામમાં મારો આખો દિવસ વહી જતો હતો; છતાં ત્સાવોના પૂલનું બાંધકામ ક્ષણે ક્ષણે રોકાવાનું નિર્માયું હોય એમ લાગતું હતું. સિંહના રંજાડની વાત તો મેં કરી. એ સતામણી જાણે ઓછી હોય એમ, અધૂરામાં પૂરું, મારે મજૂરોના ત્રાસ અને હેરાનગતીનો પણ અવારનવાર સામનો કરવો પડતો હતો. એક વખત તો વાત એટલે લગી પહોંચી કે કેટલાક બદમાશોએ મારો ઘાટ જ ઘડી નાખવાની વેતરણ કરેલી; પણ સદ્‌ભાગ્યે એમના કાવાદાવા વખતસર મારા જાણવામાં આવ્યા. જરાક કડકહાથે કામ લેતાં આખું કાવતરું ભાંગી પડ્યું ને આગેવાનોને આકરી શિક્ષા થતાં જ આવી ચળવળ આપોઆપ દબાઈ ગઈ.



સિંહ પકડવા માટે કરેલું પાંજરું

જે રાત્રે હું અને દાક્તર બ્રૉક સિંહની વાટ જોતા બારખાનાના ડબ્બામાં બેઠા ત્યારની એ બંને સિંહને એટલી તો બીક પેસી ગએલી દેખાઈ કે તે દિવસથી એ ત્સાવોને દૂરથી જ નમસ્કાર કરવા લાગ્યા. અને સાચું પૂછો તો, બ્રૉક મારાથી છૂટો પડયો અને યુગાન્ડાની મુસાફરીએ ગયો ત્યાર પછી લાંબા સમય સુધી એમણે અમારું નામ સરખુંયે લીધું નહિ. એમના તરફથી આમ શ્વાસ મેળવવાનો વખત મળ્યો એ દરમ્યાન મને વિચાર આવતો કે સિંહ ફરીથી હુમલો કરે તો એમને પાધરા કરવા માટે સરસમાં સરસ સાધન તો 'જાળ' થઈ પડશે. હું એવી 'જાળ' જો તૈયાર કરી શકું કે જેમાં જાનના રજ પણ જોખમ સિવાય એકબે મજૂરોનો 'બોડા' તરીકે ઉપયોગ કરી શકાય, તો પછી એમને પકડવા સિંહ એ પાંજરામાં પેસવાની હિંમત કરે અને એ જરૂર પકડાઈ જાય. આનો નિશ્ચય થતાં જ હું તરત એની પાછળ મંડયો અને ટૂંક વખતમાં લાકડાના સલેપાટ, રેલના પાટા, તારનાં દોરડાં અને લોખંડની ભારે સાંકળો જેવાં સાધન વડે એક અભેદ્ય એવું પાંજરું તૈયાર કરી નાખ્યું. મોટા ઝૂંપડાના આકારના આ પાંજરામાં બે ખાનાં રાખવામાં આવ્યાં હતાં: એક સિંહ માટે, બીજું માણસ માટે. પાંજરાના પાછળના ભાગમાં માણસોને અંદર પેસવાનો સરકતાં કમાડવાળો દરવાજો હતો. એમાંથી અંદર પેઠા પછી માણસો તદ્દન સલામત રહેતા, કારણ એમના અને સિંહનાખાના ની વચ્ચે ત્રણ ત્રણ આંગળ જેટલા અડોઅડ ઊભા રેલપાટાની આડી દીવાલ હતી. આ રેલોના છેડા ઉપર-નીચે લાકડાના સલેપાટમાં જડેલા હતા. પાંજરાની રચના ઉંદરિયાને મળતી હતી. માત્ર ફેર એટલો કે દરવાજો બંધ કરવા માટે આમાં સિંહને ખુદ ભક્ષ્ય (શિકાર) ને પકડવાની જરૂર ન હતી. દરવાજાની ગોઠવણ આ રીતે કરવામાં આવી હતી: સિંહને પેસવાના મથાળાના ભાગે એક જાડી ભારે સાંકળ દાટણા સાથે આડી જડી લેવામાં આવી હતી. એના બે છેડા બંને તરફ લટકતા ઠેઠ જમીન સુધી લંબાવેલા હતા આ લટકતા છેડાઓ સાથે વચ્ચે વચ્ચે આડી રેલો છ છ આંગળના અંતરે તારથી બાંધી લેવામાં આવી હતી. આને લીધે, સંકેલી ભેગો કરી ઉપાડી લેવાય એવો દરવાજો બની ગયો હતો. જ્યારે જરૂર ન હોય ત્યારે આ દરવાજાનો ગોળ વીંટો બનાવી લઈ, પાંજરાના ઉપલા ભાગમાં જડેલા લોખંડના આડા નાના ટુકડા પર અદ્ધર ઝૂલતો મૂકી દેવામાં આવતો. એ ટુકડાના બીજા છેડે તાર બાંધેલો હતો અને એ તારનો બીજો છેડો પાંજરાના અંદરના ભાગમાં ભોંયમાં સંતાડેલી એક કમાન સાથે બાંધી દેવામાં આવ્યો હતો. એટલે જેવો સિંહ પાંજરામાં પેસે કે તરત એનો પગ પેલી ધૂળમાં દાટેલી કમાન ઉપર પડે અને કમાન દબાતાંવેંત પેલો તાર ખેંચાય કે લાગલો એના છેડે બાંધેલો લોખંડનો ટુકડો છટકતાંવેંત ધડાક કરતો ક દરવાજો બંધ થઈ જાય! ગમે તેટલી મહેનતે પણ કોઇ જ દિશામાં સિંહ એને ધકેલીને ઊઘાડી શકે તેમ પણ ન હતું, કારણ એ સરકતું બારણું જમીનમાં દાટેલી બે મજબૂત ઊભી રેલોના ગાળા વચ્ચે બરોબર બંધબેસતું ભરાઇ જતું હતું.

આ પાંજરું તૈયાર કરવામાં અમને ભારે મહેનત પડી. દરવાજાની રેલોમાં સાંકળ બાંધવાનાં કાણાં પાડવાનું કામ, પૂરતાં હથિયારોના અભાવે અશક્ય થઈ પડયું હતું. પણ વિચાર કરતાં મને સૂઝયું કે મારી રાઇફલની કઠણ અણીવાળી ગોળીથી કદાચ આવાં કાણાં પાડી શકાય. એકાદ બે પ્રયોગ કરતાં મને સંતોષ થયો કે બંદૂકથી સારડી જેવાં જ બરોબર ગોળ કાણાં પાડી શકાતાં હતાં. પછી તો કામ રોકવા માટે કંઈ જ કારણ રહ્યું નહિ

પાંજરું તૈયાર થતાં જ સિંહને વધુ છેતરવાના ઈરાદાથી મેં મારો તંબૂ એના છાપરા ઉપર જ બંધાવી દીધો અને પાંજરાને ફરતી મજબૂત વાડ કરાવી લીધી. પાછલા ભાગમાં નાનું છીંડું રાખેલું હતું, જેને અંદર પેઠા બાદ એક ઝાંખરાથી બંધ કરી શકાતું હતું. આગળના ભાગમાં, પાંજરાની બરોબર સામે, સિંહને માટે બીજું છીંડું ઉઘાડું રાખવામાં આવ્યું હતું. મારી આ કારીગરી જેનેજેને દેખાડતો એ બધા ડહાપણ ડહોળી મોં મચકોડતા કે સિંહ એટલા ચાલાક અને કાબેલ હતા કે મારા આ ફંદામાં ફસાવાના જ નહિ. પણ આગળ જણાશે તેમ એમની બધી આગાહીઓ ખોટી પડી. શરૂઆતમાં કેટલીક રાતો તો મેં જાતે જ પાંજરામાં સિંહને લલચાવનાર 'બોડા' (ભક્ષ્ય) નું સ્થાન લીધું; પણ એથી કંઇ વળ્યું નહિ. માત્ર મેં મારી ઊંઘ અને આરામ ગુમાવ્યાં તથા મચ્છરોનો ભોગ બન્યો એ નફામાં.

વસ્તુતયા તો આ વખતે સિંહે અમારી મુલાકાત લીધી તે પૂર્વે કેટલાક મહિના વીતી ગયા. જોકે બીજાં સ્થળોમાં એમના રંજાડની વાતો તો અવારનવાર અમારા કાને આવતી રહેતી. બારખાનાના ડબ્બાવાળી રાત પછી ટૂંક વખતમાં એ રેલવેના આગલા નાકેથી બે માણસોને લઈ ગયા હતા. ત્સાવોથી દસેક માઇલ છેટે એન્ગોમાની નાગના સ્થળેથી પણ એક માણસને ઉપાડેલો. વળી થોડા વખતમાં જ પાછી એ સ્થળની મુલાકાત લીધી અને બીજા બે માણસને સપાટામાં લીધા. એમાંના એકને તો ફાડી ખાધો અને બીજાને પણ એટલાં બચકાં અને ઉઝરડા ભર્યાં હતા કે એ પણ થોડા દિવસમાં રામશરણ થઈ ગયો. માત્ર ત્સાવોમાં અમે શાતા અનુભવતા હતા અને અમારા એ વકરેલા દુશ્મનો હવે કાયમનો આ પ્રદેશનો ત્યાગ કરી ગયા છે એવા વિશ્વાસથી મજૂરો પણ રોજની રીતે કામે વળગી ગયા હતા અને છાવણીમાં પ્રથમના જેવો નિયમિત વ્યવહાર ચાલુ થઈ ગયો હતો.

[ક્રમશઃ]

તમારી સંતતિને પૈસાના વારસા કરતાં જ્ઞાનનો વારસો આપતા જાઓ, કારણ અજ્ઞાની દોલત કરતાં સુજ્ઞાની આશાઓ હમેશાં બહેતર હોય છે.

કુદરતે માણસને જીભ એક અને કાન બે આપ્યા છે તે એટલા જ ખાતર કે માણસ પોતે બોલે તેથી બમણું બીજાઓનું સાંભળે.

તમારી આસપાસ હમેશાં સંતોષનો દુર્ગ રચી રાખો, કારણ એ સૌથી વધુમાં વધુ દુર્ભેદ્ય હોય છે.

જ્યાં પ્રીતિની આણ વર્તે છે ત્યાંથી ભીતિ ભાગી જાય છે.

ગુજરાતના ભીલ લોકો આર્ય છે?

બાવીસ લાખની જે પ્રજાને 'અનાર્ય' કહીને આપણે તરછોડી છે તેનું વૈજ્ઞાનિક પરીક્ષણ આજે આપણી એ જૂની માન્યતાઓને ઉત્થાપે છે, અને કહે છે કે એ લોકો આપણામાંના આર્યો જ છે, આપણા જ લોહી-બાંધવો છે.



ભીલ યુવતી

વૈદિક કાળના પ્રારંભે, જ્યારે આર્યો ઉત્તર હિંદમાં આવેલા તે વેળા (ઈ.પૂ. ૨૦૦૦ની લગભગ), અહીં દ્રવિડ લોકો વસેલા હતા. એઓ પણ આર્યોના આગમનથી અઢી-ત્રણ હજાર વર્ષ પૂર્વે કોઇક અજાણ્યા પ્રદેશથી હિંદમાં આવ્યા હતા.[૧] આ દ્રવિડોની પહેલાં, અહીં અનેક જંગલી પ્રજાઓ વસતી હતી. એમનાં ખરાં નામોનો હજુ પત્તો લાગ્યો નથી. એટલે વિદ્વાનો નિષાદ, Pre-Dravidians (દ્રવિડોની પૂર્વે વસતા), Proto-Australoid[૨] (ઑસ્ટ્રેલૉઈડ કહેવાતા માનવવર્ગના મૂળ પુરુષો), Veddoid (સિલોનના આદિવાસી વેદાઓના સજાતીય) વગેરે કાલ્પનિક નામો દ્વારા એમને ઓળખાવે છે. હિંદની આ આદિવાસી પ્રજાઓના વંશધરો આજે પણ હિંદનાં ઘાડાં જંગલો અને અગમ્ય ડુંગરાળ પ્રદેશોમાં લાખોની સંખ્યામાં વસેલા મળી આવે છે. આ લોકો અનેક જાતિઓમાં વહેંચાએલા છેઃ મુન્ડા, સાન્થાલ, ઉરાંવ, ગોંડ, ભીલ, બૈગા, કોલ, કાદિર, ઉરળી, ચિંચુ, પોલ્યન, મુહુવન વગેરે વગેરે. આ લોકોની ખાસ ઓળખ એ છે કે તેમનાં કદ ઠીંગણાં, રંગ કાળો, નાક ચીબું ને પહોળું, મોં ઉપસેલું અને હોઠ જાડા હોય છે. એમના જીવનની સાંસ્કૃતિક બાજુ તપાસતાં તેઓ આર્યો અને દ્રવિડો કરતાં જુદી ધાર્મિક માન્યતા, જુદું સમાજબંધારણ, જુદા પ્રકારની બોલીઓ વગેરે ધરાવે છે.

ગુજરાતના ભીલો

યુગયુગોથી હિંદના આ અનાર્ય આદિવાસીઓને આશ્રય આપી રાખનાર ગણ્યાગાંઠ્યા પ્રદેશોમાં ગુજરાતની પણ ગણત્રી થાય છે. ભીલ, કોળી, દૂબળા, ચૌધરા વગેરે કેટલી યે રાનીપરજ અને કાળીપરજ જાતિઓ, એનાં અગમ્ય જેવાં વન અને પર્વતોમાં વસી રહી છે. એ સર્વમાં ભીલોની સંખ્યા સૌથી મોટી હોઈ ૨૨ લાખ જેટલી છે. ગુજરાતમાં પર્વતો અને જંગલોથી છવાએલો પંચમહાલ જિલ્લો એમનો મુખ્ય નિવાસપ્રદેશ છે, ને ત્યાંથી આસપાસના વાગડ, મેવાડ માળવા, નીમાડ અને ખાનદેશ સુધી થોડાઘણા પ્રમાણમાં એ લોકો પ્રસરેલા છે. આ આદિવાસી ભીલો ગુજરાતમાં એક સૂચક વિશેષતા ધરાવે છે; તે એ કે એમની બોલી ગુજરાતી છે જે ભીલોડીના નામથી ઓળખાય છે. બધા ભાષાશાસ્ત્રીઓએ આને ગુજરાતીનું એક અંગ માની છે. બીજા પ્રદેશના આદિવાસીઓ વિષે તેમ નથી. તેમની પોતાની એક જુદી ભાષા છે ને તેની જુદીજુદી સ્થાનિક બોલીઓ એ લોકો બોલે છે. એ ભાષા 'મુન્ડા' કે 'મુન્ડારી' કહેવાય છે. એકમાત્ર ગુજરાતમાં જ યુગયુગોથી આર્ય વસવાટોથયાં દૂર રહેતા આ આદિવાસીઓએ એક આર્ય ભાષા(ગુજરાતી)ને શી રીતે અપનાવી લીધી છે એ પ્રશ્ન માનવશાસ્ત્રીઓને મૂંઝવી રહ્યો છે; કારણ ભીલ લોકો આર્યોના સંપર્કમાં તો કદી રહ્યા નથી, તો પછી તેમની ભાષા એ કેમ અપનાવી શક્યા હશે ?

ભીલોની પ્રાચીનતા

માનવશાસ્ત્ર (Anthropology)ની જુદીજુદી સંશોધન પદ્ધતિઓ પ્રમાણે અત્યાર સુધીમાં ગુજરાતી ભીલોની જે જૂજજાજ તપાસ થઇ છે, તે પ્રમાણે એઓ કેટલીક રીતે અન્ય પ્રાંતોના આદિવાસીઓ સાથે સંબંધ ધરાવતા જણાયા છે. હિંદી સરકારના માનુષશાસ્ત્રી ડૉ. બી. એસ. ગુહા 'માનવમિતિશાસ્ત્ર' (Anthropometry) દ્વારા ચેન્ચુ લોકો અને ભીલો વચ્ચે નજીકનો સંબંધ હોવાનું માને છે. મૅકફરલેન, તેમનો આનુવંશિક સંબંધ ઉરાંવ અને મરીઆ ગોંડો સાથે સ્થાપિત કરે છે. ગુજરાતમાં તેમની ઉપસ્થિતિ સંબંધે સી. એસ. વેંકટાચાર એક અત્યંત રસપ્રદ માન્યતા રજૂ કરે છે કે 'દ્રવિડોની પણ પહેલાંના સમયે હિંદમાં વસતી મહાન 'મુન્ડા' પ્રજાનું એક અંગ તે આ ભીલ લોકો છે. આ પ્રજાએ વિન્ધ્યાચળ પર્વતની તળેટીઓમાં પોતાના વસવાટો સ્થાપ્યા હતા અને ત્યાંથી જરા બહાર ગુજરાતમાં જઈ વસતાં તેઓ દ્રવિડ પ્રજાના સંપર્કમાં આવેલા અને એથી તેઓ 'ભીલ'(આ નામનો ખુલાસો આગળ આવશે) કહેવાતા થયા. ભીલોની ઉત્પત્તિ સંબંધે આ વિદ્વાન આગળ જણાવે છે કે 'એ બનવાજોગ છે કે આ લોકો પ્રોટો-મેડીટરેનિયન નામના પ્રાચીન વર્ગના હોય. આફ્રિકાનો સહરા પ્રદેશ જ્યારે રણમાં પલટાવા લાગ્યો ત્યારે એ લોકો તેને છોડી જ્યાંત્યાં વેરવિખેર થઇ ગયા હતા અને એમના જેવા જ સાંસ્કૃતિક અવશેષો હિંદમાં પણ મળી આવ્યા છે તે તેમના આગમનનું સૂચન કરે છે. વિન્ધ્યાચળના પ્રદેશોમાં આ અવશેષો ખૂબ ફેલાયા છે.'[૩] વેંકટાચારની આ માન્યતા ખરી પડે તો નવાઇ નહિ. વિન્ધ્ય પ્રદેશની જેમ આખા ગુજરાતમાં પણ આ સંસ્કૃતિ (કે જે Caprian કહેવાય છે તે)ના અવશેષો પુષ્કળ પ્રમાણમાં મળી આવ્યા

---

૧. આર્યો અને દ્રવિડોના આગમન સંબંધી સામાન્ય માન્યતા અહીં દર્શાવવામાં આવી છે. ખરૂં જોતાં મોહેં-જો-ડેરોની શોધ પછી એ આખો પ્રશ્ન વિવાદાસ્પદ બની જઇ પુનઃતપાસને પાત્ર બન્યો છે. આર્યો બહારથી આવ્યાનાં પ્રમાણો તેમના સાહિત્યમાં મળતાં નથી અને દ્રવિડો ઉત્તર હિંદનું આધિપત્ય ભોગવતા હોવાની સાક્ષીઓ તેમનું પ્રાચીન સાહિત્ય, ભાષા, સંસ્કૃતિ કે પુરાવશેષો આપતા નથી.

૨. શારીરિક લક્ષણોની દૃષ્ટિએ આધુનિક માનવજાત ચાર મોટા વર્ગોમાં વહેંચાએલી છે. ઑસ્ટ્રેલૉઈડ, નેગ્રોઈડ, મૉંગોલૉઈડ અને કૉકેશીઅન. ઑસ્ટ્રેલૉઈડનાં લક્ષણો આ છેઃ ખૂબ પહોળું નાક જે ઉપરથી ઘણું ચીબું, લાંબું માથું, કાળો રંગ, કાળા અને સ્હેજ વાંકડીઆ વાળ. ઑસ્ટ્રેલિયાના આધુનિક જંગલી લોકો અને હિંદના કેટલાક આદિ વતનીઓ એ વર્ગમાં આવે છે.

---

૩ Census of India, 1931. Vol. I, Pt. III.

છે. અમદાવાદ શહેરની બહાર દસ માઈલના વર્તુલમાં જ ઘણા અવશેષો આવેલા છે. એમાંના ઘોડાકને ખોદાવી અંદરથી હાડપિંજરો કાઢીને માપવામાં આવે ને એ માપોને ભીલોનાં શારીરિક માપો સાથે સરખાવવામાં આવે તો આ પ્રશ્ન ઉકેલાઈ જાય. આ પુરાતન અવશેષો દસબાર હજાર વર્ષ જેટલા જૂના ખરા.

'ભીલ' એ દ્રવિડ ઉત્પત્તિનું નામ હોવાનું જણાય છે. તામિલમાં ધનુષ્ય (કામઠું) માટે 'બિલ' શબ્દ છે. કામઠું તે અદ્યાપિ ભીલનું પ્રતીક લેખાય છે. હજી પણ એ લોકો તેને વાપરે છે. આમ 'બિલ' ધારણ કરનાર લોકો તે બિલ્લ. એ શબ્દ અપભ્રંશ થતાં બિલ્લ 'ભીલ' કહેવાયા લાગે છે. મહાભારતમાં ગુજરાતના ભીલોની નોંધ મળે છે. કથાસરિત્સાગરમાં ય મળે છે. ગુજરાતની પાટણની પહેલાના કાળની રાજધાની શ્રીમાળનું અસલ નામ 'ભિલ્લમાળ' હતું. પછી મુસલમાની કાળના સાહિત્યમાં તો ભીલો સંબંધી પુષ્કળ નોંધો મળી આવે છે.

ભીલ જીવનની ઝાંખી

આખી ભીલ પ્રજા સંસ્કૃતિના એકસરખા તબક્કામાં હવે રહી નથી. જે વિસ્તારોના ભીલો કંદમૂળ ઈત્યાદિ ખાઈ રહેતા હોઈ આધુનિક વિસ્તારોથી ઘણે દૂર મધ્ય હિંદનાં સઘન વનો અને અગમ્ય પર્વતોમાં વસે છે તેમની સંસ્કૃતિ, અને પંચમહાલના સુધરેલા તથા ફળદ્રુપ વિસ્તારોવાળા ભીલોની સંસ્કૃતિ વચ્ચે સ્થાનિક અંતર જોવામાં આવે છે. બધી ભીલ કોમોની સાંસ્કૃતિક તપાસ હજી થઈ નહિ હોવાથી એમની સ્થાનિક સંસ્કૃતિઓની વિગત હાલ પ્રાપ્ત નથી. પણ ભીલોનાં થોડાંક આગળપડતાં તત્ત્વો આ પ્રમાણે છે:

(૧) ભીલો ગામો વસાવીને વસતા નથી. જ્યાં એ લોકો કંદમૂળ ખાય છે ત્યાં ટેકરાઓ પર અને જ્યાં ખેતીવાડી કરે છે ત્યાં પોતપોતાનાં ખેતરમાં દરેક ભીલ અલગ ઝૂંપડી બાંધીને રહે છે. લગ્ન થતાં છોકરાઓ પોતપોતાના માટે એવી સ્વતંત્ર ઝૂંપડી બાંધીને રહેવા લાગે છે. એવાં છૂટાં ઝૂંપડાઓનો જૂથ 'ભીલપાલ' અગર 'પાલ' કહેવાય છે. એવા દરેક 'ભીલપાલ'નો આગેવાન 'ગામેતી' કહેવાય છે.

(૨) ખેતીવાડી કરનાર ભીલોનો મુખ્ય ખોરાક 'રાબડી' (છાશમાં ઉકાળેલી મકાઇ) હોય છે. મુખ્ય ધાન્ય મકાઈ. વારતહેવારે ઘઉં ખવાય. માંસાહાર પણ કરે છે. વાંદરા અને ગાયનું માંસ અમુક અમુક વિસ્તારોમાં ખાતા નથી. દારૂ છૂટથી પીવાય છે.

(૩) અત્યંત ગરીબીને લઈ એ લોકો વસ્ત્રો ઓછાં વાપરી શકે છે. માથે ચીંથરાં થઈ ગએલી પાઘડી, ડીલ તદ્દન ઉઘાડું, કપડામાં માત્ર નાના ચીંથરાની લંગોટી, કે જેના આગલા ભાગમાં મર્યાદા માટે સહેજ પહોળો કકડો ખોસી લેવામાં આવે છે. જોડા વાપરી શકતા નથી.

(૪) ખૂબ સંપથી રહે છે. કટોકટીને વખતે એક ખાસ પ્રકારની બૂમ પાડતાં બધાં ઝૂંપડાઓમાંના ભીલો જોતજોતાંમાં એકઠા થઈ જાય છે.

(૫) આતિથ્ય–સત્કારમાં એ લોકો એક્કા હોય છે. પોતે ભૂખ્યા પેટ રહીને પણ અજાણ્યા અતિથિને જમાડશે. અને શરણે આવેલા માટે જીવ દેતાં વાર નથી લગાડતા. ખોટું બોલવાને એ લોકો મોટામાં મોટું પાપ ગણે છે. કોર્ટમાં તુરત ગુનો કબૂલી લે છે. કુતરાના માથે હાથ મૂકીને સમ ખાય છે.

(૬) ચોરી કે ધાડને (ખાસ કરી ઢોરની ચોરીને) પોતાનો હક લેખે છે. ધાડ પાડતાં રાજીખુશીથી પણ કોઈ બીકને લઈને માલમત્તા આપે તોપણ લેતા નથી. જેની ચોરી કરે તેને ઈજા પહોંચાડીને જ લ... છે. એમ કરવાથી ચોરી હકની થએલી ગણે છે.

... એમની ધાર્મિક ક્રિયાઓનો કરાવનાર પુરોહિત 'વટવો' ...પીર' કહેવાય છે. એ ધૂણે છે અને એ સ્થિતિમાં દરેકનાં દુઃખદર્દના ઉપાયો બતાવે છે. મરણોત્તર ક્રિયા કરાવનાર પુરોહિત જુદો હોય છે. એ 'રાવળો' કે 'રાવળીઓ' કહેવાય છે.

(૮) બ્રાહ્મણ પ્રત્યે એમને ખાસ ઘૃણા હોય છે. અડફેટે ચડી જાય તો તેનો ખાખરો ખેર્યા વગર પણ નથી રહેતા. કારણની ખબર નથી.

(૯) લગ્ન મોટી ઉંમરે જ થાય છે. વર–કન્યા પોતાની મેળે પરસ્પરની પસંદગી કરી લે છે. યુવક પરાક્રમી હોય, અગર નૃત્ય કરતાં સારૂં જાણતો હોય તો તેને સહેજે કન્યા મળી રહે છે. સામુદાયિકરીતે પણ એ કાર્ય થાય છે. એના માટે 'ગોળગધેડો' નામનો ઉત્સવ યોજાય છે. એક વૃક્ષની (અગર તો તેની લાંબી ડાળ કાપીને ખોડી હોય તેની) ટોચે નાળિયેર અને ગોળ બાંધે છે. પછી કુંવારાં યુવક અને યુવતીઓ ત્યાં ભેગાં થાય છે અને બે વર્તુળમાં ગોઠવાય છે. યુવતીઓનું વર્તુળ થાંભલાની આસપાસ અંદર, અને પુરુષોનું બહાર હોય છે. પછી પૂર જોશમાં જાતજાતનાં નૃત્યો ગાયન અને વાદન સાથે થવા લાગે છે. એમાં તક સાધી પુરુષે સ્ત્રી–વર્તુળને વીંધી વૃક્ષ કે થાંભલા ઉપર ચડી જઈ નાળિયેર ને ગોળ ઉપાડી લેવાનાં હોય છે. પોતાના વર્તુળને કોઈ પુરુષ ન વીંધી શકે તેની સ્ત્રીવર્ગ ખાસ ચોકસાઈ રાખે છે. એમ છતાં ચપળ યુવકો પોતાનું ધ્યેય સાધે છે ને એવા સફળ યુવકને પોતાની મનગમતી યુવતીનો હાથ ઝાલી વર્તુળમાંથી પોતાની ભાવી પત્ની તરીકે ચૂંટી કાઢવાનો હક હોય છે. બંને જણ પહેલેથી પરસ્પરના પરિચયમાં તો આવી જ ગએલાં હોય છે. આ ગોળ–ગધેડા પછી લગ્ન થાય છે.

(૧૦) દરેક યુવકે, જે માણસની છોકરીને ભાવી પત્ની તરીકે ચૂંટે છે તેને, છોકરીના બદલામાં કંઈક રોકડ રકમ અથવા ઢોરઢાંખર વગેરે બીજી વસ્તુઓ આપવી પડે છે. જે યુવક એ આપવા સમર્થ ન હોય તે તેના સસરાના પક્ષમાં આવીને રહે છે (ઘરજમાઈની પેઠે) ને તે પછી લગ્ન થાય છે. એમાં, મંડપની અંદર શમી વૃક્ષની ડાળ ખોડેલી હોય તેને બાર ફેરા ફરવાના હોય છે. બસ, એટલેથી લગ્ન પતી જાય છે. અલબત્ત, એ પછી જમણ વગેરે ખરૂં.

(૧૧) માણસ મરી જતાં શબને હળદરના પાણી અને છાશથી નવડાવે છે, પછી તેની ઠાઠડી કાઢી બાળવામાં આવે છે. શીતળાના રોગી અગર બાળકને દાટે છે. તેરમે દિવસે તેરમાનું જમણ થાય છે. અવગતે મરનારનો પાળીઓ રોપાય છે.

(૧૨) ભીલોમાં ગોત્ર હોય છે. લગ્નસંબંધમાં સમાન લોહીનો સંબંધ બચાવાય છે. કેટલાક વિસ્તારોમાં મામા ને ફઈના દીકરા–દીકરીઓ વચ્ચે લગ્નસંબંધ (cross-cousin marriage) થાય છે. એકપત્નીવ્રત પળાય છે. સ્ત્રીઓનું વધારેપડતું માન જળવાય છે.

(૧૩) સામાન્ય રીતે વિધવા તેના દિયેરની પત્ની થઈ જાય છે—જો તેને દિયેર પસંદ હોય તો. નહિતર બીજે જઈ શકે છે. પતિના તેરમાના દિવસે દિયેર ઓઢણી મોકલે છે. જો વિધવા ભાભી એ રાખી લે તો પત્ની થવા રાજી છે એમ સમજાય છે, ને જો ન રાખે તો બીજે જશે એમ ધારી લેવાય છે. પછી જે પુરુષને ત્યાં તેને જવું હોય તે પુરુષે



ગુજરાતનો ભીલ

વિધવાના દિયરને ખરા હકદાર તરીકે કંઈક નુકસાની આપવી પડે છે.

(૧૪) ભીલોમાં છુટાછેડાનો રિવાજ છે. આ પ્રસંગે પુરુષ સ્ત્રીની ઓઢણીનો છેડો ફાડી લે એટલે છુટાછેડા થયા લેખાય.

(૧૫) ભીલો ત્રણ પ્રકારની દેવારાધના કરે છે. વૈદિક આર્યોની જેમ એમના મુખ્ય દેવો તે નિસર્ગદેવો: અગનદેવ, ઈંદરરાજ, જલદેવ અને પવનદેવ. એમની આરાધના થાય છે. મૂર્તિ રૂપે માત્ર શિવ, હનુમાન, ભૈરવ અને માતા પૂજાય છે. વળી દરેક 'ભીલપાલ'નો એક 'ગ્રામદેવ' હોય અમુક સ્થળે પથરાઓનો ઢગલો કરી દઇ તેને 'ગ્રામ દેવ' માની લેવામાં આવે છે. દરેક પાલનો જુદો ગ્રામદેવ હોય. તેનું નામ એ પાલવાળાઓ વિના કોઈ જાણતું હોતું નથી. આ ઉપરાંત ઘોડાજાતે (ઘોડા રાજાતે), વાઘાજાતે (વાઘરાજાતે) વગેરે પ્રાણીઓ ઓછી અગત્યના દેવો તરીકે પૂજાય છે. ભૂતપ્રેતોની માન્યતા ખૂબ પ્રચલિત છે.

બાણાસુરની પુત્રી ઉષા કે જે અનિરુદ્ધની વધૂ અને શ્રીકૃષ્ણની પૌત્રવધૂ હતી તે ભીલોમાં દેવી તરીકે પૂજાય છે એ વાત ખાસ અગત્યની છે. કારણ એ દેવી તરીકે પૂજાતી હોવાનું બીજું ઉદાહરણ મળતું નથી.

(૧૬) ભીલોની કળા વિષે ખાસ માહિતી હજુ મેળવાઇ નથી.

(૧૭) તીરકામઠાં વગર એ લોકો ઘરની બહાર નીકળતા નથી. તીર મારવામાં એવા પાવરધા હોય છે કે અંધારી રાત્રે ખૂબ છેટે કોઇ બીડી ફૂંકે અને એથી જે જરા ચમકારો થાય એ દિશામાં ભીલ તીર ફેંકે તો પણ વાગ્યા વગર રહે નહિ.[4]

ભીલોનો ઇતિહાસ લખવાનો હજી પ્રયાસ થયો નથી. તેમના સંબંધે ખાસ સંશોધન પણ ગુજરાતમાં થયું નથી. અલબત્ત એમના સુધાર અને ઉદ્ધાર માટે ગુજરાતે આદર્શ કાર્ય કર્યું છે. એ કાર્યકર્તાઓ યુરોપિયન મિશનરીઓની જેમ અભ્યાસીઓ બન્યા નથી તે શોચનીય છે. એ દિશામાં શ્રી પોપટલાલ ગો. શાહની આગેવાની નીચે હાલમાં ગુજરાત સંશોધન મંડળે કાર્ય કરવા માંડ્યું છે અને માત્ર એક જ વારના સંશોધનથી ભીલો વિષે જે માહિતી એકઠી થઈ છે તે ચોંકાવનારી કહેવાય, કારણ એનાથી એવું સિદ્ધ થતું દેખાય છે કે ગુજરાતના આદિવાસી ભીલો તે કોઈ અનાર્ય જાતિ નથી

ભીલો સંબંધે નવું સંશોધન

ભીલોની આ સ્તુત્ય માનવશાસ્ત્રીય તપાસ ૧૯૪૨ના શિયાળામાં ઉપાડવામાં આવી હતી. જુદાજુદા પ્રકારની તપાસ માટે જુદાજુદા અનુભવી વિદ્વાનોએ કાર્ય કર્યું હતું. ભીલોના લોકજીવનનું સંશોધન એ મંડળના એક આગેવાન અને ઉપપ્રમુખ શ્રી પોપટલાલ ગો. શાહે ઉપાડી લીધું હતું. રક્તપરીક્ષણ દ્વારા વંશપરંપરા-નિરૂપણ (Blood group test) ના કાર્ય માટે લખનૌ યુનિવર્સિટીવાળા હિંદના એક પ્રખર માનવશાસ્ત્રી ડૉ. ડી. એન. મજુમદાર આવ્યા હતા. માનવમિતિનું કામ મુંબાઈના સુપ્રસિદ્ધ માનવશાસ્ત્રી ડૉ. જી. એમ. કુરુલકરે હાથ ધર્યું હતું. આ કાર્ય માટે ભીલ વિસ્તારમાં સઘળી ગોઠવણો ભીલ સેવામંડળ તરફથી તેના એક આગેવાન શ્રી વણીકરે જાતે સાથે રહીને કરી આપી હતી. આ સંશોધન પૂરું થઈ રહેતાં તે નીચેના સાહિત્ય દ્વારા પ્રગટ કરવામાં આવ્યું છે:

(1) P. G. Shah:—"Non-Hindu Element in the cultures of the Bhils" in Essays in Anthropology presented to S. C. Roy (1942) (2) D. N. Majumdar:—"The Bhils of Gujarat" in the Journal of the Gujarat Research Society, October, 1942. (3) G. M. Kurulkar:—"A Preliminary Note on Anthropo-metric Investigation of Bhils" (ઉપલા ત્રૈમાસિકમાં જ). ભીલો સંબંધે ગુજરાત સંશોધન મંડળે કરાવેલી આ નવી મહત્ત્વપૂર્ણ શોધખોળની સંપૂર્ણ વિગતો માટે આ ઉપલું સાહિત્ય વાંચવું જોઇએ.

આ સંશોધનનું જે પરિણામ આવ્યું છે તેનો સાર એ છે કે ભીલો એ અનાર્ય નથી. તેઓ આર્યોના વંશધરો છે કે કેમ તે ચોક્કસ કરવા માટે થોડાક વિશેષ સંશોધનની જરૂર છે. જે મુદ્દાઓના આધારે તેઓ અનાર્ય નથી એવું સિદ્ધ થાય છે તે સાર રૂપે આ પ્રમાણે છે:

(૧) ડૉ. મજુમદાર જણાવે છે કે એમણે જ્યારે પહેલવહેલી વાર ભીલોને જોયા ત્યારે તેમનાં શારીરિક લક્ષણો તેમને આદિવાસીઓના જેવાં જણાયાં નહિ. અગાઉ ખોટી કાર્યપદ્ધતિ અને નિર્ણયના આધારે તેમને આ વર્ગના માની લેવામાં આવ્યા હતા. એ દિશામાં ડૉ. મજુમદારે વિશેષ તપાસ કરીને કહ્યું છે કે શારીરિક લક્ષણો જોતાં ભીલો આર્યવર્ગમાં ભળી જાય તેવા છે. અનાર્ય આદિવાસી જાતિઓને તેઓ મળતા આવતા નથી.

(૨) હિંદના બીજા આદિવાસીઓને તેમની સ્વતંત્ર ભાષા છે, જે 'મુંડા' કહેવાય છે. એ પ્રાથમિક તબક્કાની ભાષા છે અને તેની જુદીજુદી બોલીઓ એ લોકોની જુદીજુદી જાતિઓમાં પ્રચલિત છે. એથી ઉલટું, ભીલ લોકોની માતૃભાષા શુદ્ધ આર્ય વર્ગની (ગુજરાતી) છે અને તેમાં જરાયે મુંડા તત્ત્વો માલૂમ પડ્યાં નથી.

(૩) ભીલોમાં તેમની ઉત્પત્તિ સંબંધેની કથાઓ હિંદુ દેવો-જેવા કે શિવપાર્વતી વગેરે સાથે સંકળાએલી છે.

(૪) લોહી-પરીક્ષણ જે જાતિનિર્ણય માટે સૌથી વધુ પ્રમાણભૂત સાક્ષી મનાય છે તે પ્રમાણે ભીલોનું લોહી તપાસતાં તેમાં અનાર્ય તત્ત્વનું અસ્તિત્વ જણાયું નથી.

ભીલ લોકો આપણા નથી, તેઓ અનાર્ય ને જંગલી છે એ માન્યતા આપણામાં રૂઢ થઈ ગએલી છે, ને એ માન્યતાએ જ બાવીસ લાખ ભીલોને સદીઓથી આપણાથી દૂર અને તરછોડાએલા રાખ્યા છે. વિજ્ઞાન હવે આ ખોટી માન્યતાઓને ઉત્થાપે છે ને કહે છે કે એ લોકો આપણામાંના જ છે. સંસ્કૃતિના માર્ગે આપણા મહાપ્રસ્થાનમાં થાકીને આપણાથી છુટા પડી ગએલા અને પછવાડે રહી ગએલા એ આપણા જ બાંધવો છે. ગાંધીજીના ગુજરાતે, માનવસમાનતાની નજરે, વર્ષો પહેલાં એ વાત અનુભવી અને પંચમહાલ તથા બીજા ભીલ પ્રદેશોમાં સેવાભાવી કાર્યકર્તાઓનાં થાણાં નંખાઈ ગયાં. એ લોકો આપણા એ બાંધવોને આપણી વચ્ચે લાવવા આજ મથી રહ્યા છે ને તેમાં ખૂબ સફળતા મેળવી રહ્યા છે. હવે, ભીલો અનાર્ય નથી પણ આનુવંશિક દૃષ્ટિએ આપણા જ છે એ વાત વિજ્ઞાને જણાવી છે. એટલે આપણી અને તેમની વચ્ચે જે થોડુંક અંતર રહ્યું છે તે પણ નાશ પામશે ને એક દિવસ એવો આવશે કે ભીલો અને આપણી વચ્ચે કશો ભેદ રહેશે નહિ.


ભીલોની દંતકથાઓ તેમને ક્ષત્રિય-વર્ણમાંથી ઉતરી આવેલા કહે છે. એ વાત ખરી હોઈ શકે. ભીલોની સંસ્કૃતિમાં કેટલાંય આદિમ Primitive તત્ત્વો દેખાય છે, પણ એવાં તત્ત્વો બધા કિસ્સાઓમાં આદિમપણાનાં સૂચક હોતાં નથી. અનુકૂળ સંજોગોની હવામાં સંસ્કૃતિ જેમ આગેકદમ માંડે છે, તેમ પ્રતિકૂળ સંજોગોના વાતાવરણમાં તે

---

૪ ભીલ જીવનની આ વિગત મુખ્ય અંશે પાછળ ઉલ્લેખાએલા શ્રી પોપટલાલ ગો. શાહના લેખ ઉપરથી લેવામાં આવી છે. મુદ્દા નં. ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૧૨, ૧૫, અને ૧૭ની વિગતો મારી પોતાની કોઇ પંચમહાલ જિલ્લામાં થોડાક માસના વસવાટના સમયે થએલા ભીલોના અનુભવ ને નિરીક્ષણના આધારે અહીં આપેલી છે.

પીછેહઠ પણ કરે છે. પૅસિફિકના બેટોના પૉલીનેશિયન લોકો, દક્ષિણ આફ્રિકાના હૉટેટૉટ તથા બૅચુઆના અને અમેરિકાના રેડ ઇન્ડિયનો આજે જંગલી મનાય છે, પણ એક સમયે એ પ્રજાઓ અત્યંત સુસંસ્કૃત હતી એ વાત છાની નથી. ભીલોના વિષે પણ તેમ જ બન્યું લાગે છે. વળી શ્યામ વર્ણ એ અનાર્યત્વની નિશાની નથી. અમુક પ્રકારના કુદરતી સંજોગોમાં શરીરનો વર્ણ બદલાય છે એ વિજ્ઞાનસિદ્ધ વાત છે અને જાતિભેદ સાથે તેને ખાસ લેવાદેવા નથી હોતી. ભીલજીવન સંબંધે હજી વધુ શોધખોળ થવી જોઇએ છે. **અમૃતલાલ વ. પંડયા**

મોટર કેવી રીતે ચાલે છે



મોટરની અંદરની યંત્રરચના સળંગપણે ખુલ્લી જોઈ શકાય એવી રીતે આ ચિત્ર ખાસ યોજ્યું છે. મોટર ચલાવવી શરૂ કરતાં પહેલાં હાંકનાર સૌ પ્રથમ ખાતરી તો એ કરી લે છે કે તેનો 'ગીઅર-લીવર'નો દંડો બરોબર ન્યૂટરલના સ્થાન પર સ્થિર છે કે નહિ, કે જેથી ગતિ આપનાર ધરી (પ્રોપેલર શાફ્ટ) ક્લચમાંથી છુટી પડી ગઇ હોય. એ સ્થિતિમાં ગતિ આપનાર ધરીની આડે પહેલા અને બીજા ગીઅરના વ્હીલની વચ્ચે એક આવી જાય છે અને એન્જિન ચાલુ થાય તોપણ તે ધરી (શાફ્ટ) ફરી શકતી નથી. આટલી ખાતરી કરી લીધા પછી ડ્રાઇવર સ્વિચબોર્ડમાંનો 'મૅગ્નેટો' ફેરવે છે અને 'સ્ટાર્ટર પુશ' દબાવીને મોટરને ચાલુ કરે છે. આથી 'ક્લચ'નું મોટું 'કૉગ વ્હીલ'નું ચક્કર ફરવા માંડે છે. તેને લીધે 'ક્રૅંક'ની ધરી ફરતી થાય છે અને ચાર 'પિસ્ટન'માંના બે નીચે ખેંચાય છે. એ જેવા નીચે ઊતર્યા તેવી જ 'કારબરેટર'માંની પેટ્રોલની વરાળ, ઉપરના 'કમ્બશ્ચન ચેમ્બર'માં ખેંચાય છે. (આ ક્રિયા ચિત્રના ઉપલા ડાબા ખૂણામાં મોટી આકૃતિઓ વડે બતાવી છે.) એક બાજુ આ ક્રિયા ચાલતી હોય છે ત્યારે બીજી બાજુએ, ક્રૅંકની ધરી ફરવા સાથે એક બીજી ક્રિયા પણ ચાલુ થાય છે,–તે મૅગ્નેટો ચાલુ થવાની. મૅગ્નેટો ચાલુ થવાથી તેનો કરન્ટ ઉપરના 'સ્પાર્ક પ્લગ'માં પહોંચીને કમ્બશ્ચન ચેમ્બરમાંની પેટ્રોલની વરાળમાં તણખો પાડે છે. એ તણખો પડતાંવેંત પેટ્રોલની વરાળ ધડાકો કરતીક ને પિસ્ટનને નીચે ધકેલે છે, અને આમ એન્જિનનું કામ ચાલુ થાય છે. કારબરેટરને આ કાર્ય માટે પેટ્રોલ જોઇએ તે મોટરના પાછલા ભાગમાંની ટાંકીમાંથી પેટ્રોલ ખેંચનારી 'હવા' ટાંકી વડે એક નળી દ્વારા ખેંચાઇને મળ્યા કરે છે. હવે ક્લચ તો ફરવા મંડી ગઇ હોય છે, પણ ડ્રાઈવર જ્યાં સુધી ક્લચ પેડલ ઉપર પોતાનો પગ દાબીને ગીઅર લીવરને ન્યૂટરલમાંથી છટકાવીને ફર્સ્ટ સ્પીડ પોઝીશનમાં લાવે નહિ ત્યાં સુધી મોટર ચાલી શકતી નથી. જેવું તેણે એ કર્યું તેવી જ પ્રોપેલર શાફ્ટ (ગતિ આપનાર ધરી) પરની બ્રેક પણ સંકેલાઇ જાય છે અને તે ધરી દ્વારા પાછલાં પૈડાં સાથે એન્જીનનો સંબંધ ચાલુ થઇ જાય છે. હવે હાંકનાર પોતાનો પગ ઉઠાવી લે છે, એટલે ક્લચનું પેડલ પાછું ઉપર આવતું રહે છે અને ક્લચ, 'કોન'ને જકડી લે છે, એટલે તે પણ સાથે ફરવા માંડે છે. તેની સાથે તેના પરનું 'કૉગવ્હીલ' (દાંતાચક્કર) પણ ફરવા લાગે છે. એ કૉગવ્હીલની સાથે ગીઅર બૉક્સમાંનું પહેલું કૉગવ્હીલ ભેરવાએલું હોય છે, એટલે તેની સાથોસાથ હવે તે પણ ફરવા માંડે છે. એ કૉગવ્હીલવાળી નીચલી શાફ્ટમાં જુદાજુદા માપનાં બીજાં બે વ્હીલ હોય છે. મોટરની સ્પીડને વધારેઓછી કરવી હોય તે આ બે ચક્કરો વડે થાય છે. એ બેમાંનું જે ચક્કર ઉપલી ધરીમાંના ચક્કર જોડે લાગુ કરવામાં આવે તેના પ્રમાણમાં મોટરની ગતિ વધે-ઘટે છે. ગીઅર-લીવરનો દંડો આઘોપાછો હલાવીને ડ્રાઈવર પોતાને જરૂરી આવે તે ચક્કરને ઉપલી ધરીના ચક્કર સાથે જોડી શકે છે, અને આમ મરજી પ્રમાણેની ગતિ મેળવે છે. ચિત્રના નીચેના ભાગમાં, ગીઅર બૉક્સનાં એ દાંતાચક્કરોની ત્રણ જુદીજુદી આકૃતિઓ વડે એ બતાવ્યું છે. ઉપલી ધરીનાં દાંતાચક્કર આમ ગતિમાં આવતાં જ એ ધરી (પ્રોપેલર શાફ્ટ) ફરવા માંડે છે, અને તેને છેડે આવેલું બીજું દાંતાચક્કર ગાડીનાં પાછલાં પૈડાંમાંના દાંતાચક્કરમા ભેરવાએલું હોઈ તેને લીધે પૈડાંની ધરી પણ ફરે છે અને ગાડી ચાલવા માંડે છે. ગાડીને ઊભી રાખવા માટે આ પૈડાંઓ ઉપર બ્રેક (રોકણી) લગાડેલી હોય છે. ગીઅર-લીવરના દંડાની બાજુમાં જ બ્રેક-લીવરનો દંડો પણ હોય છે. તે હલાવતાંવેંત બ્રેક પૈડાં પર ચોંટી જાય છે ને તે ફરતાં અટકી જઇ ગાડી ઊભી રહે છે. ડ્રાઈવરના હાથમાં મોટું ચક્કર હોય છે તે તો ગાડીને ડાબી-જમણી બાજુએ વાળવા માટે હોય છે. (Courtesy: World of Wonder)

મૉંગોલિયાનો લડાયક સાધુ જા-લામા



એક સ્વપ્નસેવી સત્તાકાંક્ષીમાંથી જાલિમ લુટારો બનીને જે પોતાનાં ગજબનાક કામોની કરપીણ ત્રાસકથાઓ મૉંગોલિયાને ગામડેગામડે મૂકતો ગયો છે.

એશિયાનું વિશાળ અંતઃસ્થળ આપણે માટે આજ સુધી એક અણજાણ ને ગહન પ્રદેશ રહ્યો છે અને ત્યાંની મૉંગોલ પ્રજાના સ્વભાવ, સંસ્કૃતિ અને તવારીખની આપણને નહિવત્ માહિતી છે. એવા એ અગોચર પ્રદેશમાં, ગઇ બે વીશી દરમ્યાન મૉંગોલ જનતા પર પોતાની વિદ્વત્તા અને ક્રૂરતા, દિલેરી અને કરપીણ ઝનૂન, રાષ્ટ્રપ્રેમ અને ખૂનતરસી ચાંચિયાગીરી એવા પરસ્પર વિરોધી ગુણો વડે અદ્‌ભુત ધાકભરી છાપ પાડનાર એક અજબ વ્યક્તિનો આ વૃત્તાંત છે.

અઢારમા સૈકામાં થઈ ગએલા અમુરસાનાનો એ અવતાર ગણાતો; અદ્‌ભુત વિદ્વત્તા ધરાવતો એ ધર્મપુરુષ લામા લેખાતો; ૧૯૧૧ની મૉંગોલ રાષ્ટ્રક્રાન્તિમાં આગળપડતી વ્યક્તિ બની એ ઘૂમ્યો હતો; અને પૈસા ખાતર નિર્દોષ કેદીઓની જીવતી ચામડી ઊતારનાર ત્રાસજનક લુટારા તરીકે એણે ત્રાહીત્રાહી પોકરાવી હતી. મૉંગોલિયા, ચીન, તિબેટ અને ચિનાઇ તુર્કસ્તાનનું સંયોજન કરીને, મૉંગોલિયામાં તેનું એક મહારાજ્ય રચવાનાં સ્વપ્નો સેવનાર એ અજબ વ્યક્તિ આજ પોતાનાં ક્રૂર બહારવટાના કરપીણ જુલમોની ત્રાસકથા મૉંગોલિયાના ગામડેગામડે મૂકી ગયો છે.

એ ભયકારક સાધુ યોદ્ધા અને દેશપ્રેમી લુટારાના જીવનની પૂર્વકથા અજ્ઞાત ને અકળ છે. એ ક્યાં જન્મ્યો હતો અને કયા અભિલાષાથી એણે જીવન શરૂ કર્યું તે કોઈ જાણી શક્યું નથી. અને તેના પાછળના જીવનનો જે તુટક વૃત્તાંત મળી આવે છે તે પણ મૉંગોલ અને તિબેટન લામાઓ તથા પરચુરણ માણસો પાસેથી. એના એ રહસ્યમય જીવનનો વિસ્તાર એટલી બધી પ્રવૃત્તિઓ, પ્રવાસો ને પલટાઓથી ભરચક છે કે એ બધાંને કડીબંધ સાંકળવાં મુશ્કેલ છે.

આસ્ટ્રાખાનથી પેકિંગ અને ઉર્ગાથી હિંદ સુધીનો સમસ્ત એશિયાનો વિશાળ અંતરાળ એ એનું કાર્યક્ષેત્ર હતું. પાંત્રીસ વર્ષો સુધી એ અદ્‌ભુત આદમીએ પોતાનાં ભય અને આશ્ચર્યપ્રેરક કૃત્યોથી આખા મૉંગોલિયાને મંત્રવશ બનાવી મૂક્યો હતો. અને આજ આટલાં વર્ષ વીતી ગયા છતાં મૉંગોલોમાંથી તેનો ધાક લેશમાત્ર ઓછો થયા વિના, તેમના એક પ્રાચીન રાષ્ટ્રવીરના અવતાર તરીકે એ ત્યાં પૂજાય છે.


મૉંગોલ પ્રજા તો તેનામાં અનેક દેવતાઇ શક્તિઓનું આરોપણ કરે છે; પણ એટલું ખરૂં કે તેની શક્તિઓ અજબ ને અપરંપાર હતી. અનેક લામાસરાઇઓમાં રહી તેણે બૌદ્ધ તત્ત્વજ્ઞાનના અટપટા ગ્રંથોનો અભ્યાસ કર્યો; મધ્ય એશિયાની કિનારે આવેલા બધા દેશો તે ખૂંદી વળ્યો; દક્ષિણ મૉંગોલિયાના ગોબીના રણમાં તેણે કિલ્લેબંધીઓ કરી; આધુનિક ઢબની શિસ્તબદ્ધ લશ્કરી તાલીમ આપી તેણે લશ્કરો ઊભાં કર્યાં; મૉંગોલિયન જાતિઓનાં નવવિધાન અને વિજયોનાં તેણે સ્વપ્નાં સેવ્યાં; અને એક ત્રાસજનક બહારવટિયા તરીકે તેનો અંજામ આવ્યો. પણ એના જીવનની આ વિવિધરંગી શેતરંજ આપણને એટલી તો ખાતરી કરાવી આપે છે કે તેનામાં સતેજ કલ્પનાશક્તિ હતી ને પ્રજાસંગઠનની દિશામાં કાંઈક કરી બતાવવાનો પ્રયત્ન તેણે કર્યો છે.

'જા-લામા'ના ભય અને આદરપ્રેરક નામે લોકહૃદયમાં અંકાઈ ગએલી એ અજબ વ્યક્તિનું ખરૂં નામ 'માલ-હેન' હતું. દક્ષિણ રશિયાના આસ્ટ્રાખાન પરગણામાં બાઝાદુરબો જાતિમાં તે જન્મેલો. બહુ જ નાનો હતો ત્યારે તેને મૉંગોલિયા લાવવામાં આવ્યો અને ચીનાઇ સરહદ પરની કુલોં-નોરની લામાસરાઈમાં વિદ્યાર્થી તરીકે મૂક્યો. ત્યાંથી પ્રવાસ કરતો કરતો તે તિબેટના લ્હાસા નગરની મોટામાં મોટી ગોચાંગ વિદ્યાપીઠમાં આવ્યો ને ત્યાં વર્ષો સુધી રહ્યો. ઘણાખરા મૉંગોલિયન લામા અહીં જ અભ્યાસ માટે આવતા. તિબેટના બધા મઠો ત્યાર પછી તે ઘૂમી વળેલો અને ત્યાંના જીવનનો પાકો અનુભવ મેળવેલો. અનેકવાર તેણે ગોલોકજાતિના લુટારા સાથે ભેટો કરેલો. ત્યાંથી તેણે હિંદનો પ્રવાસ પણ ખેડેલો અને બુદ્ધ ભગવાનનાં તીર્થોની યાત્રા કરેલી.

તરુણાવસ્થાથી જ તે મહત્ત્વાકાંક્ષી, આવેશમય અને કઠોરદિલ હતો. એવું કહેવાતું કે જરા જેટલા વાંધા માટે તેણે મઠમાંના પોતાના સાથીને મારી નાખેલો, અને મઠના કડક કાનૂનોથી બચવા લ્હાસા નાસી ગએલો. એ ખૂનના બનાવથી તેની જિંદગીનો પાટો બદલાઈ ગયો અને ત્યાર બાદ તેણે શસ્ત્રધારી સાધુ તરીકે કારકિર્દી શરૂ કરી. એ દરમ્યાન તેણે ગજબ સાહસો કર્યા, પયગમ્બરી ફરમાનો કાઢ્યાં અને ગજબનાં કામો કર્યાં.

તેના નિકટ પરિચયમાં આવેલાઓ કહે છે કે બૌદ્ધ તત્ત્વજ્ઞાન તથા તંત્રો અને આગમોનું તેનું જ્ઞાન અગાધ હતું. મૉંગોલિયાના મોટા મોટા મહંત લામાઓ બરોબરની તેની ખ્યાતિ થઇ હતી. તેના કહેવા પ્રમાણે તેણે પેકિનના મઠના અધિષ્ઠાતાનું પદ પણ ભોગવ્યું હતું. એ મઠની સંસ્થા એટલી આધારભૂત ગણાય છે કે તે મહાન વિદ્યાધરી અને પંચાંગ તથા બીજા નિગૂઢ પ્રશ્નોનાં નિરાકરણો જાહેર કરતી. સમસ્ત મૉંગોલિયા ઉપરાંત ચીન તિબેટ અને હિંદની ધરતી પગપાળા પ્રવાસોથી તે ખૂંદી વળ્યો હતો અને બધા દેશોની ભાષાઓ તે જાણતો. સંસ્કૃત અને રશિયન પણ તેને આવડતું.


પહેલવહેલું તેનું નામ ઇ. ૧૮૯૦ની સાલમાં બહિર-મૉંગોલિયાના પ્રદેશમાં જાહેરમાં આવ્યું. પ્રોફેસર પોઝ-ની(Poz-dneev), આ-



મુર એ ઈશલાન્દુની લામાસરાઈની મુલાકાતે ગયો તે વેળા એક નાના સ્થાનિક અમલદારે તેને વાત કરી કે મૉંગોલિયામાં હમણાં એક મહાપુરુષ પાક્યો છે. તેણે પાર વગરનો પ્રવાસ ખેડ્યો છે, સુવર્ણવજ્રના ટોપવાળી રૂંછાંદાર ટોપી તે પહેરે છે અને ગરીબોમાં છૂટથી સોના મહોરો વહેંચે છે.

પોતે સુપ્રસિદ્ધ અમુરસાનાના પુત્ર તેમુરસાનાનો દીકરો તેન-ગે જલસેન છે એમ એ બધે કહેતો ફરતો. ક્યાંક વળી એવું ઠસાવતો કે પોતે અમુરસાનાનો જ ખુદ અવતાર છે અને ચીનની ધૂંસરીમાંથી મૉંગોલિયાને મુક્તિ અપાવવા જન્મ લીધો છે. અંધશ્રદ્ધાળુ ને ધર્મઝનૂની પહાડી જાતિઓની તેનામાં સહેજે શ્રદ્ધા બંધાઈ અને જ્યાં જ્યાં તે જતો ત્યાંત્યાં થોકબંધ લોકો એ અવતારી લામાના દર્શને ટોળે વળવા લાગ્યા.

પણ જા-લામાનું કામ વધતું જ ચાલ્યું. અંતે ચીની સત્તાએ, ઉર્ગા ખાતેના શાહી રશિયન કૉન્સલ પાસે તેને કબજે કરવાની માગણી કરી. એ મુજબ તેને પકડવામાં આવ્યો અને કિયાક્તા ખાતે દેશનિકાલ કર્યો. એક વર્ષ સુધી તો તેના વિષે કાંઈ સંભળાયું નહિ, પણ ઈ. ૧૮૯૧માં ફરી વાર બે ઊંટની સવારી સાથે તે મૉંગોલિયામાં દેખાયો અને 'બે ઊંટવાળા લામા'ના નામે એ પ્રદેશમાં પ્રસિદ્ધ થયો.



મધ્યએશિયાના અંતરાળમાં પુરાતન સાંસ્કૃતિક અવશેષોની શોધખોળ માટે ૧૯૨૪માં 'રોરીક-અમેરિકન સંશોધન મંડળ' નીકળેલું, તેનો વિસ્તૃત રસમય અહેવાલ આપતું 'હાર્ટ ઑવ એશિયા' નામનું પુસ્તક ડૉ. જ્યૉર્જ રોરીકે (કલાકાર રોરીકના મોટા પુત્રે) લખ્યું છે તેમાંથી 'જા-લામા'ની આ હકીકત તારવેલી છે. એ સંશોધનયાત્રાનો પ્રવાસમાર્ગ દર્શાવતો આ સામેનો નકશો 'જા-લામા'ના કાર્યપ્રદેશનો પણ ખ્યાલ આપી રહે છે. ઉપર : મધ્યએશિયાના અંતરાળની એક લામાસરાઈ.

★

વળી પાછો ચીની સત્તાએ તેને સપડાવ્યો ઉર્ગાના રાજ્યવાળાઓએ પકડીને દેશનિકાલ કરી દીધો.

આ પછી બરોબર દસ વરસ સુધી તે અલોપ રહ્યો. ક્યાં, તે કોઈ ચોક્કસ જાણતું નથી; પણ કહેવાય છે કે ઉત્તર તિબેટમાં તેણે એ દરમ્યાન ભ્રમણ કરેલું. ઘણા પ્રવાસીઓએ તેને તાઈ-દામના પંથ પર માત્ર બે ભારવાહી ટટ્ટુ અને એક નોકર સાથે જોએલો. લ્હાસા એ વારંવાર જતો એ તો સ્પષ્ટ છે.

ઈ. ૧૯૦૦માં રશિયન જનરલ પી. કે. કૉઝ્લૉવ તિબેટના ખાપ પ્રદેશમાં સંશોધનયાત્રાએ ગયા ત્યારે તેમના સાથમાં એ એકાએક ભોમિયા તરીકે દેખાયો. એ વખતે શેરાપ-લામા તરીકે તે ઓળખાતો. પણ રસ્તામાં નામોચુ ગામે કૉઝ્લૉવના કાફલાને તિબેટન સત્તાધીશોએ રોક્યો. રશિયાના શાહ તરફથી દલાઈ લામાને મોટી ભેટો આપવાની હતી એટલે કૉઝ્લૉવે એને (શેરાપ-લામાને) વાટાઘાટ માટે આગળ મોકલ્યો. પણ એ ગયો તે ગયો, ફરી દેખાયો જ નહિ!

ફરી પાછો બીજાં દસ વરસ સુધી તેનો પત્તો જ લાગ્યો નહિ. કોઈ નથી જાણતું કે તે ક્યાં હતો ને શું કરતો હતો. એકાએક ઈ. ૧૯૧૦માં તેણે પાછી કારા શહેરમાં જ દેખા દીધી. તેણે બહારનો દેખાવ બધો બદલી નાખ્યો હતો. દાઢીને બદલે મોઢું સફાચટ કરી નાખ્યું હતું અને તેની લામાની કફની તળે તે યુરોપિયન લશ્કરી પોશાક પહેરતો. કારા શહેરમાં થોડો કાળ ગાળી તે કૉબ્ડો ગયો અને ત્યાંથી ૧૯૧૨માં દોરબત અમીર ત્યુગન ગુનના દરબારમાં દેખાયો.

૧૮૯૦ની સાલથી જ જનતામાં વાત ફેલાઈ હતી કે ઈ. ૧૭૫૫માં ગુજરી ગએલા અમુરસાનાનો અવતાર થઈ ચૂક્યો છે અને ચીન સાથે જ્યારે મૉંગોલિયાને સ્વાતંત્ર્યયુદ્ધ થશે ત્યારે જા-લામા નામનો પુરુષ તેની સરદારી લેશે અને ઓઈરાતનું પ્રાચીન રાજ્ય પાછું સ્થપાશે. આવી ભવિષ્યવાણીઓની આંતર-એશિયામાં બહુ અસર

હોય છે, એટલે જા-લામાના પોબાર પડે એમાં શંકા જેવું નથી. કોબ્ડો જઈને તેણે હવે જમાવટ કરવા માંડી. પહાડી અને પ્રવાસી (ભટકતી) જાતિઓના લોકો તેના નેજા નીચે જોડાયા અને જુલમગાર ચીન સામે ધાર્મિક યુદ્ધ જગાવવાનો મંત્ર આ સરદારે તેમનામાં જોરશોરથી પ્રચારવા માંડ્યો. થોડા જ વખતમાં આઝાદ મૉંગોલિયા માટે લડે એવું લશ્કરી દળ તૈયાર થયું.

જા-લામાએ તરત ઉર્ગા વગેરે એકબે કિલ્લા હાથ કર્યા અને કૉબ્ડોના મંચુ ગવર્નરને સંદેશો મોકલ્યો કે કિલ્લો અને કૂંચીઓ સોંપી દો ! પણ કિલ્લામાં હજારેક જેટલા ચીની સૈનિકો હતા, એટલે ગવર્નરે સામનો કરવાની તૈયારી બતાવી. આથી જા-લામાએ પણ સામી ચડાઈ જાહેર કરી. ઈ. સ. ૧૯૧૨નો એ મે મહિનો હતો.

તરત જા-લામાએ મૉંગોલો, દોરબત્નો, તોરગતો અને કરિયાંથી ઘોડેસવારોનું પાંચ હજારનું પ્રચંડ દળ ભેગું કર્યું અને કૉબ્ડોની દિશામાં તેના ડાબલા ગાજવા લાગ્યા. ભાતભાતની બંદૂકો ધરાવતા અને રંગબેરંગી પણ ભયાનક પોષાકવાળા એ સૈનિકોની સરદારી અમીર સુન્ગુને લીધી હતી. પણ પાછળની યોજના બધી જા-લામાની હતી.

૧૯૧૨ના ઑગસ્ટમાં કૉબ્ડો પડ્યું. આખા શહેર પર આગ ચંપાઇ ગઈ અને ચીની વસતિની કતલ થઇ. રશિયન કૉન્સલ અને તેના સૈનિકો આ ક્રૂર વિજેતાના કોપમાંથી જે થોડાક ચીનાઓને બચાવી શક્યા તેમને ચુપકીથી રશિયન આલતાઇને માર્ગે તેમણે ચીન ભેગા કરી દીધા. કૉબ્ડોની ચીની વસતિનો નાશ કર્યા પછી જા-લામાએ કોઈ ખાનગી મંત્રવિધિમાં દરેક ચીની અને મુસ્લિમ વેપારીઓની કતલ કરી. એ દરેક જણની છાતી ચીરી જા-લામાએ તેનાં કલેજાં કાપીને તેનાં લોહી મૉંગોલ યુદ્ધનિશાનો અને લશ્કરો પર છાંટ્યાં.

આ લશ્કરી સાધુ અને તેના સૈન્યનાં કૃત્યોના આ અહેવાલો સાંભળી હીન-શ્યાંગ જિલ્લાના ચીની અમલદારો ખળભળી ઊઠ્યા અને લશ્કરો ભેગાં કરી તેની સામે મોકલ્યાં. પણ એ ચીની લશ્કરો કૉબ્ડોથી ૨૦૦ માઈલ દૂર છાવણીઓ નાખી પડ્યાં જ રહ્યાં. આ બાજુ જા-લામા અને તેનું સૈન્ય પણ ૧૯૧૩ સુધી કિલ્લેબંધીઓમાં જ પડી રહ્યું, અને ચીની લશ્કર પાછું ગયું એટલે સૌ વેરાઇ ગયા. એક જર્મને જા-લામાની છાવણીનું વર્ણન લખ્યું છે તેમાં જણાવે છે કે મૉંગોલોમાં ભાગ્યે જ હોય એવી સ્વચ્છતા ને વ્યવસ્થા મેં એ છાવણીમાં જોઈ હતી. એ બાબતની તકેદારી જા-લામા જાતે જ રાખતો.

આમ મૉંગોલ આમપ્રજાનું સંગઠન કરીને તેમનું પ્રાચીન રાજ્ય ફરી સ્થાપવાનો ડંકો વગાડનાર અને તેના પરિત્રાણ અર્થે પ્રગટેલા મનાતા એ પુરુષનું મોંગોલ સત્તાએ બહુમાન કર્યું અને તેની કદરરૂપે તેને તુપીગુણનો ખિતાબ આપ્યો અને તેને તોમનખાન હુતુખ્તુ બનાવ્યો. તેને કૉબડો નદી પાસે એક જાગીર મળી. તેના મિત્રોએ તેને ઘોડાં, ઢોર અને ગાણુસોની ભેટ આપી અને તે રીતસર કૉબડોનો લશ્કરી ગવર્નર બની ગયો તથા મૉંગોલિયાનો એક બળવાન સરદાર ગણાવા લાગ્યો.

અને પોતાની જાગીર પર તેમજ હકૂમતી પ્રદેશમાં તેણે જે સુધારાવધારા કર્યા, જે નિયમન ફેલાવ્યું તથા પ્રજાજીવનને ઘડવાના યત્નો કર્યા તે પરથી તેની અંતરની આકાંક્ષાઓ, બુદ્ધિની વિવિધતા અને અમલી તાકાતનો ખ્યાલ આવે છે. પોતાના આશ્રિતોમાં તેણે ખેતીવાડી દાખલ કરી ભટકતી જાતોને સ્થિર કરી; રશિયાથી ખેતીવાડીનાં ઓજારો અને યંત્રો મંગાવ્યાં; માણસોને પાકાં મકાનો બાંધવા ફરમાનો કાઢ્યાં અને શિયાળા માટે ઘાસ સંઘરી રાખવાનું ફરજિયાત કર્યું; મૉંગોલ ઘોડા અને ઢોરની ઓલાદ સુધારવા રશિયાથી સારાં ઘોડાં ને ઢોર મંગાવ્યાં; રશિયન બૂટ પહેરવાનું દાખલ કર્યું; શિક્ષણ માટે શાળાઓ સ્થાપી અને લામાઓ માટે સખત કાયદાવાળો એક મઠ (મૉનાસ્ટરી) બનાવ્યો; વળી લામાઓને લશ્કરી ભરતીમાં ફરજિયાત દાખલ કરી તેમની સંખ્યાને વધતી અટકાવીને મર્યાદિત કરી દીધી; અને લશ્કરી ટુકડીઓને યુરોપિયન શિસ્ત તથા કવાયતની ઢબે કેળવવા માંડી. આમ, તેણે ઢંગધડા વિનાની બની ગએલી મૉંગોલ પ્રજાનાં બધાં અંગોને ઉપસાવવા માંડ્યાં.

પણ તેનું ઘાતકીપણું બેહદનું હતું. દુશ્મન પર તેને દયા જ નહિ; અને સેવકો પર લેશમાત્ર વિશ્વાસ નહિ. તેને હાથે કેદ પડેલાના બરડામાંથી તે પોતે ચામડીનો ટુકડો ઊતરડી લેતો અને ત્યાં લોખંડના સળિયાનો ડામ દેતો ! ઉલ્હનકોમ મઠના લામાઓ એક વાર તેની સામે થએલા તેમનાં યે ચામડાં તેણે ઊતરડી નાખેલાં. બધા મૉંગોલ અમીરો તો તેનાથી થરથર કાંપતા અને તેના દાસની જેમ રહેતા,—એટલે સુધી કે તેઓ તેના ઘોડા પર જીન (પલાણ) સુદ્ધાં નાખી આપતા અને તેના ઘોડાની લગામ પકડી દોરીને આગળ ચાલતા !

પોતાની જાગીરનો આવો અધિકાર તેણે ઇ. ૧૯૧૪ સુધી ભોગવ્યો. પણ તેનાં કઠોર કરતુકોનો અહેવાલ રશિયન સત્તાધારીઓને પહોંચ્યો હતો. એવામાં રશિયન કૉન્સુલર ગાર્ડ (એલચીના રક્ષક સૈન્ય) સાથે તેને કાંઈક જામી પડી, એટલે સાઇબીરિયન કોઝાકોનું મજબૂત લશ્કર લઇ કૅપ્ટન બુલાટાવે કૉબ્ડો પ્રાંત પર ચડાઈ કરી અને જા-લામાની પ્રવૃત્તિઓનો નાશ આરંભ્યો. ઘણે સ્થળે તેમની વચ્ચે ઝપાઝપીઓ થઇ. પણ કોઝાક લશ્કર આગળ જા-લામાનું કાંઇ ચાલ્યું નહિ. તે પકડાઇ ગયો ને તેને રશિયામાં દેશનિકાલી જેલ મળી.

એ કોઝાક લશ્કરને, જા-લામાના હુકમથી ઊતરડવામાં આવેલી બે આખી માનવ-ખોળો મળી હતી. તેની વાત હૈયું કંપાવનારી છે. ખીરગીઝ લોકો જોડે ઢોર ચરાવવાની બાબતમાં કેટલાક વખતથી જા-લામાને તકરાર થતી. છેવટે તેના ખીરગીઝ મુખીને પકડીને જા-લામાએ કેદમાં નાખ્યો. તેના કુટુંબીઓએ તેને છોડાવવા માટે મોટી રકમો અને ભેટસોગાદો આપવાનું કબૂલ કર્યું. તેણે તે મંજૂર રાખ્યું અને કેદીની માતા પોતે પોતાનાં ઘરેણાં દાગીના, વાસણ કુસણ, સોનુંરૂપું, ચામડાં વગેરે જે કાંઇ હતું તે લઈ તેની પાસે આવી. એ ક્રૂર મૉંગોલે તેને આવકાર આપી થોડીવાર બેસવા કહ્યું. પોતે તેની સાથે વાતો કરતો ગયો અને તેણે આણેલો માલ તપાસતો ગયો. તે દરમ્યાન તેનાં માણસો તો બીજા તંબૂમાં પેલા કેદીની ખોળ ઉતારી રહ્યા હતા ! ચામડી ઊતરડવાનો આરંભ પગથી કરીને પછી ધીરે-ધીરે ઉપર જતા જઈ આખા શરીરની ખોલ ઉતારવાનો તેનો ખાસ હુકમ હતો, જેથી કેદી વધુ વેદના ભોગવે ! પણ એ દરમિયાન તો તે બીચારો મરી ગયો. પછી તેની ચામડી એક પાટિયા ઉપર પાથરીને તેની અભાગણી માતાને તેણે સોંપી ! એ જોઈ માતાનું મગજ એ જ વખતે ખસી ગયું; અને આ ભયંકર જાલિમ તેથી સંતોષ પામી ખડખડાટ હસી પડ્યો !

રશિયામાં તેને તોમારકની જેલમાં એક વર્ષ રાખ્યા બાદ આસ્ટ્રાખાનની જેલમાં ખસેડવામાં આવ્યો. પણ ઇ. ૧૯૧૭–૧૮માં રશિયામાં વિપ્લવ થયો તે વેળા તે છુટી ગયો અને ફરી પાછી તેણે મૉંગોલિયામાં દેખા દીધી. તેના જૂના શાગિર્દો અને સિપાહીઓએ તરત તેના નેજા નીચે આવી મળી તેની સરદારી સ્વીકારી લીધી અને પોતાના એક જૂના મદદનીશની છાવણીમાં તેણે મુકામ નાખ્યો.

આગ, ફરી પાછી ફૂટી નીકળેલી તેની હાજરીથી ઉર્ગાવાળી સત્તાને અકળામણ ઊપડી અને તેને પકડવાના હુકમો છૂટ્યા. આથી તે

મૉંગોલિયાનો મધ્યપ્રદેશ છોડી ભાગીને મૉંગોલિયન ગોબીના અંતરાળમાં જઈ ભરાયો અને ત્યાં મથક નાખ્યું. અહીં તેનાં જૂનાં ધાડાં તેને આવી મળ્યાં અને તેની આજુબાજુ ૫૦૦ તંબૂ ઠોકાયા.

અને ફરી એ ગઝબનાક લુટારા અને જાલિમ બહારવટિયાની કરપીણ કામગરી ચાલુ થઇ. તેની આગલી આકાંક્ષા અને યોજનાઓનો અંશમાત્ર જાણે તેનામાં ન રહ્યો, અને મૉંગોલિયાનો એ રાષ્ટ્રોદ્ધારક લામા એક ક્રૂર લૂટારૂ સરદાર જ બની ગયો. ચોર, ડાકુ, ખૂની ને ભાગેડુ મૉંગોલોને એકઠા કરી તેણે એક બળવાન સૈન્ય ઊભું કર્યું. જકાતચોરો, ઘોડાના ઉઠાઉગીરો, રખડુ શિકારીઓ અને એવાએવા લોકો તેમાં આવી ભળ્યા. અને પછી તો તેણે મૉંગોલિયાની આખી દક્ષિણ–પશ્ચિમ બાજુનો આરામ વીંખી નાખ્યો. મૉંગોલ કાફલા કે સરકારી થાણાંઓ ઉપર તેની પાકી નજર રહેતી. યુમ્બેસી અને આંહ સીના માર્ગે કોઈ સલામત પાર નીકળી શકતું જ નહિ. ચારે તરફની ખીણો અને ગાળીઓનાં નાકાં પરનાં ચોકીનાં થાણાં મજબૂત કરવામાં આવ્યાં હતાં, છતાંપણ જા-લામાની ધાકે વેપારરોજગાર ઢીલા પડી ગયા હતા.

એવામાં, ઈ. ૧૯૧૯માં ચીનના જનરલ શુની સરદારી નીચે આં-ફુ ટુકડીઓએ મૉંગોલિયા ઉપર આક્રમણ કર્યું. તેમણે રશિયન અને મૉંગોલ પ્રદેશોમાંનાં કેટલાંક થાણાંઓ પર હાથ નાખ્યો અને કેટલીક શાન્ત વસતિની કતલ કરી. આ નવું આક્રમણ મૉંગોલોથી સાંખી શકાયું નહિ અને તેમની છુટીછુટી ઠકરાતો ચીન સામે લડવા નીકળી. આ તક જોઈ તેમની કુમકે જા-લામા પણ વચ્ચે કૂદી પડયો. ૧૯૨૦માં તેનું પચરંગી લશ્કર ચીનાઓ પર તૂટી પડ્યું અને ચીનાઓને ભાગતાં ભોં ભારે કરી મૂકી. રશિયન લશ્કરને પણ તેણે ચીનાઓ સામે સારી મદદ આપી હતી.

પણ ૧૯૨૧માં મૉંગોલિયાનો રાષ્ટ્રોદ્રેક ઊભરાયો અને મૉંગોલ રાષ્ટ્રીય લશ્કરે રશિયા સામે મોરચા માંડ્યા. તેમણે રશિયનોને હરાવી મૉંગોલિયામાં નવી વ્યવસ્થા સ્થાપી, તેમાં જા-લામા જૂનવાણી પ્રણાલિને ટેકો આપનાર મુખ્ય વ્યક્તિ બન્યો અને તેણે વિરોધપક્ષ ઊભો કર્યો. એણે હવે ખુલ્લી રીતે, મૉંગોલ સ્વાતંત્ર્યની દુશ્મન ચીની સરકાર સાથે વ્યવહાર કરવા માંડ્યો અને બીજા વિરોધી અમીરોને ફૂંફમાં લીધા. કેટલીક પહાડી જાતિઓને એકઠી કરી અને ઉર્ગાની રાષ્ટ્રીય મૉંગોલ સરકાર સામે મોરચા બાંધ્યા. આ વખતે પણ તે પોતાના પેલા જૂના સ્વપ્નને–મધ્યએશિયામાં મૉંગોલિયા, ચીન તિબેટ અને ચિનાઈ તુર્કસ્તાનનું મહારાજ્ય સ્થાપવાની મહત્ત્વાકાંક્ષાને–મૂર્ત કરવાના મનસૂબા ઘડી રહ્યો હતો.

એ યોજનાને પાર પાડવા સારૂ પોતાનું સ્થાન મજબૂત કરવા તેણે ગોબીના એ રણની વચ્ચોવચ તુર્કી અને તિબેટી ઢબે એક પાકો અદ્‌ભુત કિલ્લો ઊભો કર્યો. તેમાં આસપાસના પ્રદેશ પર નજર રહે એવા ઊંચા ચોકીના મિનારા બાંધ્યા. જેટલા કેદીઓ પકડતો તે બધા પાસે તેણે આ કામમાં વેઠ કરાવી. ગોબી જેવા ભયંકર વેરાન રણના અંતરાળમાં ઊભું થએલું આ કામ એક ચમત્કાર જેવું લાગે છે. તેની આસપાસનો મુલક ટેકરીઓવાળો હોવાથી તેમની વચ્ચે એ કિલ્લો છુપાઈ રહેતો. ટેકરીઓની તળેટીમાં વહેતાં નાનાં ઝરણાં અને ઊગેલું ઘાસ તેના ઘોડા ને ઢોર માટે પૂરતું થઈ રહે એટલું હતું. કિલ્લામાં તેણે ૫૦૦ ચુનંદા તાલીમબાજોને રાખ્યા હતા. યુરોપિયન બંદુકો, રાઈફલો ને જાપાની હથિયારો વડે તેણે તેમને સુસજ્જિત બનાવ્યા હતા અને શસ્ત્રોનો સારો જેવો જથ્થો તેણે ત્યાં સંઘર્યો હતો. ઉર્ગામાં મૉંગોલિયાના નવા રાષ્ટ્રવાદી લોકશાસન સામે મતભેદ ધરાવનારા



ગોબીના રણની મધ્યમાં જા-લામાએ બાંધેલો કિલ્લો

ઘણા જૂના મતવાદીઓ તેને અહીં આવીને મળ્યા હતા. હવે એ બધા સફેદ મૉંગોલો તરીકે ઓળખાવા લાગ્યા.

અને ફરી પાછો એનો ડંકો વાગવા માંડ્યો. તેના નામમાત્રથી જાણે દિશાઓ કંપતી. અમીર અને આમ સૌ તેનાથી ડરતા રહેતા. એ ધર્મગુરુ સાધુ તરીકે ઓળખાતો, લશ્કરી સરદાર હતો અને જાલિમ લુટારો પણ હતો. તે દાન લેતો, આશીર્વાદ આપતો, લશ્કરી સંગઠન કરતો, ને તેનાં માણસો વાટ પાડતાં તથા નિર્દયપણે લોકોની કતલ ચલાવતાં. હથિયારો, સામાન, માલ, ઢોર, જે કાંઇ મળે તે બધું કબજે લઈ મુખ્ય માણસોની કતલ કરવામાં આવતી, અને જેને જીવતા રાખવામાં આવતા તેમને ગુલામ બનાવી વૈતરે જોડવામાં આવતા. માત્ર લામાઓને જ જવા દેવામાં આવતા;—પણ તે પગપાળા જ. આને પરિણામે તે બિચારા થાક તથા ભૂખથી રસ્તામાં જ મરી જતા. ગુલામ થતા તેમના પણ કાન તો કાપી જ નાખવામાં આવતા !

તિબેટના અમલદારો, લામાઓ, વેપારીઓ, મૉંગોલ યાત્રિકો જેકોઇ પકડાયા હતા તે બધાએ તેનો પેલો અદ્‌ભુત કિલ્લો બાંધવામાં ખરે તડકે વેતરાં કર્યાં હતાં. કોઇ તેમાંથી બચ્યો ન હતો. બીજો છુટકો પણ ન હતો. કેટલાકે ત્યાં વર્ષો કાઢ્યાં અને છેવટે થાકીને તેના લૂટારૂ સૈન્યમાં જોડાયા. કેટલાક તેનાં માણસોનો ત્રાસ ખમી ન શકયા તે ભાગી છૂટ્યા, પણ તે તો જૂજ. બાકીના મરી ખૂટ્યા.

છે• ૧૯૨૨માં નૂતન મૉંગોલના રાષ્ટ્રમથક ઉર્ગામાં એક ભયંકર કાવતરૂં બહાર પડ્યું. તેમાં કેટલાક માણસો ખાનગી રીતે જા–લામાના મળતિયા હોવાનું જણાયું અને તેમાં એક ચીનાઈ લશ્કરની ચડાઈ લાવવાની યોજના પણ બહાર આવી. એટલે હવે એ નૂતન રાષ્ટ્રિય સરકારે જા–લામાનો નાશ કરવાનો જ નિરધાર કર્યો.

૧૯૨૩માં ઉર્ગાની સરકારે પાલ્દન દોર્જે નામના બહાદુર લશ્કરી અમલદારની સરદારી નીચે ચુનંદી લશ્કરી ટુકડીઓને જા-લામાને


ફેર કરવા મોકલી. આકરો સામનો થવાની તો ખાતરી જ હતી, એટલે સૌ બહુ સાવચેતી અને ચુપકીદીથી આગળ વધ્યા. દોર્જેએ કિલ્લો યુક્તિપૂર્વક હાથ કરવાની યોજના ઘડીને પોતાના લશ્કરને જા-લામાના કિલ્લાથી બે દિવસના મુકામ પર થોભાવ્યું, અને પોતે તથા એક સૈનિક લામાઓના વેશમાં ઘોડે ચડી જા-લામાની છાવણીમાં ગયા. ત્યાં ધાર્મિક ભેટો આપવાને બહાને તેમણે સરદારની મુલાકાત માગી; અને ગમે તે આશય હશે, પણ તેમને રજા મળી ખરી. કિલ્લાની પાસે, મૉંગોલ શામિયાનામાં તેમની મુલાકાત ગોઠવાઈ. પાલ્દન દોર્જે હાથમાં ધાર્મિક ધ્વજ લઈ પાસે ગયો, અને તેની અંદર છુપાવેલી પિસ્તોલથી તેણે જા-લામાને ઠાર માર્યો !

જા-લામા પડ્યો એટલે તેના સાથીઓ કશો સામનો કરી શક્યા નહિ. બધાં હથિયારો અને દારૂગોળો જા-લામા પોતાને કબજે જ રાખતો અને જરૂર પડે ત્યારે જ માણસોને આપતો, તેની દોર્જેને જાણ હતી. એટલે જા-લામા પડતાં જ દોર્જેએ એકદમ એ દારૂગોળાના સ્થાનનો કબજો લીધો. આથી ગભરાટમાં પડેલા માણસો તરત શરણ થઈ ગયા; અને પાછળ વાંસોવાંસ ધસ્યે આવતા લશ્કરે એક પણ ગોળીબાર કર્યા વગર કિલ્લો હાથ કર્યો અને તેને આગ લગાડી દીધી.

માણસોમાંથી કેટલાકને દેહાંત સજા થઈ; કેટલાકે સરકારી શરણ લીધું; હથિયારો ને દારૂગોળાનો લશ્કરે કબજો લીધો; ૨૦૦૦ જેટલાં ઘેટાં હતાં તે જા-લામાના કંગાળ ગુલામોને આપી દીધાં; અને જા-લામાનું માથું કાપી એક ભાલા ઉપર ચડાવી ગામેગામ ફેરવી લોકોને ધરપત આપવામાં આવી કે તેમના ભયનો હવે અંત આવી ગયો છે. પછી તે માથું ફૉર્મેલિનના બાટલામાં ઉતારી ઉર્ગા ખાતે રાખવામાં આવ્યું, અને ત્યાંથી કેટલેક ઠેકાણે ગયું પણ ખરું. પરંતુ છેવટે તે ગુમ થયું છે.

વિદ્વાન લામાના શાંત સાધુજીવનમાંથી પલટો ખાઈ લડાયક સરદાર બનેલો, અને રાષ્ટ્રઘડતરનાં સ્વપ્નાંમાંથી ક્રૂર લુટારાના શાપિત જીવનમાં સરી પડેલો એવો, અજબ માનસનો એ અદ્ભુત આદમી તો ગયો, પણ તેની ત્રાસકથા આજ મૉંગોલિયાના ગામડે ગામડે જીવતી છે.

ર. મ. શ.



હૉસ્ટેલ-જીવનનાં હાસ્યો

બુદ્ધિમાન અને અટકચાળી રમૂજ કરવામાં મિ. મિસ્ત્રી અમારી હૉસ્ટેલમાં એક્કા હતા. રોજ ને રોજ એમનું કાંઈક નવું અટકચાળું જન્મ્યું જ હોય. સ્મરણ ઉપરથી થોડાંક અહીં ઉતારું છું.

વસનજી અને હરિલાલ એ બંને મિસ્ત્રીના રૂમકમ્પૅનિયન—સહવાસી હતા. એક દિવસ અરધી રાતે જ્યારે પેલા બંને ઘોરતા હતા ત્યારે મિસ્ત્રીએ ઊઠીને બંનેના કપાળમાં મોટા અક્ષરે I M N S (હું ગધેડો છું) લખ્યું. પછી ચારેક વાગ્યે મિસ્ત્રીએ પ્રથમ હરિલાલને હળવેથી જગાડ્યા અને કહ્યું, 'હરિભાઈ, જુઓ, મેં વસનજીના કપાળમાં I M N S લખ્યું છે. તમે એને કહેતા નહિ. સવારે બરાબરનું ફારસ થશે. હૉસ્ટેલમાં બીજાને પણ આ વાત કહી આવજો અને બધાને કહેજો કે હસવું હોય તો આ જોઈને હસવું, પણ વસનજીને ખબર પડવા ન દેવી. આટલું કહેવા માટે તમને જગાડ્યા. હવે સૂઈ જાઓ; સવારે વહેલા જાગજો.' હરિલાલ તો ખુશખુશ થતા સૂઈ ગયા. થોડી વાર પછી મિસ્ત્રીએ વસનજીને ધીમેકથી જગાડ્યા અને જેવું હરિલાલને સમજાવ્યું હતું તેવું જ તેમને સમજાવ્યું.

સવાર પડ્યું અને બંને સામસામી ખૂબ ફજેતી કરવાના અણધાર્યા મિશન ઉપર ઊપડ્યા. વસનજી દરેકને જઈને હરિલાલના કપાળ વિષે વાત કરે અને પેલા હસે ત્યારે સમજે કે તેઓ વાત સાંભળીને જ હસે છે. હરિલાલ પણ એવા મૂરખના સ્વર્ગમાં વિહાર કરે. બધા ભેગા થયા અને ખૂબ હસવા લાગ્યા. પણ વસનજીને લાગે કે બધા હરિલાલને હસે છે, અને હરિલાલને લાગે કે બધા વસનજીને હસે છે. એટલે કોઈને કંઈ અંદેશો આવે નહિ.

જ્યારે હસીહસીને બધાનાં પેટ દુઃખવા આવ્યાં ત્યારે મિસ્ત્રીએ કહ્યું, 'ફારસ તે કંઈ આવું ધાર્યું હોય? અઢાર જણા બે વ્યક્તિઓ ઉપર હસે છે અને બે વ્યક્તિઓ એકબીજા ઉપર હસે છે, પરિણામે બધા હસે છે. કોઈ એક વ્યક્તિના ભોગે આ આનંદ લૂંટાતો નથી. હું તો આને શ્રેષ્ઠ ફારસ કહું છું, કેમકે બધા જ આ બનાવથી ખુશ થાય છે.'

આ સાંભળીને બંનેને શંકા આવી અને દોડીને અરીસામાં નિહાળવા લાગ્યા. ભ્રમ ભાંગ્યો એટલે પાણી લઈ કપાળ ધોયાં.

અમારી હૉસ્ટેલમાં મિસ્ત્રીથી સાવ જુદી જ દિશાના એક ગઢવી હતા: મૂજી, ચીંગુસ અને અક્કલના અધૂરા. સાથે જિદ્દી પણ એવા જ. નેપોલિયનના શબ્દકોષમાં જેમ 'અસંભવિત' શબ્દ નહોતો તેમ ગઢવીના શબ્દકોષમાં 'હાસ્ય' શબ્દ નહોતો.

એક દિવસ કલબમાં મિસ્ત્રીએ દરખાસ્ત મૂકી: 'આ પિત્તળની થાળીમાં જમવાથી પિત્તળનો કાટ પેટમાં જાય છે. માટે આપણે હવે સોનાની થાળીમાં જમીએ!' આ દરખાસ્તમાં તો કંઈ એવો ઊંચો હાસ્યરસ નહોતો, પણ એ બીજમાંથી સરસ હાસ્યરસ ઊગી નીકળે એ આશાએ અમે એ બીજને પોષવા કંઈક બોલવા જતા હતા, ત્યાં તો અચાનક ગઢવીને ધુંઆંફુંઆં થતા દેખ્યા: 'હા! સોનાની થાળીમાં જમવું છે! આવ્યા છો અહીં બધા બાપના પૈસા બગાડવા! તમારે તેમ કરવું હોય તો કરજો, મારે તો આ થાળી ચાલશે! આપણે કંઈ એવા શાહુકાર નથી. ઘેર બધા સોનાની થાળીમાં જમતા હશે!'.

અમારા પોષણ વિના જ અમને હાસ્યરસનું ઝાડ ઊગી નીકળેલું જણાયું. અને પછી તો એ ઝાડ ફાલ્યુંફૂલ્યું ને બહુ ફળ આવ્યાં. હમેશાં મિસ્ત્રી એવી કંઈક વિચિત્ર દરખાસ્ત મૂકે અને ગઢવી રાતાપીળા થાય. અમે હસીએ તેમ બમણા ખિજાય અને એ બમણા ખિજાય તેમ અમે ચારગણા હસીએ.

એક દિવસે મિસ્ત્રીએ થાળી ઊંધી માંડી, અને અમને ઇશારો કર્યો, એટલે અમે તેમ કર્યું. પછી મિસ્ત્રી ગઢવીને કહે: 'ગઢવી, સેક્રેટરીએ કહ્યું છે કે આજે બધાએ ઊંધી થાળી મૂકીને જમવું. જુઓ, અમે બધાએ તો એ હુકમનું પાલન કર્યું છે તમારે પણ તેમ કરવું પડશે.' ત્યાં તો હેડમાસ્તરોના જેવી મૂછોવાળા ગઢવીના મોં પર રેખાઓ પણ હેડમાસ્તરની જ આવી વસી. ગઢવીની મુખમુદ્રાએ અમને હાસ્યફૂલની પહેલી ચીર આપી. 'સેક્રેટરી કંઈ કલબનો ઑટૉક્રૅટ કિંગ (આપખુદ રાજા) નથી કે આવી વાહિયાત વાતો કાઢે છે! જનરલ મીટિંગ ક્યારે બોલાવી અને એવું રીતસર ક્યારે કર્યું?' (અનુ૦ પા૦ [illegible])

સંસારનાં શહેરો

૪૦–સ્ટૉકહોમ

સમસ્ત પશ્ચિમ ઉપર ફરી વળેલા યુદ્ધના ભયંકર ઝંઝાવાતની વચ્ચોવચ ઊભાં હોવા છતાં, સ્વીડન અને એના આ પાટનગર સ્ટૉકહોમને આજે ઊની આંચે આવી નથી. આમ ત્યાં શાંતિ પ્રવર્તે છે, પણ તે બેચેનીભરી શાંતિ છે. એની તટસ્થ ભૂમિ પર બધા જ યુદ્ધગ્રસ્ત દેશોના પ્રતિનિધિઓ એકીસાથે રહેતા હોવાથી અનેક જાતની અફવાઓથી એ શહેરની નાડ સદા ધમધમતી રહે છે.

સ્વીડનને પૂર્વ કિનારે, બોથનિયાના અખાત અને બાલ્ટિક સમુદ્રના સંગમ ઉપર દક્ષિણાદું આવેલું આજના જગતનું આ જાણીતું શહેર, સ્વીડનનું પાટનગર તો મોડું મોડું થયું. મૂળ તો માલર સરોવર અને તેની આજુબાજુના પ્રદેશનું ચાંચિયાઓથી રક્ષણ કરવાના ઉદ્દેશથી સ્ટૉકહોમના ટાપુ પર એક કિલ્લા રૂપે એ બાંધવામાં આવેલું, અને બર્જર જાર્લે ઇ. ૧૨૫૫માં તેની સ્થાપના કરેલી. તે પછી કિલ્લામાં વસતિ ધીમેધીમે વધવા લાગી અને મધ્યયુગમાં તે શહેર રૂપે વિકસવા લાગ્યું. પાટનગર તો એ હમણાં થયું.

સ્ટૉકહોમનો અર્થ તો થાય છે લાકડાનો ટાપુ. પણ આજે તો એ સોહામણું શહેર બની ગયું છે. રૂઆબદાર જાહેર મકાનો, પહોળા રાજમાર્ગો, ભરચક્ક બંદરગાહો, મનોહર રંગભૂમિઓ, સુંદર બાગબગીચા અને આલીશાન હૉટેલોથી ભરપુર સ્ટૉકહોમ પોતે તો બેશક રળિયામણું છે જ; પણ વિશિષ્ટ સૌંદર્ય તો એના કિનારાનું છે. જગતના ઘણા આગંતુકો એ જ જોવા ખાસ ત્યાં જાય છે. એક છેડે માલર સરોવર અને બીજે છેડે સમુદ્ર, એ બંનેને જોડતી એક નાની ખાડીમાંના નાનાનાના બેટો ઉપર વસેલું હોઈ અત્યંત સુંદર કિનારાથી તે મઢાયેલું છે અને સમુદ્ર તથા સરોવર બંનેના કિનારાનો લાભ તેને મળે છે. શહેરનો અંતરંગ વ્યવહાર પણ ઘણે સ્થળે જલમાર્ગોથી થાય છે. આથી તે 'ઉત્તરના વેનીસ' તરીકે પણ કવચિત ઓળખાય છે. જોકે ધીકતા જતા વ્યવહારવાળા એ શહેરને એ નાના ને શાંત જલમાર્ગો સાંકડા પડતા હોવાથી ૧૯૩૪ના ઑગસ્ટમાં ત્યાં 'ન્યા ટ્રાનેબર્ગસ્બ્રૉન' નામનો એક જંગી પૂલ બાંધવામાં આવ્યો છે. માત્ર એક જ કમાનનોને સીમેન્ટ કૉંક્રીટનો એવડો મોટો પૂલ દુનિયાભરમાં એ એક જ છે.


સ્વીડ લોકો નગરરચનાના ખૂબ શૌખીન છે અને સ્ટૉકહોમવાસીઓ તો પોતાના સુંદર શહેર માટે બહુ મગરૂરી ધરાવે છે. કામદારો માટે એમણે હમણાં નવી કૉન્સર્ટીના-ઢબે બંધાવેલાં ઘરો એવી રચનાથી બાંધ્યાં છે કે કોઇ પણ ઘરવાળો પોતાના પડોશીની બારીમાંથી તેના ઘરમાં નજર ન કરી શકે. એમના અનુપમ સ્થાપત્ય રૂપ ગણાતા જૂના રાજમહેલ અને ૧૯૨૩માં બંધાવેલા નવા ટાઉન હૉલ માટે એમને જેટલો ગર્વ છે તેટલો જ આ ઘરો માટે પણ છે.

પાટનગર અને વળી પાછું બંદર હોવાથી સ્ટૉકહોમ સ્વાભાવિકરીતે જ આયાત-નિકાસનું મોટું ધામ છે; અને લોઢું ગાળવાનાં અસંખ્ય કારખાનાં, એન્જીનીઅરિંગ કામની મશીનશૉપો, સાકર, તમાકુ ને દારૂનાં કારખાનાં, વહાણો બાંધવાની ગોદીઓ એ જંગી ઉદ્યોગો વડે આખું શહેર ધમધમે છે. ખૂબ જંગલો અહીં હોવાને લીધે લાકડું ને ફર્નીચર એ પણ અહીંના મોટા ઉદ્યોગો છે. તે ઉપરાંત બૂચ, તમાકુ, રેશમ, રાસાયણિક અને ચામડાના ઉદ્યોગો અને સુંદર માટીકામને માટે પણ સ્ટૉકહોમ મશહૂર છે. ઈ. ૧૭૫૧માં ૬૧ હજારની વસતિ હતી તે વધીને આજે દસગણી થઇ ગઈ છે. વિદ્યાકળાની બધી શાખાઓમાં સ્વીડનની વિશિષ્ટ પ્રગતિ છે અને સ્ટૉકહોમ તે દરેકની ઉત્તમ શિક્ષાપીઠ ધરાવે છે. ચિત્ર શિલ્પ, સ્થાપત્ય, સંગીત, કૃષિવિજ્ઞાન, પ્રકૃતિવિજ્ઞાન, હવામાન, જંતુ અને વનસ્પતિશાસ્ત્ર વગેરેની વિદ્વાન સંસ્થાઓ ને સંગ્રહસ્થાનો સ્ટૉકહોમ ધરાવે છે; ને એ જ પ્રમાણે વ્યાયામશાળાઓ, રમતગમતનાં મેદાનો અને ક્રીડાંગણોથી પણ તે ભરપૂર છે.

સ્વીડો કારીગરીની તો કોઈ અદ્‌ભુત શક્તિ ધરાવે છે; સાદામાં સાદાં સાધનોમાંથી રૂપસુંદર ચીજો સરજાવનાર સાચા કલાકાર એ લોકો છે. એમનો જૂનો રાષ્ટ્રવેશ જ બતાવી આપે છે કે જીવનની નાનામાં નાની વસ્તુ માટે પણ તે પ્રજા કેટલી કાળજી રાખે છે. ઊંચા, મજબૂત બાંધાના, રૂપાળા, તામ્રવર્ણી આસમાની આંખો અને સુંદર વાળવાળા એ લોકો પોતાના વિશિષ્ટ ગુણો માટે અરમાન ધરાવનારા, છતાં શાંત અને મૂંગા છે. અને કદાચ આ છેલ્લા ગુણનો જ લાભ આજ એ પ્રજાને મળી રહ્યો છે. પરસ્પરના દુશ્મન એવા બધા જ દેશોના માણસો ધરાવતી એ તટસ્થ ભૂમિ પર કોણ કોનો જાસૂસ હશે એ કોણ જાણે છે? એટલે એક કાનેથી સાંભળેલું બીજે કાને કાઢી નાખીને એ લોકો મૂંગામૂંગા પોતાના કામમાં જ રત રહે છે.

ઍલેક્ઝાન્ડર ડ્યૂમાએ વિક્ટર હ્યુગોને કહ્યું કે આપણે સાથે મળીને લેખો લખીએ. પણ હ્યુગોએ અહંકારથી તેની વાત નકારીને કહ્યું 'ઘોડો અને ગધેડો કંઈ એક ધોંસરે હોય ખરા?'

'સારૂં મહેરબાન,' ડ્યૂમાએ જવાબ દીધો: 'પણ મને તમે ઘોડો ગણો એ તો ઠીક નહિ.'



નાના નાના ટાપુઓ ઉપર વસેલા સ્ટૉકહોમનો ખ્યાલ આપતું વિહંગ દૃશ્ય

પંચતંત્રની વાર્તાઓ

પાંચમું તન્ત્ર · અપરીક્ષિતકારિતા

વળી સુવર્ણસિદ્ધિ કહે: અને કહ્યું છે:

વિદ્યાનિષ્ણાત જ છતાં લોકાચારવિવર્જિત ।
હાસ્યપાત્ર બને તે તો જેમ આ મૂર્ખ પંડિતો ॥

ચક્રધર કહે, 'એ કેમ ?' તે બોલ્યો:

કથા ૪

એક ઠેકાણે ચાર બ્રાહ્મણ મિત્રો વસતા હતા. નાનપણમાં એને વિચાર આવ્યો કે 'પરદેશ જઈને વિદ્યાપ્રાપ્તિ કરિએ.' એમ કરીને એ કાન્યકુબ્જ ગયા, ત્યાં બાર વર્ષ એકચિત્તે ભણીને વિદ્યાકુશળ થઈ ગયા એટલે ઉપાધ્યાયની આજ્ઞા લઈ પુસ્તકો ઊપાડીને એ સ્વદેશ આવવા નિકળ્યા.

થોડેક ગયા ત્યાં બે મારગ આવ્યા. એક કહે, 'કયે માર્ગે ચાલશું ?' આ વેળાએ તે નગરમાં કોઇ વણિક્પુત્ર મરી ગયો હતો, એને દેન દેવા મોટો સમુદાય નિકળી પડયો હતો. એટલે ચારમાંથી એકે ચોપડીમાં જોયું:

'મહાજન ગયું જ્યાં   તે માર્ગે જાઓ તમે પણ ।'

ને કહ્યું; 'એટલે આપણે મહાજનને માર્ગે ચાલો.'

એમ કરીને એ મહાજનના ટોળા ભેળા જાય છે, ત્યાં સ્મશાનમાં ગધેડાને જોયો. એટલે બીજાએ પુસ્તક ઉઘાડીને જોયું:

'ઉત્સવે વ્યસને તેમ   દુર્ભિક્ષે શત્રુસંકટે ।
રાજદ્વારે સ્મશાને યે જે ઊભે તે જ બાન્ધવ ॥

એટલે અહો, આ તો આપણો બાન્ધવ છે.' ત્યાં તો કોઇ ગધેડાને ગળે વળગે છે, કોઇ એના પગ ધુએ છે.

હવે તે પંડિતો દિશાઓનું અવલોકન કરે છે તો કોઇ ઊંટને દીઠો ને કહ્યું, 'આ શું ?' એટલે ત્રીજાએ પુસ્તક ઉઘાડીને કહ્યું:

" 'ધર્મની ત્વરિતા ગતિ' ।

તો તો આ ધર્મ છે." ચોથો કહે:

'ઇષ્ટ ને ધર્મ જોડવાં' ।

એટલે તેઓએ ગધેડાને ઊંટને ગળે બાંધ્યો. કોકે જઈને ધોબીને વાત કરી. ધોબી જેવો મૂર્ખ પંડિતને પ્રહાર કરવા આવ્યો તેવા તે નાઠા. થોડેક ગયા ત્યાં નદી આવી. એના પાણીમાં પલાશપત્ર આવતું જોઈને એક પંડિત કહે:

'આવશે પત્ર જે તે તો   તારશે તમને સદા ।'

આમ કહીને એ પાન ઉપર પડયો ને તણાવા મંડયો. તે જોઈને બીજા પંડિતે એના કેશ ઝાલી કહ્યું:

'સર્વનાશ થવા બેઠે   અર્ધું છોડે જ પંડિત ।
અર્ધાથી કામ ચલવે   સર્વનાશ હિ દુઃસહ ॥'

એમ કરીને એણે એનું માથું કાપી લીધું.

પાછા ચાલતાં હવે તેઓ એક ગામમાં આવ્યા, ત્યાં ગ્રામીણે એને નોતર્યા તથા નોખે નોખે ઘેર લઈ ગયા. એકને ઘીખાંડવાળી



સૂત્રિકા+ ખાવા આપી, એટલે વિચાર કરીને પંડિત કહે:

'દીર્ઘસૂત્રીતણો મરો।'

એમ કરીને ભોજન છોડીને એ ગયો. બીજાને મોટા ખાખરા દીધા; તેણે પણ કહ્યું:

'અતિવિસ્તારવિસ્તીર્ણું ન તે થાય ચિરાયુષી'।

એ પણ ભોજન તજીને ગયો. ત્રીજાને વડાં દીધાં; તે પંડિત પણ કહે:

'છિદ્રે અનર્થો બહુલા બને છે'।

આમ ત્રણે પંડિત ભૂખે મરતા, ને લોકોનું ઉપહાસપાત્ર બનતા ત્યાંથી સ્વદેશ ગયા.

હવે સુવર્ણસિદ્ધિ કહે, 'તું લોકવ્યવહાર જાણતો નહિ છતાં મેં વાર્યો તો ય રહ્યો નહિ અને તારી આવી અવસ્થા થઈ. એટલે હું કહું છું: 'વિદ્યાનિષ્ણાત જ છતાં' ઇતિ.

(ચાલુ) **દેસાઇ વાલજી ગોવિન્દજી**

+ સેવ

હોસ્ટેલ-જીવનનાં હાસ્યો

(અનુસંધાન પાછળના પાન ૭૫થી) 'જનરલ મીટિંગ તો થઈ ગઈ.' મિસ્ત્રીએ કહ્યું; 'પણ તમે ગામમાં ગયા હશો, તેથી ગેરહાજર રહ્યા. અમે બધાએ સર્વાનુમતે આ ઠરાવ પસાર કર્યો છે. અને તમે હાજર હોત તો બહુ તો એક વિરુદ્ધ ઓગણીસ મતે પસાર થાત. માટે તમારે તો થાળી અવળી મૂકવી જ પડશે.'

ગઢવી તો અમને બધાને 'મૂર્ખાં' ને 'ગધેડા' ને એવુંએવું કહેવા લાગ્યા. અને પછી: 'તમારી બહુમતિ તેથી શું થયું? એવી મૂરખ બહુમતિ સામે હું મારા આત્મબળથી એકલો ઝૂઝીશ. હું થાળી સવળી નથી મૂકવાનો, નથી મૂકવાનો ને નથી મૂકવાનો; લે.....'

પણ એટલામાં તો મહારાજ પીરસવા બહાર નીકળ્યા, એટલે અમે અમારી થાળીઓ સવળી મૂકી. ગઢવીને થયું કે પોતાનો વિજય થયો! એટલે આજે વરસને વચલે દહાડે તેઓ હસી પડયા. પણ એ હસ્યા તે માત્ર દેખી જ શકાયું; બાકી તો અમારા મહાન ખડખડાટમાં એમનો ઝીણો ખખડાટ ડૂબી ગયો.

ઈન્દુરાવ ફૂટબૉલના શોખીન હતા. ચાના પણ તેવા જ.

'મિસ્ત્રી, ચા બનાવો ચા.' એક દિવસ ઇન્દુરાવે આમંત્રણ માગ્યું.

'પા કલાક પછી આવજો; આપણે જરૂર પીશું.' મિસ્ત્રીએ કહ્યું. ઇન્દુરાવ પોતાની રૂમે ગયા. પછી મિસ્ત્રી એક સારો ગોળમટોળ પથરો શોધી આવ્યા, અને પોતાની રૂમ વચ્ચે મૂકી ઉપર એક જૂની ઝરેરી કૅપ ઢાંકી દીધી.

થોડી વાર રહીને મિસ્ત્રીએ પ્રાઈમસ સળગાવ્યો. અવાજ સાંભળીને ઇન્દુરાવ આવી પહોંચ્યા. રૂમ વચ્ચોવચ ટોપી દેખીને તેમનો પગ ખાજવવા લાગ્યો: 'આ ફૂટબૉલ જેવું અહીં શું પડયું છે?'

મિસ્ત્રી બોલ્યા, 'તમારા જેવા ફૂટબૉલના શૉખીનને ફક્ત ચાથી જ ટ્રીટ કરાય? ચા તૈયાર થતાં વાર લાગે એટલી ઘડી તમે એ ટોપી વતી ફૂટબૉલ રમો!'

'અહો! ત્યારે તો 'કિક' લગાવું ને? જોજો હો! સામેના મંદિરને ઠેકાવી દઉં છું!'

'કોઇ કાળે બને નહિ!'

'એ.....મ? લ્યો, ત્યારે જુઓ!' કહેતાંક ને ઇન્દુરાવે એક જોરથી કિક લગાવી. પણ ત્યાં તો જાણે કાળિયો કુતરો કરડયો હોય નહિ, એમ 'ઓ બાપ રે! મરી ગયો!' એમ ચીસ પાડી અને તેમનું મોં ક્વિનાઇન પીધા જેવું થઇ ગયું. પછી તો ચાની યે વાટ જોયા વગર ખોડંગતા ખોડંગતા તે પોતાની રૂમ ભેગા થઇ ગયા.

એક અમુક ચિરંજીવીના પૂજ્ય પિતાશ્રી પોતાના લાડકા પુત્રની ભાળ કાઢવા એક દિવસ હૉસ્ટેલમાં આવી પહોંચ્યા. હૉસ્ટેલની પછવાડે મોટું ખેતર હતું, તેમાં બબ્બે હાથ ઊંચું ઘાસ ને સવા બબ્બે હાથ ઊંચા ફૂલફળના છોડ હતા. તે જોઇને બાપને બીક લાગી કે રખેને આમાં સાપ વસતા હોય તો! અને તે પોતાના કુળદીપકને કોઈ દહાડો કરડી ખાય તો! મનનું સમાધાન કરવા તેમણે મિસ્ત્રીને પૂછયું, 'ભાઇ, હૉસ્ટેલમાં કદી સાપબાપ આવે ખરા?'

મિસ્ત્રી–'સાપ બાપ? સાપ તો અહીં કદી નીકળતો નથી; પણ આપ જેવા બાપ ક્યારેક ક્યારેક આવી પહોંચે છે!'

એક દિવસ એક ઘોડા ઉપર ચડીને કોઈ ભોળો માણસ નીકળ્યો. તેને મિસ્ત્રીએ કહ્યું, 'એ ભાઇ! પૂંછડું પડી ગયું!' પેલાએ સ્વાભાવિકરીતે હેબતાઇને પછવાડે જોયું. થોડી વાર તો કંઈ સમજ ન પડી. પણ પછી અમને બધાને હસતા જોઇ સમજ્યા કે મારી મશ્કરી થઈ.

પણ થોડા દિવસ પછી કોઈ અનુભવી ઘોડેસવાર નીકળ્યો, તે સવા શેર નીવડયો. મિસ્ત્રીએ પૂંછડું પડી જવાની તેની મશ્કરી કરી, એટલે તેણે કહ્યું, 'એ તો ઠીક જ થયું છે ભાઈ! તમારે શીંગડાં ને પૂછડાની ખામી છે; માટે એ પૂછડું લઇ લ્યો, અને કોઇનાં શીંગડાં પડી જાય ત્યારે ધ્યાન રાખજો!' **જી. જી. ચા.**

ગંજીપાનો જાદુ

ગણિતી રચનાની એક સાદી યુક્તિથી તમે આ નીચેની રમત વડે તમારા કુટુંબ તથા મિત્રોમાં ખૂબ રસ જમાવી શકશો.

ગંજીપામાંથી કોઈપણ રંગ (જાત)નાં ૧ (એક્કા)થી ૧૦ (દસ્સા) સુધીનાં પાનાં લઇને તેને નીચેના ક્રમમાં ગોઠવો:

૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧ ૨

હવે તમારા મિત્રોને તે પાનાંની ડાબી તરફથી, તેની ઇચ્છા હોય તેટલાં પાનાં અનુક્રમે ફેરવીને જમણા હાથ તરફ મૂકવાનું કહી બહાર ચાલ્યા જાઓ. તે ફેરવી રહે એટલે પાછા આવીને તમારે જમણા હાથ પરનું ત્રીજું પાનું ઉપાડી લેવું. તેણે જેટલાં પાનાં ફેરવ્યાં હશે તેટલામો અંક તે પાનાનો હશે! (જો દસનો અંક આવે તો તો સમજવું કે તેણે પાનાં ફેરવ્યાં જ નથી, કેમકે ઉપર દર્શાવેલી તમારી મૂળ ગોઠવણીમાં જમણી તરફનો ત્રીજો અંક ૧૦નો જ છે.) પણ દાખલા તરીકે ૪નો અંક આવે, તો સમજવું કે તેણે ૪ પાનાં ફેરવ્યાં છે.

આ પછી પણ તમે આ રમત ચાહો ત્યાં સુધી ચાલુ રાખી શકશો. માત્ર ફેર એટલો કરવાનો કે પછીની વખતનો અંક કહેતાં પહેલાં તમારે ૩ની અંદર અગાઉ ફેરવેલા પાનાનો અંક ઉમેરીને તેટલામું પાનું ઉપાડવાનું. દાખલા તરીકે પહેલા ખેલ વખતે તો તમે ત્રીજું પાનું ઉપાડયું હોય. હવે તેમાં જો ૪નો અંક આવ્યો હોય તો બીજા ખેલ વખતે પહેલાંના ૩માં એ ૪ ઉમેરીને ૭મું પાનું ઉપાડવાનું. તેમાં જો પાંચ ફેરવેલાં નીકળે તો તે પછીની રમત વખતે અગાઉના ૭ અને આ પાંચ મળીને ૧૨મું પાનું ઉપાડવાનું આવે; પણ આપણી રમતમાં પાનાં તો ૧૦ જ છે; એટલે ૧૨માંથી ૧૦ બાદ કરીને બીજું પાનું ઉપાડવું. આમ, આ રમત તમે ચાહો તેટલી વાર ચાલુ રાખી શકશો.

—દ્વારકાદાસ બારાઇ

Our Friends Abroad

પરદેશી મિત્રોના પત્રો

—આ પત્ર મેળવનાર: રમણ દોશી, દેરા શેરી, રાજકોટ—

134, Oak Street
Weehawken, N. J. (U. S. A.)
June 3, 1938

પ્રિય તરુણ મિત્ર,

મારા પુત્ર રિચાર્ડ ઉપરનો તમારો સુંદર પત્ર અમે સૌએ ખૂબ આનંદપૂર્વક વાંચ્યો છે.

હું કોઇ મોટા કૃષિવિજ્ઞાનગૃહને લખી તેમનું સાહિત્ય તમને મોકલી આપવા જણાવીશ. મારો બીજો પુત્ર પૉલ પણ વનસ્પતિ-વિદ્યા અને કૃષિવિજ્ઞાનમાં ઊંડો રસ ધરાવે છે. એનો વિચાર તો એ વિષયનો અભ્યાસ કરવાનો હતો, પણ હું કેટલાંક વર્ષોથી બેકાર છું. તેથી તેને પૈસા ભરવા પડે તેવી (વિદ્યાર્થીઓની ફી પર ચાલતી) કોઇ કૉલેજમાં દાખલ કરી શકાયો નથી. એટલે હમણાં તો તે શિક્ષણ-કળાનો અભ્યાસ કરાવનારી કૉલેજમાં દાખલ થશે. એ કૉલેજ સરકારી સંસ્થા હોવાથી તેની ફી ખાનગી કૉલેજો કરતાં ઘણી ઓછી છે. વળી સરકાર તરફથી તેમાં એવી કેટલીક રકમની જોગવાઇ રાખી છે કે જેમાંથી વિદ્યાર્થીઓ ફી ન ભરતાં સત્ર દરમ્યાન અભ્યાસના સમય પછી કૉલેજનું કેટલુંક કામકાજ કરીને તેનું વળતર વાળી શકે. અલબત્ત, કૉલેજે જવા આવવાનો પ્રવાસખર્ચ, ચોપડીઓ, કૉલેજની અભ્યાસેતર પ્રવૃત્તિઓ, પ્રયોગશાળાનું ખર્ચ, બપોરનો નાસ્તો વગેરે જેવાં ખર્ચો વિદ્યાર્થીઓએ પોતે વેઠી લેવાનાં હોય છે, પૉલ, જેની ઉમર ૧૭½ વર્ષની છે, તેણે હમણાં જ કૉલેજનું પહેલું વર્ષ પૂરું કર્યું છે. તમે જેના ઉપર પત્ર લખેલો તેનું નામ રીચાર્ડ. તે ૧૬ વર્ષનો છે અને આ મહિને માધ્યમિક શાળાના ત્રીજા વર્ષનો અભ્યાસ તે પૂરો કરશે. આવતી સાલ ૧૭ વર્ષની ઉમરે તે મૅટ્રિક્યુલેટ અને ગ્રૅજ્યુએટ થશે. બંને ભાઈઓએ વિજ્ઞાનનો અભ્યાસક્રમ લીધેલો છે. અમારે ત્યાં હાઈસ્કૂલમાં નીચેના વિવિધ વિષયોમાંથી પસંદગી કરવાની હોય છે: ઍલ્જિબ્રા, (બીજગણિત) (ભૂમિતિ) સૉલિડ જ્યૉમેટ્રી (ઘનભૂમિતિ) પ્લેઈન ટ્રિગોનૉમેટ્રી (ત્રિકોણમિતિ), ફીઝિક્સ (પદાર્થવિજ્ઞાન) કેમિસ્ટ્રી, (રસાયન), બાયોલૉજી, બૉટાની ઍન્ડ ઝૂલૉજી (વનસ્પતિશાસ્ત્ર અને પ્રાણીવિજ્ઞાન અંગ્રેજી સાહિત્ય, જર્મન અને ફ્રેંચ ભાષા, મિકૅનિકલ ડ્રૉઇંગ (યંત્ર આલેખન), હસ્તકળાઓ કારખાનાંઓમાં વ્યવહારુ તાલીમ, વ્યાયામ અને આરોગ્યવિદ્યા. આ વિષયો ચાર વર્ષમાં કરવાના હોય છે, પણ ચાર વર્ષો માટે આટલા વિષયો બસ નથી. આ ઉપરાંત બીજા વિદ્યાવિષયક અને વાણિજ્ય શિક્ષણને લગતા અભ્યાસક્રમો પણ છે, જેમાં બુક-કીપિંગ (નામું) ટાઇપરાઇટિંગ અને સ્ટેનોગ્રાફી (લઘુલિપિ)નો સમાવેશ છે. આમ, તમે જોશો કે અહીં માધ્યમિક શિક્ષણ ઠીકઠીક અપાય છે. પ્રાથમિક અભ્યાસ પૂરો કરનારા બધા જ કાંઇ હાઇસ્કૂલનો આ અભ્યાસ પૂરો કરી શકતા નથી અને કૉલેજનો અભ્યાસક્રમ તો માત્ર થોડા જ પૂરો કરી શકે છે. આટલું અહીંની કેળવણી વિષયે.

અહીંની આર્થિક સ્થિતિ તો ઘણી જ ઘણી કંગાલ છે. અમારે ત્યાં દોઢ કરોડ જેટલાં માણસો બેકાર છે. વારંવાર હડતાળો પડ્યા કરે છે. વીજળીક પાવરના ઘટાડેલા દરો અને યંત્રોના ઉત્પાદનને લીધે મજૂરીના દરમાં કશો વધારો થયો નથી. અમે અમારી જાતને દુનિયાના સૌથી ધનાઢ્ય દેશ તરીકે ઓળખાવીએ છીએ, પણ અમારી ગરીબી અખબારોમાં દર્શાવાય છે તેથી ઘણી વધારે છે. પ્રેસિડેન્ટ રૂઝવેલ્ટની યોજનાઓ ઘણી સારી છે, પણ રાજતંત્ર (એટલે કે કશું કામકાજ નહિ કરવા બદલ મોટા પગારો લેતા માણસો) પોતાના લાગતાવળગતાઓની જ સંભાળ લે છે અને ભવિષ્યની બાબતમાં એને કશો રસ નથી. આનાં પરિણામો ઘણાં વિનાશક છે.

ખેતીવાડીની બાબતમાં તો અમારે ત્યાં એવું છે કે અમારા વિશાળ દેશની ભૂમિને ફળદ્રુપ રાખવાની જોગવાઇનો કાંઇ પણ વિચાર કર્યા વિના, તે જેટલું આપી શકે તેટલું બધું જ તેની પાસેથી ઉત્પન્ન કરી લેવામાં આવે છે. આ સાલ એક પાક ઉગાડવો અને બીજી સાલ તેમાં ફેરફાર કરી કોઇ લીલોતરી ઉગાડવી, એમ આંતરે વર્ષે જમીનનો કસ વધવા દેવાની યોજના કરવાને બદલે, ભોંયમાંથી તે ઉજ્જડ થઇ જાય ત્યાં સુધી એક ને એક પાક લેવામાં આવે છે. અને આમ કસ ખેંચી લઇને ખેડૂતો જમીન છોડી દે છે, ત્યાર બાદ વર્ષા અને વાયુનો અવસાદ વેઠતી જઈ લાખો હેક્ટર જમીન (૧ હેક્ટર=લગભગ ૨॥ એકર) ખાલી પડી રહે છે. પણ આજકાલ હવે અમે આ પ્રકારનું નુકસાન ઓછું કરવાના ઉપાયો યોજવા લાગ્યા છીએ. અમે ભૂમિનું વનસ્પતિકરણ કરતા જવાનું, નવાં જંગલો ઉગાડવાનું, નાની નદીઓ ઉપર બંધો બાંધવાનું ને પુષ્કળ પ્રમાણમાં લીલોતરી ઉગાડવાનું શરૂ કર્યું છે. જોકે આનાં પરિણામો આવતાં તો વર્ષો લાગશે.

વળી, જો યોગ્યરીતે ઉપયોગમાં લેવામાં આવે તો અમારા દેશમાં પાણીનો તો એટલો મોટો જથ્થો છે કે તે વડે હાઇડ્રો ઇલેક્ટ્રિક ટરબાઈનો ચલાવીને આખા દેશને કલાકે ·૦૦૫ સેન્ટે યુનિટ પ્રમાણે વીજળી પૂરી પાડી શકાય. આજે અમે ·૦૭ સેન્ટે યુનિટ લેખે આપીએ છીએ અને અમારી સરેરાશ ૦૪ સેન્ટ લેખે આવે છે. આથી વીજળીને લગતી અદ્‌ભુત નવીન શોધોના તેમજ જીવન નિભાવનું ખર્ચ કમી કરનારી પદ્ધતિઓના લાભ દેશની પ્રજા ઉઠાવી શકતી નથી. આનું પરિણામ એ આવે છે કે આધુનિક ઢબનાં યંત્રોનું ઉત્પાદન મોટા પ્રમાણમાં થાય છે, પણ તેને ખરીદનાર કોઈ હોતું નથી. ગત વર્ષમાં એટલી બધી મોટર ગાડીઓનું ઉત્પાદન કરવામાં આવ્યું કે તે બધીનું વેચાણ થઈ શક્યું નહિ, તેથી આ વર્ષે મોટર ઉત્પાદનનાં મોટાં કારખાનાં બંધ કરવામાં આવ્યાં, અને પરિણામે મધ્ય પ્રદેશનાં ઘણાં મોટાં શહેરોમાં આજે હજારો માણસો ભૂખે મરતાં નજરે પડે છે.

અહીં ઘણા માણસો મહાત્મા ગાંધીના પ્રશંસકો છે. તેમનાં ધ્યેયો અમે જાણીએ ને સમજીએ છીએ. અમારે પણ આવી જ જાતની નેતાગીરીની જરૂર છે, પણ અમારો દેશ તો જુદા જ પ્રકારનો છે.

આ પરિસ્થિતિઓ દુનિયાભરમાં એકંદરે સરખી છે. અમે જાણીએ છીએ કે રશિયામાં આ બાબત સાચી દિશાના પ્રયત્નો થએલા છે, પણ છાપાં એની ખબરો પૂરી પાડતાં નથી. માત્ર એન્જીનીઅરિંગના ધંધામાં અમને ઘણી બાબતો જાણવા મળે છે, કારણ કે એ ધંધાના લોકોએ રશિયાને તેના યંત્રીકરણના કાર્યમાં મદદ આપવામાં કેટલોક સમય ગાળેલો છે; અને એ તો નિ:શંક છે કે એ દેશ ખૂબખૂબ પ્રગતિ કરી રહ્યો છે.

આ બધું કદાચ તમને નવાઈ ઉપજાવે તેવું લાગશે. તમને આવું જાણવાનું પસંદ પડે છે કે નહિ તે જણાવશો.

અમે આશા રાખીએ છીએ કે તમારું વૅકેશન સુખરૂપ જશે અને તમને સંતોષકારક કામ મળી રહેશે.

શુભેચ્છાઓ સાથે, હૃદયથી તમારો
Rene A. Wurgel

સુત્રિકા+ ખાવા આપી, એટલે વિચાર કરીને પંડિત કહે:

'દીર્ઘસૂત્રીતણો મરો।'

એમ કરીને ભોજન છોડીને એ ગયો. બીજાને મોટા ખાખરા દીધા; તેણે પણ કહ્યું:

'અતિવિસ્તારવિસ્તીર્ણં ન તે થાય ચિરાયુષી'।

એ પણ ભોજન તજીને ગયો. ત્રીજાને વડાં દીધાં; તે પંડિત પણ કહે:

'છિદ્રે અનર્થો બહુલા બને છે'।

આમ ત્રણે પંડિત ભૂખે મરતા, ને લોકોનું ઉપહાસપાત્ર બનતા ત્યાંથી સ્વદેશ ગયા.

હવે સુવર્ણસિદ્ધિ કહે, 'તું લોકવ્યવહાર જાણતો નહિ છતાં મેં વાર્યો તોય રહ્યો નહિ અને તારી આવી અવસ્થા થઈ. એટલે હું કહું છું: 'વિદ્યાનિષ્ણાત જ છતાં' ઇતિ.

(ચાલુ) **દેસાઇ વાલજી ગોવિન્દજી**

+ સેવ

હૉસ્ટેલ-જીવનનાં હાસ્યો

(અનુસંધાન પાછળના પાન ૭૪થી) 'જનરલ મીટિંગ તો થઈ ગઈ.' મિસ્રીએ કહ્યું; 'પણ તમે ગામમાં ગયા હશો, તેથી ગેરહાજર રહ્યા. અમે બધાએ સર્વાનુમતે આ ઠરાવ પસાર કર્યો છે. અને તમે હાજર હોત તો બહુ તો એક વિરૂદ્ધ ઓગણીસ મતે પસાર થાત. માટે તમારે તો થાળી અવળી મૂકવી જ પડશે.'

ગઢવી તો અમને બધાને 'મૂર્ખા' ને 'ગધેડા' ને એવુંએવું કહેવા લાગ્યા. અને પછી: 'તમારી બહુમતિ તેથી શું થયું? એવી મૂરખ બહુમતિ સામે હું મારા આત્મબળથી એકલો ઝૂઝીશ. હું થાળી સવળી નથી મૂકવાનો, નથી મૂકવાનો ને નથી મૂકવાનો; લે. . . . .'

પણ એટલામાં તો મહારાજ પીરસવા બહાર નીકળ્યા, એટલે અમે અમારી થાળીઓ સવળી મૂકી. ગઢવીને થયું કે પોતાનો વિજય થયો! એટલે આજે વરસને વચલે દહાડે તેઓ હસી પડયા. પણ એ હસ્યા તે માત્ર દેખી જ શકાયું; બાકી તો અમારા મહાન ખડખડાટમાં એમનો ઝીણો ખખડાટ ડૂબી ગયો.

ઈન્દુરાવ ફૂટબૉલના શોખીન હતા. ચાના પણ તેવા જ.

'મિસ્રી, ચા બનાવો ચા.' એક દિવસ ઇન્દુરાવે આમંત્રણ માગ્યું.

'પા કલાક પછી આવજો; આપણે જરૂર પીશું.' મિસ્રીએ કહ્યું. ઇન્દુરાવ પોતાની રૂમે ગયા. પછી મિસ્રી એક સારો ગોળમટોળ પથરો શોધી આવ્યા, અને પોતાની રૂમ વચ્ચે મૂકી ઉપર એક જૂની ઝવેરી કૅપ ઢાંકી દીધી.

થોડી વાર રહીને મિસ્રીએ પ્રાઈમસ સળગાવ્યો. અવાજ સાંભળીને ઇન્દુરાવ આવી પહોંચ્યા. રૂમ વચ્ચોવચ ટોપી દેખીને તેમનો પગ ખાજવવા લાગ્યો: 'આ ફૂટબૉલ જેવું અહીં શું પડયું છે?'

મિસ્રી બોલ્યા, 'તમારા જેવા ફૂટબૉલના શૉખીનને ફક્ત ચાથી જ ટ્રીટ કરાય? ચા તૈયાર થતાં વાર લાગે એટલી ઘડી તમે એ ટોપી વતી ફૂટબૉલ રમો!'

'અહો! ત્યારે તો 'કિક' લગાવું ને? જોજો હો! સામેના મંદિરને ઠેકાવી દઉં છું!'

'કોઇ કાળે બને નહિ!'

'એ. . . . .મ? લ્યો, ત્યારે જુઓ!' કહેતાંક ને ઇન્દુરાવે એક જોરથી કિક લગાવી. પણ ત્યાં તો જાણે કાળિયો કુતરો કરડયો હોય નહિ, એમ 'ઓ બાપ રે! મરી ગયો!' એમ ચીસ પાડી અને તેમનું મોં કિવનાઇન પીધા જેવું થઇ ગયું. પછી તો ચાની યે વાટ જોયા વગર ખોડંગતા ખોડંગતા તે પોતાની રૂમ ભેગા થઇ ગયા.

એક અમુક ચિરંજીવીના પૂજ્ય પિતાશ્રી પોતાના લાડકા પુત્રની ભાળ કાઢવા એક દિવસ હૅાસ્ટેલમાં આવી પહોંચ્યા. હૅાસ્ટેલની પછવાડે મોટું ખેતર હતું, તેમાં બબ્બે હાથ ઊંચું ઘાસ ને સવા બબ્બે હાથ ઊંચા ફૂલફળના છોડ હતા. તે જોઇને બાપને બીક લાગી કે રખેને આમાં સાપ વસતા હોય તો! અને તે પોતાના કુળદીપકને કોઈ દહાડો કરડી ખાય તો! મનનું સમાધાન કરવા તેમણે મિસ્રીને પૂછયું, 'ભાઇ, હૅાસ્ટેલમાં કદી સાપબાપ આવે ખરા?'

મિસ્રી–'સાપ બાપ? સાપ તો અહીં કદી નીકળતો નથી; પણ આપ જેવા બાપ કયારેક કયારેક આવી પહોંચે છે!'

એક દિવસ એક ઘોડા ઉપર ચડીને કોઈ ભોળો માણસ નીકળ્યો. તેને મિસ્રીએ કહ્યું, 'એ ભાઇ! પૂંછડું પડી ગયું!' પેલાએ સ્વાભાવિક-રીતે હેબતાઇને પછવાડે જોયું. થોડી વાર તો કંઈ સમજ ન પડી પણ પછી અમને બધાને હસતા જોઇ સમજ્યો કે મારી મશ્કરી થઈ.

પણ થોડા દિવસ પછી કોઈ અનુભવી ઘોડેસવાર નીકળ્યો, તે સવા શેર નીવડયો. મિસ્રીએ પૂંછડું પડી જવાની તેની મશ્કરી કરી, એટલે તેણે કહ્યું, 'એ તો ઠીક જ થયું છે ભાઈ! તમારે શીંગડાં ને પૂછડાની ખામી છે; માટે એ પૂછડું લઇ લ્યો, અને કોઇનાં શીંગડાં પડી જાય ત્યારે ધ્યાન રાખજો!' **જી. જી. ચા.**

ગંજીપાનો જાદુ

ગણિતી રચનાંની એક સાદી યુક્તિથી તમે આ નીચેની રમત વડે તમારા કુટુંબ તથા મિત્રોમાં ખૂબ રસ જમાવી શકશો.

ગંજીપામાંથી કોઈપણ રંગ (જાત)નાં ૧ (એક્કા)થી ૧૦ (દસ્સા) સુધીનાં પાનાં લઇને તેને નીચેના ક્રમમાં ગોઠવો:

૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧ ૨

હવે તમારા મિત્રોને તે પાનાંની ડાબી તરફથી, તેની ઇચ્છા હોય તેટલાં પાનાં અનુક્રમે ફેરવીને જમણા હાથ તરફ મૂકવાનું કહી બહાર ચાલ્યા જાઓ. તે ફેરવી રહે એટલે પાછા આવીને તમારે જમણા હાથ પરનું ત્રીજું પાનું ઉપાડી લેવું. તેણે જેટલાં પાનાં ફેરવ્યાં હશે તેટલામો અંક તે પાનાનો હશે! (જો દસનો અંક આવે તો તો સમજવું કે તેણે પાનાં ફેરવ્યાં જ નથી, કેમકે ઉપર દર્શાવેલી તમારી મૂળ ગોઠવણીમાં જમણી તરફનો ત્રીજો અંક ૧૦નો જ છે.) પણ દાખલા તરીકે ૪નો અંક આવે તો સમજવું કે તેણે ૪ પાનાં ફેરવ્યાં છે.

આ પછી પણ તમે આ રમત ચાહો ત્યાં સુધી ચાલુ રાખી શકશો. માત્ર ફેર એટલો કરવાનો કે પછીની વખતનો અંક કહેતાં પહેલાં તમારે ૩ની અંદર અગાઉ ફેરવેલા પાનાનો અંક ઉમેરીને તેટલામું પાનું ઉપાડવાનું. દાખલા તરીકે પહેલા ખેલ વખતે તો તમે ત્રીજું પાનું ઉપાડયું હોય. હવે તેમાં જો ૪નો અંક આવ્યો હોય તો બીજા ખેલ વખતે પહેલાંના ૩માં એ ૪ ઉમેરીને ૭મું પાનું ઉપાડવાનું. તેમાં જો પાંચ ફેરવેલાં નીકળે તો તે પછીની રમત વખતે અગાઉના ૭ અને આ પાંચ મળીને ૧૨મું પાનું ઉપાડવાનું આવે; પણ આપણી રમતમાં પાનાં તો ૧૦ જ છે; એટલે ૧૨માંથી ૧૦ બાદ કરીને બીજું પાનું ઉપાડવું. આમ, આ રમત તમે ચાહો તેટલી વાર ચાલુ રાખી શકશો.

—દ્વારકાદાસ બારાઇ

Our Friends Abroad

પરદેશી મિત્રોના પત્રો

—આ પત્ર મેળવનાર: રમણ દોશી, દેરા શેરી, રાજકોટ—

134, Oak Street
Weehawken, N. J. (U. S. A.)
June 3, 1938

પ્રિય તરુણ મિત્ર,

મારા પુત્ર રિચાર્ડ ઉપરનો તમારો સુંદર પત્ર અમે સૌએ ખૂબ આનંદપૂર્વક વાંચ્યો છે.

હું કોઇ મોટા કૃષિવિજ્ઞાનગૃહને લખી તેમનું સાહિત્ય તમને મોકલી આપવા જણાવીશ. મારો બીજો પુત્ર પૉલ પણ વનસ્પતિવિદ્યા અને કૃષિવિજ્ઞાનમાં ઊંડો રસ ધરાવે છે. એનો વિચાર તો એ વિષયનો અભ્યાસ કરવાનો હતો, પણ હું કેટલાંક વર્ષોથી બેકાર છું. તેથી તેને પૈસા ભરવા પડે તેવી (વિદ્યાર્થીઓની ફી પર ચાલતી) કોઇ કૉલેજમાં દાખલ કરી શકાયો નથી. એટલે હમણાં તો તે શિક્ષણકળાનો અભ્યાસ કરાવનારી કૉલેજમાં દાખલ થશે. એ કૉલેજ સરકારી સંસ્થા હોવાથી તેની ફી ખાનગી કૉલેજો કરતાં ઘણી ઓછી છે. વળી સરકાર તરફથી તેમાં એવી કેટલીક રકમની જોગવાઇ રાખી છે કે જેમાંથી વિદ્યાર્થીઓ ફી ન ભરતાં સત્ર દરમ્યાન અભ્યાસના સમય પછી કૉલેજનું કેટલુંક કામકાજ કરીને તેનું વળતર વાળી શકે. અલબત્ત, કૉલેજે જવા આવવાનો પ્રવાસખર્ચ, ચોપડીઓ, કૉલેજની અભ્યાસેતર પ્રવૃત્તિઓ, પ્રયોગશાળાનું ખર્ચ, બપોરનો નાસ્તો વગેરે જેવાં ખર્ચો વિદ્યાર્થીઓએ પોતે વેઠી લેવાનાં હોય છે, પૉલ, જેની ઉમર ૧૭½ વર્ષની છે, તેણે હમણાં જ કૉલેજનું પહેલું વર્ષ પૂરું કર્યું છે. તમે જેના ઉપર પત્ર લખેલો તેનું નામ રીચાર્ડ. તે ૧૬ વર્ષનો છે અને આ મહિને માધ્યમિક શાળાના ત્રીજા વર્ષનો અભ્યાસ તે પૂરો કરશે. આવતી સાલ ૧૭ વર્ષની ઉમરે તે મૅટ્રિક્યુલેટ અને ગ્રૅજ્યુએટ થશે. બંને ભાઈઓએ વિજ્ઞાનનો અભ્યાસક્રમ લીધેલો છે. અમારે ત્યાં હાઈસ્કૂલમાં નીચેના વિવિધ વિષયોમાંથી પસંદગી કરવાની હોય છે: ઍલ્જિબ્રા, (બીજગણિત) (ભૂમિતિ) સૉલિડ જ્યૉમેટ્રી (ઘનભૂમિતિ) પ્લેઈન ટ્રિગોનૉમેટ્રી (ત્રિકોણમિતિ), ફીઝિક્સ (પદાર્થવિજ્ઞાન) કેમિસ્ટ્રી, (રસાયન), બાયોલૉજી, બૉટાની ઍન્ડ ઝૂલૉજી (વનસ્પતિશાસ્ત્ર અને પ્રાણીવિજ્ઞાન અંગ્રેજી સાહિત્ય, જર્મન અને ફ્રેંચ ભાષા, મિકૅનિકલ ડ્રૉઇંગ (યંત્ર આલેખન), હસ્તકળાઓ કારખાનાંઓમાં વ્યવહારૂ તાલીમ, વ્યાયામ અને આરોગ્યવિદ્યા. આ વિષયો ચાર વર્ષમાં કરવાના હોય છે, પણ ચાર વર્ષો માટે આટલા વિષયો બસ નથી. આ ઉપરાંત બીજા વિદ્યાવિષયક અને વાણિજ્ય શિક્ષણને લગતા અભ્યાસક્રમો પણ છે, જેમાં બુક-કીપિંગ (નામું) ટાઇપરાઇટિંગ અને સ્ટેનોગ્રાફી (લઘુલિપિ)નો સમાવેશ છે. આમ, તમે જોશો કે અહીં માધ્યમિક શિક્ષણ ઠીકઠીક અપાય છે. પ્રાથમિક અભ્યાસ પૂરો કરનારા બધા જ કાંઇ હાઇસ્કૂલનો આ અભ્યાસ પૂરો કરી શકતા નથી અને કૉલેજનો અભ્યાસક્રમ તો માત્ર થોડા જ પૂરો કરી શકે છે. આટલું અહીંની કેળવણી વિષયે.

અહીંની આર્થિક સ્થિતિ તો ઘણી જ ઘણી કંગાલ છે. અમારે ત્યાં દોઢ કરોડ જેટલાં માણસો બેકાર છે. વારંવાર હડતાળો પડયા કરે છે. વીજળીક પાવરના ઘટાડેલા દરો અને યંત્રોના ઉત્પાદનને લીધે મજૂરીના દરમાં કશો વધારો થયો નથી. અમે અમારી જાતને દુનિયાના સૌથી ધનાઢય દેશ તરીકે ઓળખાવીએ છીએ, પણ અમારી ગરીબી અખબારોમાં દર્શાવાય છે તેથી ઘણી વધારે છે. પ્રેસિડેન્ટ રૂઝવેલ્ટની યોજનાઓ ઘણી સારી છે, પણ રાજતંત્ર (એટલેકે કશું કામકાજ નહિ કરવા બદલ મોટા પગારો લેતા માણસો) પોતાના લાગતાવળગતાઓની જ સંભાળ લે છે અને ભવિષ્યની બાબતમાં એને કશો રસ નથી. આનાં પરિણામો ઘણાં વિનાશક છે.

ખેતીવાડીના બાબતમાં તો અમારે ત્યાં એવું છે કે અમારા વિશાળ દેશની ભૂમિને ફળદ્રુપ રાખવાની જોગવાઇનો કાંઇ પણ વિચાર કર્યા વિના, તે જેટલું આપી શકે તેટલું બધું જ તેની પાસેથી ઉત્પન્ન કરી લેવામાં આવે છે. આ સાલ એક પાક ઉગાડવો અને બીજી સાલ તેમાં ફેરફાર કરી કોઇ લીલોતરી ઉગાડવી, એમ આંતરે વર્ષે જમીનનો કસ વધવા દેવાની યોજના કરવાને બદલે, ભોંયમાંથી તે ઉજ્જડ થઇ જાય ત્યાં સુધી એક ને એક પાક લેવામાં આવે છે. અને આમ કસ ખેંચી લઇને ખેડૂતો જમીન છોડી દે છે, ત્યાર બાદ વર્ષા અને વાયુનો અવસાદ વેઠતી જઈ લાખો હેક્ટર જમીન (૧ હેક્ટર=લગભગ ૨॥ એકર) ખાલી પડી રહે છે. પણ આજકાલ હવે અમે આ પ્રકારનું નુકસાન ઓછું કરવાના ઉપાયો યોજવા લાગ્યા છીએ. અમે ભૂમિનું વનસ્પતિકરણ કરતા જવાનું, નવાં જંગલો ઉગાડવાનું, નાની નદીઓ ઉપર બંધો બાંધવાનું ને પુષ્કળ પ્રમાણમાં લીલોતરી ઉગાડવાનું શરૂ કર્યું છે. જોકે આનાં પરિણામો આવતાં તો વર્ષો લાગશે.

વળી, જો યોગ્યરીતે ઉપયોગમાં લેવામાં આવે તો અમારા દેશમાં પાણીનો તો એટલો મોટો જથ્થો છે કે તે વડે હાઇડ્રો ઇલેક્ટ્રિક ટરબાઈનો ચલાવીને આખા દેશને કલાકે ·૦૦૫ સેન્ટે યુનિટ પ્રમાણે વીજળી પૂરી પાડી શકાય. આજે અમે ·૦૭ સેન્ટે યુનિટ લેખે આપીએ છીએ અને અમારી સરેરાશ ૦૪ સેન્ટ લેખે આવે છે. આથી વીજળીને લગતી અદ્‌ભુત નવીન શોધોના તેમજ જીવન નિભાવનું ખર્ચ કમી કરનારી પદ્ધતિઓના લાભ દેશની પ્રજા ઉઠાવી શકતી નથી. આનું પરિણામ એ આવે છે કે આધુનિક ઢબનાં યંત્રોનું ઉત્પાદન મોટા પ્રમાણમાં થાય છે, પણ તેને ખરીદનાર કોઈ હોતું નથી. ગત વર્ષમાં એટલી બધી મોટર ગાડીઓનું ઉત્પાદન કરવામાં આવ્યું કે તે બધીનું વેચાણ થઈ શક્યું નહિ, તેથી આ વર્ષે મોટર ઉત્પાદનનાં મોટાં કારખાનાં બંધ કરવામાં આવ્યાં, અને પરિણામે મધ્ય પ્રદેશનાં ઘણાં મોટાં શહેરોમાં આજે હજારો માણસો ભૂખે મરતાં નજરે પડે છે.

અહીં ઘણા માણસો મહાત્મા ગાંધીના પ્રશંસકો છે. તેમનાં ધ્યેયો અમે જાણીએ ને સમજીએ છીએ. અમારે પણ આવી જ જાતની નેતાગીરીની જરૂર છે, પણ અમારો દેશ તો જુદા જ પ્રકારનો છે.

આ પરિસ્થિતિઓ દુનિયાભરમાં એકંદરે સરખી છે. અમે જાણીએ છીએ કે રશિયામાં આ બાબત સાચી દિશાના પ્રયત્નો થએલા છે, પણ છાપાં એની ખબરો પૂરી પાડતાં નથી. માત્ર એન્જીનીઅરિંગના ધંધામાં અમને ઘણી બાબતો જાણવા મળે છે, કારણ કે એ ધંધાના લોકોએ રશિયાને તેના યંત્રીકરણના કાર્યમાં મદદ આપવામાં કેટલોક સમય ગાળેલો છે; અને એ તો નિઃશંક છે કે એ દેશ ખૂબખૂબ પ્રગતિ કરી રહ્યો છે.

આ બધું કદાચ તમને નવાઈ ઉપજાવે તેવું લાગશે. તમને અહીં જાણવાનું પસંદ પડે છે કે નહિ તે જણાવશો.

અમે આશા રાખીએ છીએ કે તમારું વૅકેશન સુખરૂપ જશે અને તમને સંતોષકારક કામ મળી રહેશે.

શુભેચ્છાઓ સાથે, હૃદયથી તમારો
Rene A. Wurgel



(ઊર્મિ)

માધુકરી

અમે પથ ભૂલ્યા, ભમ્યા, ધરતી પે ઢળ્યા, આખડચા,
થયા વિવશ, ભાંગી હામ, દિલમાં ડગી રે ગયા !
પરંતુ તજ્યું દૂર ઠામ, ડગ ફેરવ્યે શું વળે ?
હવે ધપવું એ જ ધ્યેય, ન તમા ન આશા ફળે !

ન થાય પથ પૂર્ણ ને અધવચે તુટે તાંતણો,
થવું ખતમ તે દિ' આંબી લઇ પાસનો આંતરો,
બિછાત તનની ધરી, અદીઠ કેડી વા કોતરો
બતાવી, બની કો'ક કાજ પથચીંધણા પત્થરો !

—પ્રેમશંકર ભટ્ટ

મહાભારત-દીપક ડૉક્ટર સુકથનકર

ગઈ ૨૧ મી જાન્યુઆરીએ પૂનાના સુવિખ્યાત પ્રાચ્યવિદ્યાપ્રવીણ ડૉક્ટર વિષ્ણુ સીતારામ સુકથનકર (એમ. એ , પીએચ. ડી.) પક્ષાઘાતની બીમારીથી અઠ્ઠાવન વર્ષની ઉમરે પરલોકવાસી થયાં. એમના જવાથી ભારતભૂમિના એક સમર્થ પુરાતત્ત્વવેત્તા, ઇતિહાસજ્ઞ, સંસ્કૃત સાહિત્ય વિશારદ, પુરુષાર્થી સંશોધક અને દિગ્ગજ વિદ્વાનનું સ્થાન ખાલી થઇ ગયું છે.

આજથી ત્રેવીસેક વર્ષ ઉપરની વાત છે. પૂનાની વિશ્રુત સંશોધક સંસ્થા'ભાંડારકર પ્રાચ્ય વિદ્યા સંશોધન મંદિરે'સંસ્કૃત'**મહાભારત**' જેવા ગૌરવવંતા બૃહદ્‌ગ્રંથનું એક શુદ્ધ, પ્રામાણિક અને સ્વચ્છ મુદ્રણવાળું સુસંપાદિત સંસ્કરણ પ્રકટ કરવાનું મહાન કાર્ય હાથમાં લીધું. એ માટે સમસ્ત ભારતવર્ષમાંથી મહાભારતની જૂની વિવિધ હસ્તપ્રતો એકત્ર કરીને પછી તે પરથી તેના જુદાજુદા પાઠભેદોની પરીક્ષા કરી, વધારે શુદ્ધ જણાતા પાઠને પ્રામાણિક માની, અન્ય સર્વ પાઠભેદોને પાદટિપ્પણિમાં અંકિત કરી, તે સર્વનું એક સુંદર ને સુમુદ્રિત સંસ્કરણ તૈયાર કરવાનું હતું. પણ આ ભગીરથ કાર્ય ઉપાડચા બાદ થોડા સમયમાં તેના સંપાદકોમાંના અગ્રણી પ્રો. ઉદયગીરના અવસાનથી એ કામ અટકી પડ્યું હતું. એવામાં ડૉકટર વિષ્ણુ સીતારામ સુકથનકર ઇ. ૧૯૨૫માં એ સંસ્થામાં જોડાયા અને તેમની એ કાર્ય માટે સર્વથા યોગ્ય શક્તિ જોઇ તેમને તે સુપ્રત કરવામાં આવ્યું.

આ વિપુલ કાર્યની સિદ્ધિ માટે ડૉ. સુકથનકરે રાત અને દિવસ એક કરી દીધાં અને આજે, એમની લગભગ ૧૭–૧૮ વર્ષની અશ્રાન્ત સાધના તથા સંશોધનપરાયણતાના ફલ રૂપ મહાભારતના એ અપ્રતિમ સંસ્કરણના ચાર પર્વો પ્રસિદ્ધ થયા છે અને તેમની યોજના પ્રમાણે અન્ય પર્વોનું સંપાદન પણ ચાલુ છે મહાભારતના પ્રકાશનને ડૉકટર સુકથનકરે પોતાનું જીવનકાર્ય બનાવ્યું હતું, અને એમ કહેવામાં લેશમાત્ર અતિશયોક્તિ નથી કે એ મહા અનુષ્ઠાન પાછળ એમણે પોતાના લોહીનું પાણી કરી નાખ્યું હતું. ડૉ. વિન્ટરનિટ્ઝ જેવા વિદ્વાને એમના એ કાર્ય વિષે કહ્યું છે કે 'ભારતવર્ષ કે યુરોપ સમસ્તમાં એવો કોઈ વિદ્વાન નહિ મળે કે જે ડૉ. સુકથનકર કરતાં ચડિયાતું કામ કરી શકત.'

ડૉક્ટર સુકથનકરનો જન્મ ઇ. ૧૮૮૭ના મેની ચોથી તારીખે પૂનામાં થયો હતો. ત્યાંની મરાઠા હાઇસ્કૂલમાં પ્રારંભિક કેળવણી લઈ તેઓ મુંબાઈની સેંટ ઝેવિયર કૉલેજમાં દાખલ થયા અને ત્યાંથી વિલાયત ગયા. વિદેશમાં એમણે ક્રમશઃ એડિનબરો અને કૅમ્બ્રિજના વિદ્યાતીર્થોમાં રહી ઇતિહાસ, પુરાતત્ત્વ, ઇંડૉલૉજી અને પ્રાકૃત ભાષાઓનું અનુશીલન કર્યું કૅમ્બ્રિજમાંથી પ્રતિષ્ઠા સાથે એમ. એ. ની પદવી મેળવી તેઓ પીએચ. ડી. માટે જર્મની ગયા. ત્યાં સંસ્કૃત વ્યાકરણના એક પ્રાચીન આચાર્ય શાકટાયન વિષે સંશોધનપૂર્વક મહાનિબંધ (થીસીઝ) લખીએ પીએચ. ડી. થયા. એ નિબંધ પુસ્તકરૂપે લાઈપ્રાઝિગથી પ્રસિદ્ધ થયો છે. સંસ્કૃતના મહાકવિ સુબન્ધુ કૃત '**વાસવદત્તા**' ને નાટચકાર ભાસ કવિની કૃતિઓ વિષે એમણે સારો અભ્યાસ ને અવલોકન કર્યાં હતાં. એમણે સંપાદિત કરેલું'**વાસવદત્તા**' નું સંસ્કરણ ઑક્સફર્ડ વિશ્વવિદ્યાલયે બહાર પાડયું છે.

લાંબા વખત સુધી એમણે રૉયલ એશિયાટિક સોસાએટીની મુંબાઈ શાખાની સામયિક પત્રિકાનું સંપાદન કર્યું હતું પશ્ચિમી ભારતના પુરાતત્ત્વ ખાતાના ઉપાધ્યક્ષ તરીકે એમની વરણી કરવામાં આવી હતી. વિશ્વસમસ્તના પુરાતત્ત્વાચાર્યોમાં એમની સારી કીર્તિ અને પ્રતિષ્ઠા હતી. અને ઓરીએન્ટલ ઇન્સ્ટિટ્યૂટ–પ્રાગ (ચેકોસ્લોવાકિયા) તથા અમેરિકન ઓરીએન્ટલ સોસાએટી જેવી અનેક પ્રાચ્યવિદ્યા સંશોધક સંસ્થાઓ-



એ એમને પોતાના સભ્ય તરીકે સ્વીકાર્યા હતા. ઘણાં વર્ષો સુધી એમણે ભાંડારકર ઓરીએન્ટલ રીસર્ચ ઇન્સ્ટિટ્યૂટ પૂનાના પ્રધાન મંત્રીપદનું કાર્ય કુશળતા સાથે સંપન્ન કર્યું હતું. તે ઉપરાંત મુંબાઈ વિશ્વવિદ્યાલયના પોસ્ટ ગ્રૅજ્યુએટ વિભાગમાં તેઓ સંસ્કૃત સાહિત્ય, ઇતિહાસ અને પુરાતત્ત્વવિદ્યાના વ્યાખ્યાતા હતા. મુંબાઇ વિશ્વ-વિદ્યાલયના તત્ત્વાવધાનમાં એમણે મહાભારત વિષે એક આલોચનાત્મક વ્યાખ્યાન માળા (Three-dimentional view of the Mahabharata) શરૂ કરી હતી. જેમાં બે વ્યાખ્યાનો અપાઇ ચૂકયાં છે. ખેદનો વિષય છે કે એ વ્યાખ્યાનમાળા અપૂર્ણ રહી ગઇ. એ વ્યાખ્યાનોનું લખાણ તેઓ ટાઈપ કરતા હતા તે સમયે જ પક્ષાઘાતે એમના પર આક્રમણ કર્યું અને થોડા સમયમાં એમનો સ્વર્ગવાસ થઇ ગયો.

એમની અખંડ વિદ્યોપાસના, પ્રકાંડ પાંડિત્ય, કાર્યનિષ્ઠા, અને સંશોધનપ્રિયતાને લીધે વિદ્વાનોએ એમને 'महाभारतदीपक' અને 'विद्यालंकार'ની પદવી આપી સત્કાર્યા હતા.

આવા સંસ્કારસમૃદ્ધ અનુષ્ઠાનને યશસ્વીરીતે પૂર્ણ કરી એમણે ભારતવાસીઓને સાચે જ ઉપકૃત કર્યા છે. ડૉ. સુકથનકર સંસ્કૃત, અંગ્રેજી, જર્મન, પ્રાકૃત, મરાઠી વગેરે ભાષાઓનું સારૂં જ્ઞાન ધરાવતા હતા. આવા દિગ્ગજ મનીષી અને સંશોધકનું આ પણી વચ્ચેથી અચાનક ઉપડી જવું એ આપણા દેશની સારસ્વત પ્રવૃત્તિની મહાન અને ન પુરાય તેવી ખોટ છે. એમના નિધનથી પૂનાના ભાંડારકર સંશોધનામંદિરનો તો જાણે જમણો હાથ જ કપાઈ ગયો છે. ઉક્ત સંસ્થાના સંચાલકો એ જ્ઞાનોપાસક મનીષીની સ્મૃતિરક્ષા અને સમાદર માટે એક 'आचार्य सुकथनकर स्मृति ग्रंथ' પ્રસિદ્ધ કરવાની તૈયારી કરી રહ્યા છે, જેમાં આચાર્ય સુકથનકરના અભ્યાસપૂર્ણ લેખો અને નિબંધોનો સમાવેશ થશે અને જગતના અન્ય પુરાવિદોના વિદ્વત્તાપૂર્ણ લેખો પણ છપાશે. એ જ્ઞાનયોગીના આત્માને અમે શ્રદ્ધાંજલિ અર્પીએ છીએ.

—શંકરદેવ વિદ્યાલંકાર

સ્વીડન

આજના મહાયુદ્ધમાં તટસ્થ રહેલા ગણ્યાગાંઠયા દેશોમાંનો આ દેશ નાઝીઓને બહુ પ્રિય લાગે છે, અને પરાજયનો સંભવ આવી લાગે તો કૈઝરે જેમ હૉલૅંડને પોતાનું આશ્રયસ્થાન બનાવેલું તેમ હિટલર અને તેના સાથીદારો કદાચ સ્વીડનને આશ્રયસ્થાન બનાવે તેમ છે. ઘણા લોકો સ્કૅન્ડીનેવીઆના દ્વીપકલ્પને એક જ દેશ માની લે છે, પરંતુ સાચું જોતાં ભાષાની એક માત્ર સમાનતા સિવાય એ દ્વીપ-કલ્પના બંને દેશો-સ્વીડન અને નૉર્વે-વચ્ચે જબરો તફાવત રહેલો છે.

નૉર્વેની કિનારરેખા ખૂબ તૂટેલી ને તેની ભૂમિ પણ ખરબચડી છે. સ્વીડનનો પ્રદેશ મોટે ભાગે સપાટ અને તેની કિનારરેખા ઓછી ખંડિત છે. જોકે નૉર્વેની માફક તેની આસપાસ પણ અસંખ્ય ટાપુઓ આવેલા છે. સ્વીડન એ સરોવરો, વનો અને જંગલોનો દેશ છે. ઉચે આકાશમાંથી એનું નિરીક્ષણ કરતાં તો એમ જ લાગે કે જમીન ને પાણીના મિશ્રણની જ એ ભૂમિ છે, કારણકે સરોવરો ઉપરાંત સંખ્યાબંધ નદીઓ અને એ નદીઓને જોડતી નહેરો ત્યાં આવેલી છે.

જમીનનો અરધો ભાગ તો દેવદારનાં જંગલોથી જ છવાએલો છે. બાકીના ભાગમાં ખેતી થાય છે અને સર્વત્ર સુઘડતા જણાય છે. સ્વીડ લોકો પોતે પણ ખૂબ સુઘડ હોય છે—પોતાની ટેવોમાં જ નહિ પણ પોતાના વિચારોમાં પણ. ખેતી એ ત્યાંનો મોટામાંમોટો ઉદ્યોગ છે અને દેશની અરધા ઉપરાંતની વસતિ એ પાછળ રોકાએલી છે. શહેરોમાં તો કુલ વસતિના માત્ર ૩૦ ટકા જ રહે છે, જ્યારે બાકીનો ભાગ પોતાનાં ખેતરોમાં લાલ કે સફેદ છાપરીઓમાં રહે છે. રાઇ એ ત્યાંનું મુખ્ય અનાજ છે અને બટાટા પણ સારા પાકે છે. કિનારાનાં ગામોમાં માછલાંનો ઉદ્યોગ સારો ચાલે છે

સ્વીડનને દસેક લાખ ટન વજનનાં વહાણોનો વેપારી કાફલો પણ છે. ત્યાંનો વાહનવ્યવહાર ખૂબ સુવ્યવસ્થિત છે રેલવે બધી વીજળીથી જ ચાલે છે, કારણ કે ઉત્તરમાં આવેલા ધોધોની જલ-શક્તિને લઇને વીજળી ત્યાં એટલી સસ્તી પડે છે કે કેબલ દ્વારા તેની ડેનમાર્કમાં નિકાસ સુદ્ધાં કરવામાં આવે છે!

સ્વીડ ઉપરાંત કેટલાક ફિન અને લાપ લોકો પણ સ્વીડનમાં વસે છે. ત્યાંનો ધર્મ ઈવાન્જેલિકલ લ્યૂથેરન છે. પ્રજા ખડતલ, પ્રામાણિક ને પરિશ્રમી છે સંસ્કૃતિમાં પણ એણે પોતાનો ફાળો નોંધાવ્યો છે. મહાન વિજ્ઞાની લિનીઅસ, ચિંતક સ્વીડનબૉર્ગ, સંશોધક સ્વેન હેડિન વગેરે એની નીપજ છે.

—'પ્રકર્ષ'

નારંગી અને લીંબુ

કેટલાક લોકો મોસંબીને નારંગી કરતાં વધારે મહત્ત્વનાં ગણે છે, પણ એ બરાબર નથી. મોસંબી નારંગી કરતાં વધારે ગળ્યાં હોય તોપણ નારંગીમાં વૈદ્યકશાસ્ત્રની દૃષ્ટિએ વધારે ગુણ છે. ખાટાં ફળોમાં નારંગી સિવાય બીજા કોઇ પણ ફળમાં વિટામીન 'બી' નથી હોતું. આ વિટામીનને લીધે શરીરનું પોષણ અને રોગનું નિવારણ થાય છે. નારંગીની આમ્લતા પેટમાં ગયા પછી એમની એમ રહેવાને બદલે એનું ક્ષારદ્રવ્યમાં રૂપાંતર થાય છે. નારંગીમા સેંકડે ૪૦ ટકા જેટલા પ્રમાણમાં વિટામીન હોય છે.

લીંબુ, નારંગી, સંતરાં, પપનસ, ગ્રેપ ફ્રુટ વગેરે એક જ જાતનાં -ખાટામીઠા રસવાળાં-ફળો છે. પપનસને અંગ્રેજીમાં Pompelmous કહે છે. લીંબુમાં ઇટાલિયન લીંબુ નામની પણ એક જાત આવે છે. આ બધાં ફળ ખાટાં, ગળ્યાં કે ખાટાંમીઠાં હોય છે. ફેર માત્ર એટલો છે કે નારંગીની છાલ ફળને લાગેલી નથી હોતી, જ્યારે પપનસ, મોસંબી ને લીંબુની છાલ ફળને ચોટેલી હોય છે. આ બધાં ફળોમાં વિટામીન્સ, ખનીજ અને બીજા મહત્ત્વના પદાર્થો હોય છે, પણ બધા પદાર્થો કરતાં એમાં 'સી' વિટામીન વધારે હોય છે. ઉપરાંત એમાં રોગનિવારક અને રોગપ્રતિકારક દ્રવ્યો પણ હોય છે. નારંગીમાં વિટામીન બી૧ વધારે હોય છે એ એની વિશેષતા છે અને સંધિવા જેવા દરદમાં એ રામબાણ ગણાય છે. સાંધાનો દુખાવો, હાથપગમાં ચસકા આવવા, પેઢામાંથી લોહી નીકળવું વગેરે દરદોમાં પણ એનાથી ફાયદો થાય છે. નારંગીમાં ખનીજ ક્ષારો સૌથી વધારે હોય છે. ખનીજ ક્ષારો વડે આપણા શરીરની આમ્લતા ઓછી થાય છે.

નારંગીમાં સેંકડે લગભગ ૮૭ ટકા જેટલું પાણી હોય છે. એ બહુ જ સહેલાઇથી પચી જાય છે: લગભગ એક કલાકમાં એનો રસ શરીરમાં શોષાઇ જાય છે. થાકેલા ને માંદા માણસોને નારંગીનો રસ આપવાથી ઘણો ફાયદો થાય છે. રાત્રે સૂતી વખતે અને સવારે ઊઠયા પછી એક બે નારંગી ખાવાથી કબજિયાત થતી નથી.

નારંગીની સાથે ટમેટાંનો પણ ઉલ્લેખ કરવો જોઇએ. નારંગી ન મળી શકે ત્યારે એને બદલે ટમેટાં વાપરી શકાય, એવો ડાકટરોનો મત છે. પણ નારંગી કરતાં ટમેટાં જરા વધારે ખાવાં પડે છે. ટમેટાંમાં નારંગી કરતાં 'એ' વિટામીન ઘણું વધારે હોય છે, પણ 'સી' વિટામીન નારંગીના કરતાં અડધું હોય છે.

ખાટાં ફળોમાં 'સી' વિટામીન વધારે હોય છે. 'સી' વિટામીનના અભાવને લીધે રક્તક્ષય, મધુમેહ વગેરે દરદો થાય છે. એવા આ રોગ થએલા દરદીઓને ખાટાંમીઠાં ફળો ખાવાથી ફાયદો થાય છે. લીંબુ ખાવાથી તંદુરસ્તી સચવાઇ રહે છે અને રોગનિવારણ પણ

થાય છે. દાંત દુખતો હોય તો લીંબુની છાલ મોંમાં રાખવાથી મટી જાય છે. લીંબુનો રસ ખાવાથી જખમ જલદી રૂઝાઈ જાય છે, એવો મત કૅલિફૉર્નિયા વિદ્યાપીઠના ડૉ. લૉરેન્સ ફ્રેડરીકે પ્રગટ કર્યો છે. લીંબુની છાલ પણ બહુ જ ફાયદો કરે છે. સૂક્ષ્મ રક્તવાહિનીઓની સ્થિતિસ્થાપકતા જાળવી રાખવાના કામમાં લીંબુની છાલનો ઘણો ઉપયોગ થાય છે. સૂક્ષ્મ રક્તવાહિનીઓ જો બરડ થઇ જાય તો કોઈ વાર એ તૂટી જાય છે અને મગજ જેવા મહત્ત્વના અવયવમાં રક્તસ્રાવ થાય તો દરદી મરણ પામે છે. લીંબુ ખાવાથી લોહીનું દબાણ પણ ઓછું થાય છે. સધર્ન કૅલિફૉર્નિયા વિદ્યાપીઠની સ્કૂલ ઑફ મેડિસીનના ડૉ. સેસીલ અને ડૉ. વેબે તો લીંબુની છાલમાંથી એક જાતનું સત્ત્વ જુદું કાઢીને એનો દવા તરીકે ઉપયોગ કરવા માંડયો છે.

લીંબુના રસમાં સેંકડે ૬.૫ ટકા સાઇટ્રિક ઍસિડ અને સેંકડે ૩ ટકા પોટૅશ ને ફૉસ્ફરસ હોય છે. શરીરની ક્રિયા બરાબર ચાલે એટલા માટે ફૉસ્ફરસની બહુ જ જરૂર પડે છે. સાઇટ્રિક ઍસિડને લીધે પેટમાંના જંતુઓ મરણ પામે છે. લીંબુમાં 'સી' વિટામીન હોવાથી દાંતમાંથી લોહી નીકળવાના દરદ માટે તે બહુ જ ઉપયોગી ગણાય છે. લીંબુની ખટાશને લીધે આપણા શરીરની ખટાશમાં વધારો થશે એ માન્યતા ખોટી છે. ઉલટું, એને લીધે શરીરની ખટાશ ઓછી થાય છે કેમકે ખાટાંમીઠાં ફળો પેટમાં ગયા પછી એમની ખટાશ ક્ષારતાના રૂપમાં ફેરવાઈ જાય છે અને તેથી લોહીની આમ્લતા ઓછી થઈને શરીરની ક્ષારતામાં વધારો થાય છે એટલેકે લોહી શુદ્ધ બને છે.

(ચિત્રમય જગત)

દેડકાંનો લાભ

૧૯૩૩ની સાલમાં ૧૫૪ દેડકાંને વિમાન માર્ગે પૉર્ટો રિકોથી હવાઈ ટાપુઓ પર લાવવામાં આવ્યાં. દેડકાં જેવાં પ્રાણીને આ રીતે લાવવામાં આવ્યાની વાતથી ઘણાને નવાઇ લાગશે. પરંતુ હવાઇના શેરડીના વાવેતરને એ દેડકાંથી ઘણો લાભ થયો હતો.

શેરડીના વાવેતરને કેટલીક નુકસાનકારક જીવાતના ઉપદ્રવથી ઘણી જ હાનિ પહોંચતી હતી. એ જીવાત દૂર કરવા અનેક અખતરા કર્યા પછી ને અઢળક નાણું તથા મહેનત ખર્ચ્યા પછી અમેરિકામાં થતા ચોક્કસ પ્રકારના દેડકા (toad) આ ઉપદ્રવને દૂર કરવામાં બહુ જ ઉપયોગી છે એમ જણાયું.

આ નુકસાનકારક જીવાતને હાથેથી વીણી-વીણીને દૂર કરવાનું શક્ય ન હતું. વિમાનમાંથી રાસાયનિક દ્રવ્યો છાંટવામાં આવ્યાં છતાં જીવાતનો કાયમી નાશ ન થયો પરંતુ આ દેડકાંઓની ભુખાળવી વૃત્તિને લીધે, અને દેડકાંઓની વૃદ્ધિ પણ ઝડપથી થતી હોવાને કારણે, જીવાતનો જલદી નાશ થવા લાગ્યો અને પરિણામે શેરડીનાં મૂળ તથા સાંઠા ખવાઇ જતાં બચી ગયાં.

દેડકાંઓની માદાઓ વરસમાં ગમે તે વખતે પાણીનાં ખાબોચિયાંમાં ઇંડાં મૂકે છે કોઇકોઇવાર તો આવાં હજારો ઈંડાં એકસામટાં મૂકવામાં આવે છે. અઢી દિવસમાં તે ઇંડા ફૂટે છે ને તેમાંથી નીકળેલું બચ્ચું ૩૦ દિવસમાં તો સામાન્ય દેડકા જેવડું થઈ જાય છે તથા સ્વતંત્ર જીવન જીવવા માંડે છે.

સામાન્યરીતે દેડકું ગંદું ને સુસ્ત પ્રાણી દેખાય છે, પરંતુ ખરેખર તો તે બહુ જ ચપળ ને હોશિયાર હોય છે. એકાદ વાર દૂર ઊડતા જંતુને તે તરત પારખી શકે છે અને જંતુ નજીક આવતાં એકદમ જીભ બહાર કાઢી તેને ઝડપી લે છે. દેડકાની જીભ ચિકાશવાળી ને હોઠ સાથે જોડાએલી હોય છે. મોટું જીવડું પકડવામાં તે જીભનો ઉપયોગ ન કરતાં કુદકો મારી આગલા પગ વડે પકડીને ખાય છે.

નાનાં દેડકાં કીડી ખાઇને જીવે છે, પરંતુ દસેક દિવસનાં થયા પછી તે જુદાંજુદાં જંતુઓને ખાતાં થઈ જાય છે. સવા કે દોઢ વર્ષનો દેડકો (toad) અર્ધા ફૂટથી પણ લાંબો હોય છે અને એ ઉંમરે તેનો ખોરાક માત્ર જંતુઓ જ ન રહેતાં તીડ, ભમરા, કાનખજુરા, અળસિયાં, વીંછી વગેરે ઉપર પણ તે હાથ મારે છે.

મધમાખી પણ તેને ભાવતું ભોજન છે. કાનખજુરા, વીંછી, મધમાખી વગેરે મોઢામાં પેસતાં ડંખ મારે એ બનવાજોગ છે, પરંતુ દેડકાને મન એ ડંખ કાંઈ જ ગણતરીમાં નથી હોતા. ઉલટું આવા ચટકા ભરનારાં અને ડંખીલાં પ્રાણી તે લિજ્જતથી આરોગે છે!

દિવસે કે રાતે ગમે તે વખતે દેડકાં પોતાનો ખોરાક શોધે છે. કેટલીકવાર દિવસે તપાસ કરી રાખે કે અમુક સ્થળે સારો ખોરાક મળવાનો સંભવ છે, ને પછી રાત્રે એ સ્થાને દરોડો પાડે છે અને દિવસે પાછાં સ્વસ્થાને આવી પડયાંપડયાં રાતનું ખાધેલું પચાવે છે. જેમજેમ સંખ્યા વધતી જાય તેમતેમ તેમના વસવાટનું વર્તુળ વધતું જાય છે, અને નવાં સ્થાનોમાં વસવાટ કરવા પણ તે જાય છે.

તેમની વંશવૃદ્ધિ એટલી બધી ઝડપી હોય છે કે હવાઇમાં જીવતાં આવેલાં ૧૪૯ દેડકાં બે વર્ષમાં વધીને ૧,૦૩,૫૧૭ થયાં ને આસપાસના બીજા ટાપુઓમાં ફેલાઈ ગયાં. આ સમય દરમ્યાન તેમણે શેરડીને નુકસાન કરતી જીવાતનો જ નહિ, પરંતુ બીજી પણ અનેક નુકસાનકારક જીવાતનો નાશ કરવા માંડયો હતો.

હવાઈના શેરડી-કૃષિકાર-સંઘને આ દેડકાં લાવતાં બહુ નજીવો ખર્ચ થયો હતો, ને લાવ્યા પછી તો બિલકુલ ખર્ચ થયું ન હતું; પરંતુ આ દેડકાંઓએ હવાઇના શેરડી ઉદ્યોગનો નાશ થતો અટકાવ્યો.

(સૂચિત) વે.

રેડિયો માટે લાઈન-ફિલ્ટર

દોરાનાં ખાલી રીલ બે નંગ લઇ તે દરેક પર ૫૮ S. W. G. એનેમલ્ડ તાંબાના તારના ૨૦૦ આંટા વીંટો. હવે બન્ને રીલને એક લાકડાની દાંડી પર ઠોકીને બેસાડો. તે દાંડીને લાકડાના એક ખાલી ખોખામાં સ્ક્રૂ વડે ચિત્રમાં બતાવ્યા પ્રમાણે જડી લઇ બે નંગ ·૧ માઇક્રોફેરાડના કન્ડેન્સર એ ખોખામાં ફીટ કરો



(જુઓ ચિત્ર) કન્ડેન્સરોના પાસેપાસેના છેડાઓ તારથી જોડી દઇ ખોખાને એક ખૂણે જડેલ અર્થ-ટર્મિનલ સાથે જોડી દો. કન્ડેન્સરના દૂરદૂરના છેડાઓ સાથે, ઇલેક્ટ્રીક સપ્લાયના પ્લગના ફ્લેક્સીબલના છેડાઓ તેમજ દરેક રીલ પર વીંટેલ તારનો એક એક છેડો ચિત્રમાં બતાવ્યા પ્રમાણે જોડી દો. ખોખાની એક બાજુમાં જડેલ સૉકેટ સાથે રીલો પરના તારના બીજા છેડાઓ જોડી દો. આ સૉકેટમાં રેડિયોને પાવર આપવાનું પ્લગ લગાડજો. આ લાઇન-ફિલ્ટરથી સપ્લાય લાઈનમાંથી રેડીઓમાં આવતા કડાકાઓ (Disturbances) અટકી જશે. સપ્લાઇ લાઈનમાંના આ કડાકાઓ (Disturbances) પંખાઓ, ખરાબ સ્વિચો, કૉમ્યુટેટરવાળી મોટરો પર થતા સ્પાર્કસ વગેરેથી ઉત્પન્ન થાય છે અને સપ્લાય વાયરિંગ મારફત રેડિયોમાં પેસી ઘોંઘાટ કરે છે. આ લાઇન-ફીલ્ટર મૂકવાથી તે સપ્લાય લાઈનમાંથી રેડિયોમાં પેસી શકતા નથી.

(વીજળીની દુનિયા) —'સ્પાર્ક'

આ માસ ઈતિહાસમાં

માર્ચ

રોમનોએ પોતાના યુદ્ધદેવ 'માર્સ' (મંગળ)ના નામ ઉપરથી આ મહિનાનું નામ માર્શિયસ પાડેલું. મૂળ રોમન કૅલેન્ડરમાં આ માસથી જ વર્ષની શરૂઆત થતી અને ઇ. ૭૧૩માં ન્યૂમાએ જાન્યુઆરી તથા ફેબ્રુઆરી ઉમેર્યાં ત્યાં સુધી તેમ રહ્યું. જોકે તેનો પૂરો ને સાચો અમલ તો જુલિયસ સીઝરે ઇ. પૂર્વે ૪૬માં નવા સુધારાવધારા સાથેનું કૅલેન્ડર અમલમાં મુકાવ્યું ત્યારથી થયો. અને બીજા દેશોમાં તો એ ફેરફાર ઘણો જ મોડો–દોઢેક હજાર વર્ષે થયો: ફ્રાન્સમાં ઈ. ૧૫૬૪માં, સ્કૉટલૅન્ડમાં ઈ. ૧૫૯૯માં અને ઇંગ્લંડમાં તો છેક ઈ ૧૭૫૨માં !

તા. ૩ આ ઇલાકાના અંગ્રેજી પત્રકારત્વમાં અગ્રણી સ્થાન ધરાવનાર રાષ્ટ્રવાદી અંગ્રેજી દૈનિક 'બૉમ્બે ક્રૉનિકલ'નો, સર ફિરોઝશાહ મહેતાના આશ્રયે જન્મ થયો, ઇ. ૧૯૧૩.

તા. ૪ 'મહાત્મા ગાંધીજી તથા લૉર્ડ અર્વિને 'ગાંધી-અર્વિન કરાર' ના નામથી જાણીતા સંધિપત્ર પર સહીઓ કરી, ઇ. ૧૯૩૧.

તા. ૯ અંગ્રેજો સાથે કોલકરાર કરી ટીપુ સુલતાને અરધું મ્હૈસૂર રાજ્ય તેમને આપી દીધું, ઇ. ૧૭૯૨.

તા. ૧૪ આજે વિકસેલા સમાજવાદ, અને સામ્યવાદની વિચારણા આધુનિક જગતમાં સૌપહેલી રજૂ કરનાર, જર્મન ચિંતક કાર્લ માર્કસનું અવસાન, ૧૮૮૩.

તા. ૧૬ ઈ. ૧૮૯૮ની કૉંગ્રેસના પ્રમુખ સર વિલિયમ વેડરબર્નનો જન્મ–ઈ. ૧૮૩૮.

તા. ૨૪ કલ્પનાની ઉત્તેજના અને વિજ્ઞાનની ચમત્કૃતિથી ભરપૂર કુમારકથાઓ લખનાર ફ્રેન્ચ લેખક જુલે વર્નનું અવસાન, ઈ. ૧૯૦૫. જગતભરના કુમારવાચનમાં સ્થાન પામેલી એ અત્યંત રસપ્રદ વાર્તાઓમાં આજથી પોણોસો વર્ષ પર વર્ણવેલી વૈજ્ઞાનિક શક્યતાઓ આ યુગમાં લગભગ ખરી પડી છે.

તા. ૨૫ ૧૫૬૨ના ઑક્ટોબરમાં ઇંગ્લંડમાં શરૂ થએલો ગુલામોનો વહેપાર કાયદાથી નાબૂદ કરવામાં આવ્યો ઇ. ૧૮૦૭.

તા. ૨૮ પ્રાચીન ગુજરાતી સાહિત્યના અભ્યાસી ને સંશોધક, મુંબાઈના 'ગુજરાતી' સાપ્તાહિકના તંત્રીખાતામાં વર્ષો સુધી સેવા આપનાર અને 'સમાલોચક' ત્રૈમાસિક લાંબા કાળ સુધી ચલાવનાર અંબાલાલ બુલાખીરામ જાનીનું અવસાન, ઈ. ૧૯૪૨.



આ મહિનાની વ્યક્તિવિશેષ
સર જમશેદજી તાતા

હિંદની અનેક ઔદ્યોગિક બાજુઓ ખોલનાર તથા ખીલવનાર સર જમશેદજી નસરવાનજી તાતાનો જન્મ, ઈ. ૧૮૩૯ના માર્ચની ત્રીજી તારીખે નવસારીમાં થએલો. ૧૩ વર્ષની વયે ઈ. ૧૮૫૨માં તે મુંબાઈની ઍલ્ફિન્સ્ટન કૉલેજમાં ભણવા ગયા, ને છ વર્ષે ગ્રૅજ્યુએટ થઈ ૧૯ વર્ષના એ જુવાને વેપારની દુનિયામાં પગલાં માંડયાં.

પિતાને ચીન સાથે અફીણનો ધીકતો વેપાર હતો, તેમાં અનુભવ લેતાં ઉદ્યોગની અનેક શાખાઓ પર નજર ફેરવવા માંડી; અને પછી ચીન જઇ હૉંગકૉંગની પોતાની પેઢીમાં રહેરહે જાપાન, અમેરિકા ને યુરોપની ઔદ્યોગિક પરિસ્થિતિ તથા પ્રગતિનો અભ્યાસ કરતા રહ્યા. એ દરમ્યાન મનમાં એક જ આકાંક્ષા હતી: હિંદ એવી પ્રગતિને પંથે કેમ ચડે ?

એવામાં અમેરિકામાં આંતરવિગ્રહ શરૂ થયો, જેને લીધે ઇંગ્લંડની મીલોને મળતું અમેરિકાનું રૂ બંધ થયું અને હિંદના રૂની માંગ વધી પડી. જમશેદજીએ તરત તક પારખી ને સારું કમાયા. પરંતુ ચોથે વરસે અમેરિકન યુદ્ધ બંધ પડયું તે વેળા વેપાર ખૂબ વધારી દીધેલો હોવાથી ખમવું પણ પડયું. એવામાં ઇંગ્લંડ–ઍબિસીનિયા યુદ્ધ શરૂ થતાં અમુક લશ્કરી સામાનના કૉન્ટ્રાક્ટ એમને મળી ગયા ને તાતા કંપની પાછી સુદૃઢ બની ગઈ.

તાતા મુસાફરી ખૂબ કરતા. એકસામટાં બે વર્ષ તો હિંદમાં ભાગ્યે જ રહેતા. મુસાફરી દરમ્યાન બારીક અનલોકનો કર્યે રાખતા ને ઠેકઠેકાણે તરેહતરેહની પૂછપરછ કરી નવીનવી માહિતી મેળવ્યા જતા. ટ્રેનમાં કદિ વાંચતા નહિ, પણ ઔદ્યોગિક દૃષ્ટિથી નવાંનવાં સ્થાનોનું અવલોકન કર્યા કરતા.

આ પછી ઇંગ્લંડ જેવી સૂતર–કાપડની મિલ ઊભી કરવાના ઈરાદે વિલાયત જઇ તેનો બારીક અભ્યાસ કર્યો અને ઇ. ૧૮૭૭માં નાગપુરમાં આવી ત્યાંની વિખ્યાત 'ઍમ્પ્રેસ મિલ' સ્થાપી. ઇજિપ્તના રૂની વિશિષ્ટતા જોઇને તેનો અભ્યાસ કરી એમણે કપાસના વાવેતર વિષે એક ઉપયોગી પુસ્તક લખ્યું અને આજ હિંદના કપાસની ઉપજની પ્રગતિ મોટેભાગે તેની ઋણી છે. પછી તો તેમની ઔદ્યોગિક પ્રવૃત્તિનાં ક્ષેત્રો વધતાં જ ગયાં અને તે અઢળક ધન કમાયા. મુંબાઈ પાસે પશ્ચિમ ઘાટનું પાણી એકઠું કરી ઊભું કરેલું વીજળીનું જંગી કારખાનું અને મુંબાઈનું તાજમહાલ હૉટેલ એમનાં જ સ્થાપેલાં છે.

પણ જે વડે એમનું નામ દેશ–પરદેશની ઔદ્યોગિક દુનિયાની જીભને ટેરવે રમવા માંડયું અને જેણે એમના કીર્તિમંદિર ઉપર સુવર્ણકળશ ચડાવ્યો તે તો એમનું સ્થાપેલું જમશેદપુરનું લોખંડનું કારખાનું.

એ વિચાર તો ત્રીસ વરસથી એમના મનમાં ઘોળાયા કરતો હતો, પણ તેમાં આવતી નિષ્ફળતાઓ અનેક હતી. દેશમાં કાચી ધાતુ મળવાની આશંકા, સરકારી કાયદાનાં નડતર, જાણકાર નિષ્ણાતોની ખામી, વગેરે મુશ્કેલીઓ એવી હતી કે એમના જેવા શક્તિશાળી ને સંપત્તિવાન માણસને માટે પણ એ કપરું સાહસ હતું. પણ એ કશાથી નાસિપાસ થયા નહિ. પરંતુ વિધિનિર્માણ જુદું જ હતું. ૩૦ વરસની એમની તપશ્ચર્યા જ્યારે ફળતી લાગી ત્યારે અચાનક ઈ.૧૯૦૪ના મેની ૧૯મીએ જર્મનીમાં એમનો દેહાંત થયો.

જોકે એમનું આદર્યું અધૂરું તો રહ્યું જ નહિ. એમના પુત્રો સર દોરાબ તાતા અને રતન તાતાએ અંતે બધી મુશીબતો પાર કરીને ઇ. ૧૯૦૭ માં ૨૧ કરોડની પૂંજી વડે 'તાતા આયર્ન ઍન્ડ સ્ટીલ વર્કસ' સ્થાપ્યું અને ૧૯૦૮માં 'સાકચી'નું જંગલ કાપવું શરૂ કર્યું. આજે તો ત્યાં (હાવરાથી ૧૫૫ માઈલ પૂર્વે બંગાળ–નાગપુર રેલ્વે પર કાલીમાટી સ્ટેશન પાસે) વિરાટકાય જંગી કારખાનાંઓ અને તેમાં કામ કરતાં લગભગ અરધો લાખ માણસોથી ધમધમતું, સ્વચ્છ અને સુસંચાલિત તાતાનગર જમશેદપુર સોહી રહ્યું છે.

જેવી અઢળક કમાણી કરી, એવી બાદશાહી સખાવતો પણ એમણે કરી છે. એ સર્વમાં સરતાજ જેવી તે બૅંગલોરના વિખ્યાત 'સાયન્સ ઇન્સ્ટીટ્યૂટ' માટે આપેલી ૩૦ લાખની ભેટ. હિંદનું એ જાણીતું વિજ્ઞાન મંદિર આજે એમનો કીર્તિધ્વજ ફરકાવી રહ્યું છે.

હું સૃષ્ટિના અતલ સિંધુનું માત્ર બિંદુ
બિંદુ વિષે પણ પ્રસુપ્ત વિરાટ સિંધુ

રમણ સોની

'એકવખત એવો હતો કે મારા પગમાં જોડા નહોતા; તે બાબત દુઃખ પામતો હું રસ્તે જતો હતો, એવામાં મેં એક માણસ જોયો તો તેને પગજ નહોતા! તે જોઇ હું ખુદાનો અહેશાન માનવા લાગ્યો કે મારી હાલત તો વધુ સારી છે.' (શેખ સા'દી)

અનેકાર્થી શબ્દ: **સોડ**=પડખું, બાજુ; સાડીનો લાજ કાઢવામાં વપરાતો મોં આગળનો ભાગ; વાસ અથવા બો.

કહેવતોના અર્થ: 'પાઘડી ફેરવી બાંધ.'–કોઇ ઉતાવળા કાર્ય કે જેનાથી કાચું કપાઇ ગયું હોય તો તેને સુધારી લેવાનો ઈશારો કરવા માટે વપરાતા આ મર્મવચન પાછળ વાત છે કે એક વાર કલેક્ટર સાહેબનો ઘોડો નાસીને ગામ તરફ ગયો. તેને શોધવા નીકળેલા સિપાઈઓએ બજારમાં બેઠેલા વાણિયાને પૂછતાં તેણે જવાબ દીધો કે સામેને રસ્તે ઘોડો જતો પોતે જોએલો. એટલે સિપાઇએ તો વાણિયાને જ તે બતાવવા માટે પોતાની સાથે ઘસડવા માંડ્યો: આથી ગભરાએલા વાણિયાને પડોશના દુકાનદારે કહ્યું: 'પાઘડી ફેરવી બાંધ.' તેનો મર્મ પામી જઈ વાણિયાએ કહ્યુ કે 'જમાદાર સાહેબ, પણ મેં જે જનાવર જોયું, તેને બે શીંગડાં હતાં; તમારા ઘોડાને કેટલાં શીંગડાં હતાં?' આથી ચીડાઈ જમાદારે કહ્યું, 'હેવાન, ઘોડાને શીંગડાં કેવાં?એ તો બળદ હશે.' કહી સિપાઇ ચાલતો થયો. આપેલું વચન રદ કરવા કે ફરી બેસવા માટે પણ આ કહેવત વપરાય છે.

ઍંગ્લો-સૅક્સન કાયદામાં બધા જ માણસની કીમતનાણાંમાં ગણાતી! ખેડૂતની જિંદગીની કીમત ૨૦૦ શિલિંગ, ઉમરાવની જિંદગીની કીમત ૧૨૦૦ શિલિંગ અને રાજાની જિંદગીની કીમત ૭૨૦૦ શિલિંગ ગણાતી.



આ હસમુખા મિત્રને ઉલટાવીને જોશો તો સાવ ચડાવેલું દીવેલિયું ડાચું દેખાશે.

ઑઝોન એ વાદળી રંગનો ગૅસ છે અને બ્લીચિંગમાં વપરાય છે. એની વાસ લસણ અથવા ક્લોરીન જેવી આવે છે. ગરમ થતાં એનું રૂપાંતર ઑક્સિજનમાં થઇ જાય છે.

જગતમાં આજે રબરના ત્રીસ હજાર ઉપરાંત વિવિધ ઉપયોગો થાય છે.

દુનિયામાં ઝડપીમાં ઝડપી બોલાતી ભાષા ફ્રેન્ચ છે.

ચીનની ખરાબી કરનાર અફીણ ત્યાં સૌ પહેલું દાખલ કર્યું અરબોએ, ૧૨૮૦-૯૫માં. ચીનની નૈઋત્યે આવેલા શેચ્વાન, હુનાન અને ક્વાઇ ચાઉ પ્રાંતોમાં તે પાકે છે. પણ તેનું બંધાણ હિંદી અફીણ જેટલું આકરૂં નથી હોતું; છોડવા ધારીએ તો છૂટી શકે છે.

એકડિયા શીખતાં નાનાં બાળકો વારંવાર સ્લેટ ભાંગે છે. પણ પ્લાઇ વૂડને કાચકાગળથી ઘસી, કાળી શાહીથી રંગીને સ્લેટની ફ્રેમમાં બેસાડી દેવાથી તે ભાંગશે નહિ, એટલું જ નહિ પણ તેના પર ચાક વડે લખેલા મોટા ઉઠાવદાર આંકડા બાળકના નાના મગજમાં જલદી ઊતરી જશે.

ક્રિકેટની તૂટી ગએલી વિકેટની કુંડલી પોલજંપ કરવાના વાંસમાં કામ લાગશે.

પહેલવહેલું 'ટાઇમપીસ' ઘડીઆળ નુરેનબર્ગના પીટર હેનલિને શોધી કાઢ્યું હતું. હાલ તે ફિલાડેલફિયાના ફેરમાઉન્ટ પાર્કના મ્યૂઝિયમમાં છે. ફાધર ફ્રેડરિક પિસ્ટોરિયસે એ ઘડિયાળ માર્ટિન લ્યૂથરને ભેટ આપેલું જેનો સ્વીકાર કરતાં તેણે લખેલું: 'સમય સાચવનારી આવી ઉત્તમ વસ્તુની રચના સમજવા માટે આપણા વિજ્ઞાનીઓના શિષ્ય બનવાની મને ઈચ્છા થાય છે.'

દુનિયામાં સૌથી ઝડપીમાં ઝડપી ઊગતી વનસ્પતિ કોઈ હોય તો તે દક્ષિણમાં થતી 'Dictyophora Indusiata' નામની છે. બે કલાકમાં તો ચાર ઈંચનો એનો પુખ્ત છોડ ઊગી નીકળે છે

'આ લડાઇનો અંત ક્યારે આવશે ?'

'જ્યારે ફ્રેંકોની વિધવા, મરણપથારીએ પડેલા ટોજોને, મુસૉલિનીની સ્મશાનયાત્રા વખતે થએલા હિટલરના ખૂનના સમાચાર પહોંચાડશે ત્યારે.'




પોતાનાં પાપનાં પ્રાયશ્ચિત્ત અર્થે જાપાનના તીર્થસ્થાન નારાના બૌદ્ધધર્મીઓ આવીરીતે મોં ઢંકાય તેવી ટોપલીઓ માથે ઓઢી વાંસળી વગાડતા ફરે છે ને ભિક્ષા માગે છે.

યુનાઇટેડ સ્ટેટ્સમાં રેલવેનું પ્રમાણ બ્રિટનથી દસગણું, ફ્રાન્સથી છગણું, રશિયાથી પાંચગણું, જાપાનથી સાડાપાંચગણું, જર્મનીથી દોઢગણું, ઇટલીથી એકવીસગણું અને ચીનથી સાડત્રીસગણું છે.

દુનિયાના ૯૯ ટકા લોકો કપાસનો ઉપયોગ કરે છે.

ઇ. ૧૯૨૯માં બધા દેશો વચ્ચે થએલા કરાર મુજબ આંતરરાષ્ટ્રીય 'રેડ ક્રૉસ'ના સભ્યો બધા જ યુદ્ધકેદીઓની છાવણીઓની મુલાકાત લઇ શકે છે અને તેમની ખોરાકી, વૈદકીય તપાસ, મહેનતાણા વગેરેની તપાસ કરી શકે છે.



આ પટકોણમાંનું એકેએક વર્તુલ સંપૂર્ણરીતે સુગોળ છે. પણ પટકોણોની રેખાઓથી છેદાવાને લીધે ઉપજેલા દ્રષ્ટિભ્રમને કારણે તે બધાં બેડોળ લાગે છે !





ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ ડાબી બાજુથી:-'શ્રમજીવી'-શુકદેવ ભચેચ્ (અમદાવાદ) બીજું ઇનામ; 'શિંદની ગોળી'-રજનીકાન્ત પટેલ (આણંદ) ત્રીજું ઈનામ.

ટપાલની ટિકિટો પર વિવિધ દેશના શોધકો

પહેલી હાર: ડાબી બાજુથી-(૧) ન્યાસાની ટિકિટ પર વાસ્કો ડ ગામા; (૨) પોર્ચુગીઝ હિંદની ટિકિટ પર, લક્ષ્યસ્થાન દર્શાવતો વાસ્કો ડ ગામા; (૩) હૉન્ડુરાસની ટિકિટ પર, પહેલવહેલી એ ભૂમિ 'અમેરિકા' તરીકે ૧૪૯૨ના ઑક્ટોબરની ૭મી તારીખે શોધાઈ તેના સ્મારકનું પૂતળું; (૪) કૅનેડાની ટિકિટ પર, એ પ્રદેશના પ્રથમ શોધક જૅક્સ કાર્તિઅરનું કૅનેડા નજીક આવી પહોંચવું; (૫) યુનાઇટેડ સ્ટેટ્સ ઑવ અમેરિકાની ટિકિટ પર, ત્યાંના વિખ્યાત વિમાની ઍડમિરલ બાયર્ડે ઉત્તર તથા દક્ષિણ ધ્રુવ પર કરેલાં ઉડ્ડયનોના માર્ગનો નકશો. **બીજી હાર:** ડાબી બાજુથી-(૧) પોર્ચુગીઝ હિંદની ટિકિટ પર વાસ્કો ડ ગામા અને તેનું જહાજ સાન ગ્રૅબ્રિયલ જેમાં બેસી તેણે હિંદ શોધ્યું; તેની નીચે (૨) ન્યૂઝીલાંડની ટિકિટ પર, એ પ્રદેશનો શોધક (૧૬૪૨માં) ઍબેલ ટાસ્માન; વચ્ચેની મોટી (૩) સ્પેનની ટિકિટ પર કૉલમ્બસ તથા તેના બે ભાઇઓ માર્ટિન પ્રિન્ઝન અને વિન્સેન્ટ પ્રિન્ઝન; તેને પડખે ઉપર (૪) ફ્રાન્સની ટિકિટ પર કૅનેડાનો શોધક (ઈ. ૧૫૩૪માં) જૅક્સ કાર્તિઅર; તેની નીચે (૫) ન્યૂઝીલાંડની ટિકિટ પર એ પ્રદેશની પુનર્શોધ (ઈ. ૧૭૬૯માં) કરનાર કૅપ્ટન કૂક, તેનો આલેખેલો એ ટાપુનો નકશો તથા તેનું જહાજ 'એન્ડેવર'.